आज़ादी का अमृत महोत्सव

વર્ષ : ૬૧ ■ અંક : ૨૧-૨૨ ■ તા.૧-૧૧-૨૦૨૧

# ગુજરાત


ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

દીપોત્સવી વિશેષ

### ભારતમાં સૌથી ઝડપી દૈનિક રસીકરણ

## ભારતની ઐતિહાસિક સિદ્ધિ

## 100 કરોડ ઉપરાંતનું થયું રસીકરણ



# વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનને

## સફળ બનાવવામાં સહભાગી થવા બદલ
## રાજ્ય સરકાર તરફથી

# ગુજરાતની જનતાને હૃદયપૂર્વકના
# અભિનંદન



દેશમાં કુલ વેક્સિનેશનનો આંકડો

# ૧૦૦ કરોડને પાર

કોરોના સામેના જંગમાં

## કોવિડ વેક્સિનેશનમાં ભારતની
## અભૂતપૂર્વ સિદ્ધિ

ગુજરાત રાજ્ય
**૬.૭૫ કરોડથી**
વધુ વેક્સિનેશન સાથે
દેશમાં અગ્રેસર

ભારતના કુલ વેક્સિનેશનમાં
૬.૭૫%ના યોગદાન સાથે
ગુજરાત કોવિડ રસીકરણ
મહાઅભિયાનમાં અગ્રેસર

## કોઈપણ જાતની આડઅસર વિના
## સમગ્ર દેશમાં રસીના અપાયા ૧૦૦ કરોડ ડોઝ

શું તમે રસી લીધી છે કે હજુ કોઈ મૂંઝવણ છે ?

રસી લેવા અંગેના કોઈપણ પ્રશ્નોના નિરાકરણ માટે નજીકના સ્વાસ્થ્ય કેન્દ્રમાં આરોગ્યકર્મીનો સંપર્ક સાધો

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 21-22 ▪ Date 1-11-2021

**તંત્રી** : ડી. પી. દેસાઇ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઇ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**80 + 4 Cover = Total 84 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# આત્મનિર્ભર ગુજરાત, આત્મનિર્ભર ભારત માટે કટિબદ્ધ બનીએ...

આઓ, હમ ઈતને વિકાસ દીપ જલાયેં કી, હર તરફ ખુશીઓ કે ફૂલ ખીલે,
હર કોના ઈસ ધરતી કા, હમ સબ સાથ મિલ કર પ્રકાશમાન કરતે ચલે...

ભારતવર્ષમાં આદિઅનાદિ કાળથી પ્રકાશ અને પ્રગતિના સમન્વયના પ્રતીક સ્વરૂપે પ્રતિવર્ષ દીપોત્સવનું પર્વ ઉજવવામાં આવે છે. દીપકનો સીધો સંબંધ અગ્નિ સાથે છે. સનાતન સંસ્કૃતિમાં અગ્નિને પવિત્ર ગણવામાં આવે છે અને દરેક શુભકાર્યમાં આદરપૂર્વક તેનું સ્થાન રાખીને પૂજવામાં આવે છે. દીવાનો મૂળતઃ તાત્ત્વિક અર્થ અંધકારને દૂર કરી ઉજાશનું મહિમાગાન કરવાનો છે. દીપકની જ્યોતમાં પ્રકાશ, જ્ઞાન, સુખ, સમૃદ્ધિ, ઊર્જા અને સકારાત્મકતાનો દૈવી સંકેત હોય છે.

જેમ વેપારી દીપોત્સવી ટાણે વાર્ષિક નફા - નુકસાનનું સરવૈયું જોતા હોય છે, એ રીતે સૌ કોઈએ વર્ષ દરમિયાન કરેલાં કાર્યોનું સરવૈયું તપાસવાનું પર્વ એટલે દીપોત્સવી. આપણું ગુજરાત સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ત્રણેય ક્ષેત્રમાં સૌના સાથ અને સૌના વિકાસથી સદાય વિકાસની દિશામાં તેજ રફતારથી આગળ વધી રહ્યું છે. મુશ્કેલીઓ અને તકલીફોમાં માર્ગ કાઢીને પણ વિકાસની યાત્રાને આગળ ધપાવવા માટેના ગુજરાતીઓનાં ખમીર અને ઝમીરનો દેશ અને દુનિયાને સુપેરે પરિચય છે. ગુજરાત સહિત સમસ્ત વિશ્વ ઉપર કોરોના નામના અદૃશ્ય દુશ્મને તેનો વિકરાળ પંજો પ્રસરાવ્યો છે ત્યારે, ગુજરાતે આરોગ્ય વિષયક સેવાઓના વ્યાપને પણ ૩૬૦ ડિગ્રીએ વિસ્તાર્યો છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને લોકલાડીલા વડાપ્રધાન, ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ખૂણેખૂણાનો વિકાસ કરી વિકસિત

ગુજરાતના મજબૂત પાયા નાખીને ગુજરાતને ઉત્તમ 'મોડેલ સ્ટેટ' બનાવીને આપણને આપ્યું છે. આજે આપણે સૌ સહિયારા પ્રયાસથી આપણા ગુજરાતના વિકાસને વધુ બળવત્તર બનાવવા માટે પ્રયત્નશીલ છીએ.

મહિલા સશક્તીકરણની દિશામાં ગુજરાતને મક્કમતાથી આગળ ધપાવવાની આપણી નેમ છે. મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટેની પ્રતિબદ્ધતાની પ્રતીતિ સૌ કોઈને થઈ રહી છે. યુવાનો માટે રાજ્યમાં વિશ્વની સર્વોત્તમ યુનિવર્સિટીઝ દ્વારા યુવાનોના કૌશલ્ય નિર્માણનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. આદિવાસીઓ, વંચિતો, ગરીબો, શોષિતો અને પીડિતોને વિશ્વાસ છે કે તેમનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનો રિન્યૂએબલ એનર્જી પાર્ક, ભાવનગરમાં વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ, રીવરફ્રન્ટ પ્રોજેક્ટ, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન વગેરે વિકસીત ગુજરાતની છબી ઉજાગર કરે છે.

શાંતિ અને સલામતી વિકાસની ધરોહર છે. સલામત ગુજરાતમાં સામાજિક, આર્થિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક વિકાસ વધુ ગતિશીલ બન્યો છે. જગતના તાતની પડખે આ સરકાર સદા સર્વદા ઊભી રહી છે. સરકાર ખેડૂત બાંધવોના સામાજિક-આર્થિક ઉત્થાનની તથા તેમના સર્વાંગી વિકાસની વિશેષ સંભાળ લઈ રહી છે.

જનહિતલક્ષી વિકાસલક્ષી કાર્યોની અનુભૂતિ જન જનને થઈ રહી છે. ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને આપણે સૌ સાથે મળી વધુ વેગવંતી બનાવીએ અને રાજ્યના ખૂણે ખૂણામાં વિકાસનો દીપ પ્રગટાવીએ. આત્મનિર્ભર ગુજરાત, આત્મનિર્ભર ભારત માટે આપણે સહુ કટિબદ્ધ બનીએ...

તહેવારો ખુશી લઈને આવે છે. ખુશી જેટલી વહેંચાય એટલી વધે છે. દિવાળીના તહેવારમાં સકારાત્મકતાના દીપની જ્યોત ઝળહળે એ સાચી દિવાળી. આવો, આપણે સૌ આ દીપોત્સવના તહેવારમાં વિકાસની જ્યોત પ્રગટાવીએ, જેની આંખોમાં ઉદાસી હોય એમની આંખોમાં ખુશીઓની જ્યોત પ્રગટાવીને દિવાળી ઊજવીએ. વિક્રમ સંવત ૨૦૭૭ના દીપોત્સવની શુભકામનાઓ સાથે નવા વર્ષની મંગલમય શુભેચ્છાઓ...



આપનો સહૃદયી,

**ભૂપેન્દ્ર પટેલ**

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



# વિકાસદીપનો ઉજાશ ફેલાવીએ...

ઉત્સવો ઉમંગ અને ઉલ્લાસના છડીદાર છે. બધા તહેવારોમાં દીપાવલી તહેવારોનો રાજા છે. અંતરને અજવાળતું આ પર્વ એક સાથે પાંચ-પાંચ તહેવારગુચ્છ લઈને આવે છે. દીપાવલી શબ્દ 'દીપ' અને 'આવલી' એ બન્ને શબ્દોના સમન્વયથી બન્યો છે. દીપ એટલે દીવો અને આવલી એટલે હારમાળા અર્થાત્ દીપોની હારમાળા એટલે દીપાવલી. દિવાળીના ભૌતિક દીવડા મનમાં જ્ઞાનરૂપી દીપકનું ઉત્તમ પ્રતીક છે.

પ્રત્યેક ગુજરાત બાંધવો માટે દીપોત્સવ પ્રકાશપર્વની સાથોસાથ વિકાસપર્વ બની રહ્યું છે. વિકાસરૂપી દીપોની હારમાળા સર્જીને આગવી રીતે દીપાવલી પર્વ ઉજવીએ.

પ્રવર્તમાન વૈશ્વિક પ્રવાહોને પિછાણીને, આપણી શક્તિ અને ક્ષમતાનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી, ગુજરાત કોરોનામુક્ત અને સ્વસ્થ રાજય બને તેવા સંકલ્પ સાથે નૂતનવર્ષના દિવસે આપણે સૌ દીક્ષિત અને વિકસિત ગુજરાતના નિર્માણનો દૃઢ નિર્ધાર કરીએ. દીપાવલીની શુભેચ્છાઓ સાથે નૂતનવર્ષની શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત...

**અવંતિકા સિંઘ,** આઇ.એ.એસ.
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ






**16 કવર સ્ટોરી**
**ભારતની ઐતિહાસિક સિદ્ધિ 100 કરોડ ઉપરાંતનું થયું રસીકરણ**

**8 સંવાદ**
મન કી બાત

**12 સુવિધા**
ભાવનગરમાં ૧૦૮૮ આવાસોનું રાષ્ટ્રપતિશ્રીના હસ્તે લોકાર્પણ

**15 આયોજન**
સાબરમતી નદી પર બનશે હિરપૂરા બેરેજ

**20 જનકલ્યાણ**
સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સમાજની હોસ્ટેલનું ખાતમુહૂર્ત

**નારીશક્તિ**
26 મુખ્યમંત્રીશ્રી આવાસ પર નારીશક્તિની અભિવંદના

28 "સહી પોષણ દેશ રોશન" - નરેશ ચૌધરી

**29 ઉજાશ**
દિવ્યાંગ કિશને મળી શિક્ષણની પાંખ

**30 પગભર**
નવનિયુક્ત સુપરવાઇઝર - ઇન્સ્ટ્રક્ટર્સને નિમણૂક પત્રો

**32 સંભાળ**
રાજ્યના ભૂલકાંઓને ન્યુમોનિયા મગજના તાવ સામે આરોગ્ય સુરક્ષા

**34 સુરક્ષા**
ગુજરાત પોલીસ રડાર સ્પીડ ગન સાથે ઇન્ટરસેપ્ટર વાનથી સજ્જ

35 સોસાયટીઓમાં CCTV નેટવર્ક માટે પ્રોત્સાહક નીતિ ઘડાશે

36 હવે સાયબર ગુનાઓ સામે નાગરિકો જાગૃત...

**37 ટેક્નોલોજી**
ગુજરાતનો કેન્સર સામે લડવાનો મક્કમ નિર્ધાર - અમિતસિંહ ચૌહાણ

**38 આસપાસ**

**44 પ્રતિબદ્ધતા**
અમદાવાદના મણિપુર ગામથી "સેવા સેતુ"ના સાતમા તબક્કાનો શુભારંભ

**50 વિશેષ**

**53 સમાચાર વિશેષ**

**63 સાફલ્યગાથા**
લાડવેલની મહિલાઓએ આત્મસૂઝથી મેળવી આત્મનિર્ભરતા - જે.કે.રાવલ

**64 ગૌરવ**
રાજ્યના ચાર ઇન્સ્ટ્રક્ટરને કૌશલાચાર્ય એવોર્ડ - વિપુલ ચૌહાણ

**65 વિકાસગાથા**
સરદાર સરોવર યોજના - દિલીપ ગજ્જર

66 સુદૃઢ જળવ્યવસ્થાપન - જનક દેસાઈ

69 ઊર્જામાં અગ્રેસર ગુજરાત - ધવલ શાહ

70 રાજ્યની પરિવહન સેવા - નીરવ રાવલ

**72 જનસુખાકારી**
બોડેલીમાં બરોડા ડેરીનો મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ જનસમર્પિત

73 ઉચ્છલમાં નવનિર્મિત સરકારી વિનયન કોલેજનું ઈ-લોકાર્પણ

- પ્રધાનમંત્રી આયુષ્યમાન સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન

**74 જિલ્લા પ્રોફાઇલ**
ખમીરવંતું ખેડા - ઇલાબહેન વ્યાસ, દિવ્યેશ આચાર્ય

**80 રાહત પેકેજ**
ભારે વરસાદથી અસરગ્રસ્ત સૌરાષ્ટ્રના ખેડૂતો માટે રૂ. ૫૪૬ કરોડનું આર્થિક સહાય પેકેજ

**82 પ્રેરણા**
એક તબીબ... જે વતનપરસ્ત જવાનોની સેવાને પોતાનો ધર્મ સમજે છે - હિમાંશુ ઉપાધ્યાય


**વાચક મિત્રોને વિજ્ઞપ્તિ**

વાચક મિત્રોને દીપાવલીની શુભેચ્છાઓ...

નૂતન વર્ષાભિનંદન...

દીપોત્સવ અને નૂતન વર્ષના પર્વને અનુલક્ષીને આપના માનીતા અને વિશ્વસનીય પાક્ષિક 'ગુજરાત'નો તા. ૦૧-૧૧-૨૦૨૧નો અંક નંબર ૨૧ અને ૨૨ સંયુક્ત અંક સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જેથી આગામી તા. ૧૬-૧૧-૨૦૨૧નો અંક પ્રસિધ્ધ થશે નહીં. સુજ્ઞ વાચક મિત્રોએ નોંધ લેવા વિનંતી.

- કાર્યવાહક તંત્રી



# જ્ઞાનના દીપકથી સૌનાં હૃદયમાં નવોન્મેશની જ્યોત પ્રગટાવીએ...

સ્વયં પ્રકાશિત હોવું એ અજવાળાની લાક્ષણિકતા છે. ઉજાસનો સ્વભાવ એ તેનું આત્મનિર્ભરપણું છે, આથી જ જ્યારે પ્રકાશનો ઉત્સવ દીપોત્સવ ઉજવતા હોઈએ ત્યારે “આત્મ દીપો ભવ”નો ઉમદા વિચાર સહજ આ પ્રકાશપર્વ સાથે જોડાઈ જાય છે. ઉત્સવોની ઉજવણી દ્વારા સદીઓથી માનવી પોતાના અસ્તિત્વના સકારાત્મક પાસાને ઉજાગર કરતો આવ્યો છે.

કર્મનિષ્ઠાની પ્રબળ ઊર્જા સાથે જનસેવાના નક્કર સંકલ્પ દ્વારા ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસનો નવતર ચીલો ગુજરાતે કંડાર્યો છે. વિકાસને પોતાનો આગવો સ્વભાવ બનાવીને ગુજરાત સતત પ્રગતિના પથ સર કરતું રહ્યું છે. સાતત્યપૂર્ણ વિકાસની દિશામાં ગુજરાતે મક્કમ ડગ માંડ્યાં છે. ગુજરાત સહિત સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે. ગુજરાત વિકાસની નવી પરિભાષા, નવા ઉમંગ અને વિવિધ નવતર દૃષ્ટિકોણ સાથે આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા હરણફાળ ભરી રહ્યું છે.

દીપોત્સવ ટાણે ગુજરાતની સકારાત્મકતાના ઉત્સવને ઊજવીએ અને ગુજરાતના વિકાસમાં યોગદાન આપવા માટે સંકલ્પબદ્ધ બનીએ. મને વિશ્વાસ છે કે, પ્રસ્તુત દિવાળી વિશેષ અંકમાં પ્રસિધ્ધ થયેલી વિકાસલક્ષી માહિતી ઉપરાંત સાફલ્યગાથાઓ ગુજરાત પાક્ષિકના સુજ્ઞ વાચકોની વાંચનક્ષુધાને સંતોષ આપશે.

આવો, આપણે સૌ જ્ઞાનરૂપી દીપકથી સૌનાં હૃદયમાં નવોન્મેશની જ્યોત પ્રગટાવીએ. દીપોત્સવી પર્વની શુભેચ્છા સાથે નવું વર્ષ આપ સૌને ફળદાયી અને મંગલમય બની રહે તથા વિકાસની નવતર ચેતના પ્રગટાવે એવી અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ...

**ડી. પી. દેસાઇ,** આઇ.એ.એસ.
માહિતી નિયામક



# મન કી બાત

## ઓક્ટોબર 2021

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, તમને સહુને નમસ્કાર. કોટિ-કોટિ નમસ્કાર. હું કોટિ-કોટિ નમસ્કાર એટલા માટે પણ કહી રહ્યો છું કે સો કરોડ રસીના ડૉઝ પછી દેશ નવા ઉત્સાહ, નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યો છે. આપણા રસીકરણના કાર્યક્રમની સફળતા, ભારતના સામર્થ્યને દર્શાવે છે. સહુના પ્રયાસના મંત્રની શક્તિને દર્શાવે છે.

સાથીઓ, સો કરોડ રસી ડૉઝનો આંકડો બહુ મોટો જરૂર છે, પરંતુ તેમાં લાખો નાનાં - નાનાં પ્રેરક અને ગર્વથી ભરી દેનારા અનેક અનુભવ, અનેક ઉદાહરણ જોડાયેલાં છે. અનેક લોકો પત્ર લખીને મને પૂછી રહ્યા છે કે રસીકરણની શરૂઆત સાથે જ મને એ વિશ્વાસ થઈ ગયો હતો કે આ અભિયાનને આટલી મોટી સફળતા મળશે. મને આ દૃઢ વિશ્વાસ એટલા માટે હતો કારણ કે હું મારા દેશ, પોતાના દેશના લોકોની ક્ષમતાઓથી સારી રીતે પરિચિત છું. હું જાણતો હતો કે આપણા આરોગ્ય કર્મચારીઓ દેશવાસીઓના રસીકરણમાં કોઈ કસર નહીં છોડે. આપણા સ્વાસ્થ્ય કર્મચારીઓએ પોતાના અથાક પરિશ્રમ અને સંકલ્પથી એક નવું ઉદાહરણ પ્રસ્તુત કર્યું. તેમણે નવીનતાની સાથે પોતાના દૃઢ નિશ્ચયથી માનવતાની સેવાનો એક નવો માપદંડ સ્થાપિત કર્યો. તેમના વિશે અગણિત ઉદાહરણ છે, જે બતાવે છે કે તેમણે કઈ રીતે સઘળા પડકારોને પાર કરતા વધુમાં વધુ લોકોને સુરક્ષા કવચ પ્રદાન કર્યું. આપણે અનેક સમાચારપત્રોમાં વાંચ્યું છે, બહાર પણ સાંભળ્યું છે, આ કામ કરવા માટે આપણા આ લોકોએ કેટલી મહેનત કરી છે, એક-એકથી ચડિયાતાં અનેક પ્રેરક ઉદાહરણ આપણી સામે છે. હું આજે 'મન કી બાત'ના શ્રોતાઓને ઉત્તરાખંડના બાગેશ્વરનાં એક આવા જ એક મહિલા આરોગ્ય કર્મચારી પૂનમ નોટિયાલજી સાથે મેળવવા માગું છું. સાથીઓ, આ બાગેશ્વર ઉત્તરાખંડની એ ધરતી પર છે જે ઉત્તરાખંડે પહેલો ડૉઝ સો ટકા લગાવવાનું કામ પૂરું કરી દીધું છે. ઉત્તરાખંડ સરકાર પણ તેના માટે અભિનંદનને પાત્ર છે કારણ કે બહુ જ દુર્ગમ ક્ષેત્ર છે, કઠિન ક્ષેત્ર છે. આ જ રીતે, હિમાચલે પણ આવી કઠિન પરિસ્થિતિઓમાં સો ટકા ડૉઝનું કામ કરી લીધું છે. મને જણાવવામાં આવ્યું છે કે પૂનમજીએ પોતાના ક્ષેત્રના લોકોના રસીકરણ માટે દિવસ-રાત મહેનત કરી છે.

લાખો આરોગ્ય કર્મચારીઓના પરિશ્રમના કારણે જ ભારત સો કરોડ રસી ડૉઝનો મુકામ પાર કરી શક્યું છે. આજે હું માત્ર તમારો જ આભાર વ્યક્ત નથી કરી રહ્યો પરંતુ તે દરેક ભારતવાસીનો આભાર વ્યક્ત કરી રહ્યો છું જેણે બધાને રસી, મફત રસી અભિયાનને આટલી ઊંચાઈ આપી, સફળતા આપી.

તમને તમારા પરિવારને મારી ખૂબ ખૂબ શુભકામનાઓ.

મારા પ્રિય દેશવાસીઓ, તમે જાણો છો કે, રવિવારે 31 ઑક્ટોબરે, સરદાર પટેલજીની જયંતી છે. 'મન કી બાત'ના દરેક શ્રોતા તરફથી, મારા તરફથી, હું લોહપુરુષને નમન કરું છું. સાથીઓ, 31 ઑક્ટોબરને આપણે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ના રૂપમાં મનાવીએ છીએ. આપણા બધાની જવાબદારી છે કે આપણે એકતાનો સંદેશ આપનારી કોઈ ને કોઈ પ્રવૃત્તિ સાથે જરૂર જોડાઈએ. તમે જોયું હશે, તાજેતરમાં ગુજરાત પોલીસે કચ્છના લખપત કિલ્લાથી સ્ટેચ્યૂ ઑફ યૂનિટી સુધી બાઇક રેલી કાઢી છે. ત્રિપુરા પોલીસના જવાન તો એકતા દિવસ મનાવવા માટે ત્રિપુરાથી સ્ટેચ્યૂ ઑફ યૂનિટી સુધી બાઈક રેલી કરી રહ્યા છે. અર્થાત્, પૂર્વથી લઈને પશ્ચિમ સુધી દેશને જોડી રહ્યા છે. જમ્મુ-કાશ્મીર પોલીસના જવાન પણ ઉરીથી પઠાણકોટ સુધી આવી જ બાઇક રેલી કાઢીને દેશની એકતાનો સંદેશ આપી રહ્યા છે. હું આ બધા જવાનોને નમન કરું છું. જમ્મુ-કાશ્મીરના જ કુપવાડા જિલ્લાની અનેક બહેન વિશે પણ મને ખબર પડી છે. આ બહેનો કાશ્મીરમાં સેના અને સરકારી કાર્યાલયો માટે તિરંગો સીવવાનું કામ કરી રહી છે. આ કામ દેશભક્તિની ભાવનાથી ઓતપ્રોત છે. હું આ બહેનોના જુસ્સાની પ્રશંસા કરું છું. તમારે પણ ભારતની એકતા માટે, ભારતની શ્રેષ્ઠતા માટે કંઈ ને કંઈ જરૂર કરવું જોઈએ. જોજો, તમારા મનને કેટલી સંતુષ્ટિ મળે છે.

> **"લાખો આરોગ્ય કર્મચારીઓના પરિશ્રમના કારણે જ ભારત સો કરોડ રસી ડૉઝનો મુકામ પાર કરી શક્યું છે. આજે હું માત્ર તમારો જ આભાર વ્યક્ત નથી કરી રહ્યો પરંતુ તે દરેક ભારતવાસીનો આભાર વ્યક્ત કરી રહ્યો છું જે બધાને રસી, વિના મૂલ્યે રસી અભિયાનને આટલી ઊંચાઈ આપી, સફળતા આપી."**

સાથીઓ, સરદાર સાહેબ કહેતા હતા કે "આપણે પોતાના એકજુટ સાહસથી જ દેશને નવી મહાન ઊંચાઈઓ સુધી પહોંચાડી શકીએ છીએ. જો આપણામાં એકતા નહીં હોય તો આપણે પોતાને નવી-નવી વિપદાઓમાં ફસાવી દઈશું." અર્થાત્ રાષ્ટ્રીય એકતા છે તો ઊંચાઈ છે, વિકાસ છે. આપણે સરદાર પટેલજીના જીવનમાંથી તેમના વિચારોમાંથી ઘણું બધું શીખી શકીએ છીએ. દેશના માહિતી અને પ્રસારણ મંત્રાલયે પણ તાજેતરમાં જ સરદાર સાહેબ પર એક ચિત્રાત્મક જીવનકથા પ્રકાશિત કરી છે. હું ઇચ્છીશ કે આપણે બધા યુવા સાથીઓ તેને જરૂર વાંચીએ. તેનાથી તમને રસપ્રદ અંદાજમાં સરદાર સાહેબ વિશે જાણવાનો અવસર મળશે.

પ્રિય દેશવાસીઓ, જીવન નિરંતર પ્રગતિ ઇચ્છે છે, વિકાસ ઇચ્છે છે, ઊંચાઈઓ પાર કરવા માગે છે. વિજ્ઞાન ભલે જ આગળ વધી જાય, પ્રગતિની ગતિ કેટલી પણ ઝડપી કેમ ન હોય, ભવન કેટલાં ભવ્ય કેમ ન બની જાય, પરંતુ તેમ છતાં જીવનમાં અધૂરપ અનુભવાય છે. પરંતુ તેમાં ગીત-સંગીત, કલા, નાટ્ય-નૃત્ય, સાહિત્ય જોડાઇ જાય તો તેની આભા, તેની જીવંતતા અનેક ગણી વધી જાય છે. એક રીતે જીવનને સાર્થક બનાવવું હોય તો આ બધું હોવું પણ એટલું જ જરૂરી બની જાય છે. તેથી જ કહેવાય છે કે આ બધી બાબતો આપણા જીવનમાં એક ઉદ્દીપકનું કામ કરે છે, આપણી ઊર્જા વધારવાનું કામ કરે છે. માનવ મનના અંતર્મનને વિકસિત કરવામાં, આપણા અંતર્મનની યાત્રાનો માર્ગ બનાવવામાં પણ ગીત-સંગીત અને વિભિન્ન કલાઓની મોટી ભૂમિકા હોય છે અને તેની એક મોટી તાકાત એ હોય છે કે તેમને ન સમય બાંધી શકે છે, ન સીમા બાંધી શકે છે અને ન તો મત-મતાંતર બાંધી શકે છે.

અમૃત મહોત્સવમાં પણ પોતાની કલા, સંસ્કૃતિ, ગીત, સંગીતના રંગ અવશ્ય ભરવા જોઈએ. મને પણ તમારા તરફથી અમૃત મહોત્સવ અને ગીત-સંગીત-કલાની આ તાકાત સાથે જોડાયેલાં અનેક સૂચનો મળી રહ્યાં છે. આ સુઝાવ મારા માટે ખૂબ જ મૂલ્યવાન છે. મેં તેમને સંસ્કૃતિ મંત્રાલયને અભ્યાસ માટે મોકલ્યાં હતાં. મને આનંદ છે કે મંત્રાલયે આટલા ઓછા સમયમાં આ સૂચનોને ઘણી ગંભીરતાથી લીધાં અને તેના પર કામ પણ કર્યું. તેમાંથી જ એક સૂચન છે, દેશભક્તિનાં ગીતો સાથે જોડાયેલી સ્પર્ધા. સ્વતંત્રતાની લડાઈમાં અલગ-અલગ ભાષા, બોલીમાં દેશભક્તિનાં ગીતો અને ભજનોએ સમગ્ર દેશને એક કર્યો હતો. હવે અમૃતકાળમાં, આપણા યુવાનો, દેશભક્તિનું આવું જ ગીત લખીને, આ આયોજનમાં વધુ ઊર્જા ભરી શકે છે. દેશભક્તિનાં આ ગીતો માતૃભાષામાં હોઈ શકે છે, રાષ્ટ્રભાષામાં હોઈ શકે છે અને અંગ્રેજીમાં પણ લખી શકાય છે. પરંતુ એ જરૂરી છે કે આ રચનાઓ નવા ભારતની નવી વિચારસરણીવાળી હોય, દેશની વર્તમાન સફળતામાંથી પ્રેરણા લઈને ભવિષ્ય માટે દેશને સંકલ્પિત કરનારી હોય. સંસ્કૃતિ મંત્રાલયની તૈયારી તાલુકા સ્તરથી રાષ્ટ્રીય સ્તર સુધી તેની સાથે જોડાયેલી સ્પર્ધા કરાવવાની છે.

સાથીઓ, આ જ રીતે 'મન કી બાત'ના એક શ્રોતાએ સૂચન કર્યું છે કે અમૃત મહોત્સવને રંગોળી કલા સાથે પણ જોડવો જોઈએ. આપણે ત્યાં રંગોળીના માધ્યમથી તહેવારોમાં રંગ ભરવાની પરંપરા તો સદીઓની છે. રંગોળીમાં દેશની વિવિધતાનાં દર્શન થાય છે. અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ નામોથી અલગ-અલગ વિચાર પર રંગોળી બનાવાય છે. આથી, સંસ્કૃતિ મંત્રાલય તેની સાથે જોડાયેલી એક રાષ્ટ્રીય સ્પર્ધા કરાવવા જઈ રહ્યું છે. તમે કલ્પના કરો, જ્યારે સ્વતંત્રતા આંદોલન સાથે જોડાયેલી

રંગોળી બનશે તો લોકો પોતાનાં દ્વાર પર, દીવાલ પર કોઈ સ્વતંત્રતાના સૈનિકનું ચિત્ર બનાવશે, સ્વતંત્રતાની કોઈ ઘટનાને રંગોથી દર્શાવશે, તો અમૃત મહોત્સવનો પણ રંગ વધુ વધી જશે.

સાથીઓ, એક પ્રથા આપણે ત્યાં હાલરડાંની પણ છે. આપણે ત્યાં હાલરડાં દ્વારા નાનાં બાળકોને સંસ્કાર આપવામાં આવે છે, સંસ્કૃતિ સાથે તેમનો પરિચય કરાવવામાં આવે છે. હાલરડાંની પણ પોતાની વિવિધતા છે. તો શા માટે આપણે, અમૃતકાળમાં, આ કલાને પણ પુનર્જીવિત કરીએ અને દેશભક્તિ સાથે જોડાયેલાં આવાં હાલરડાં લખીએ, કવિતાઓ, ગીત, કંઈ ને કંઈ જરૂર લખીએ જે ખૂબ સરળતાથી, દરેક ઘરમાં માતાઓ પોતાનાં નાનાં-નાનાં બાળકોને સંભળાવી શકે. આ હાલરડાંમાં આધુનિક ભારતનો સંદર્ભ હોય, 21મી સદીના ભારતનાં સપનાંનું દર્શન હોય. તમારા બધા શ્રોતાઓનાં સૂચનો પછી મંત્રાલયે તેની સાથે જોડાયેલી સ્પર્ધા પણ કરાવવાનો નિર્ણય કર્યો છે.

સાથીઓ, આ ત્રણેય સ્પર્ધા 31 ઑક્ટોબરે સરદાર સાહેબની જયંતીથી શરૂ થવા જઈ રહી છે. આવનારા દિવસોમાં સંસ્કૃતિ મંત્રાલય તેની સાથે જોડાયેલી બધી જાણકારી આપશે. આ જાણકારી મંત્રાલયની વેબસાઇટ પર પણ રહેશે અને સોશિયલ મીડિયા પર પણ આપવામાં આવશે. હું ઇચ્છીશ કે તમે બધાં તેની સાથે જોડાઓ. આપણા યુવા-સાથી જરૂર તેમાં પોતાની કલાનું, પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરે. તેનાથી તમારા વિસ્તારની કલા અને સંસ્કૃતિ પણ દેશના ખૂણે-ખૂણા સુધી પહોંચશે, તમારી વાતો સમગ્ર દેશ સાંભળશે.

પ્રિય દેશવાસીઓ, આ સમય આપણે અમૃત મહોત્સવમાં દેશના વીર પુત્રો-પુત્રીઓને તે મહાન પુણ્યાત્માઓને યાદ કરી રહ્યા છીએ, આગામી મહિને 15 નવેમ્બરે આપણા દેશના આવા જ મહાપુરુષ વીર યૌદ્ધા, ભગવાન બિરસા મુંડાજીની જયંતી પણ આવનારી છે. ભગવાન બિરસા મુંડાને 'ધરતી આબા' પણ કહેવાય છે. શું તમે જાણો છો કે તેનો અર્થ શું થાય છે? તેનો અર્થ છે ધરતી પિતા. ભગવાન બિરસા મુંડાએ જે રીતે પોતાની સંસ્કૃતિ, પોતાના જંગલ, પોતાની જમીનની રક્ષા માટે સંઘર્ષ કર્યો, તે ધરતી આબા જ કરી શકે. તેમણે આપણને પોતાની સંસ્કૃતિ અને મૂળ પ્રત્યે ગર્વ કરવાનું શિખવાડ્યું. વિદેશી શાસને તેમને અનેક ધમકીઓ આપી, ભારે દબાણ કર્યું, પરંતુ તેમણે આદિવાસી સંસ્કૃતિને છોડી નહીં. પ્રકૃતિ અને પર્યાવરણને જો આપણે પ્રેમ કરવાનું શીખવું હોય તો તે માટે પણ ધરતી આબા ભગવાન બિરસા મુંડા આપણા માટે બહુ મોટી પ્રેરણા છે.

મારા પ્રિય દેશવાસીઓ, 24 ઑક્ટોબરે, UN Day અર્થાત્ સંયુક્ત રાષ્ટ્ર દિવસ મનાવાય છે. આ એ દિવસ છે જ્યારે સંયુક્ત રાષ્ટ્રની રચના થઈ હતી, સંયુક્ત રાષ્ટ્રની સ્થાપનાના સમયથી જ ભારત તેની સાથે જોડાયેલું રહ્યું છે. શું તમે જાણો છો કે ભારતની સ્વતંત્રતા પહેલાં 1945માં જ સંયુક્ત રાષ્ટ્રના ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા? સંયુક્ત રાષ્ટ્રથી જોડાયેલું એક અનોખું પાસું એ છે કે સંયુક્ત રાષ્ટ્રનો પ્રભાવ અને તેની શક્તિ વધારવામાં, ભારતની નારી શક્તિએ મોટી ભૂમિકા નિભાવી છે. 1947-48માં જ્યારે સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા તૈયાર થઈ રહી હતી તો તે ઘોષણા પત્રમાં લખાતું હતું, પરંતુ ભારતના એ પ્રતિનિધિએ આ અંગે આપત્તિ વ્યક્ત કરી ત્યારબાદ વૈશ્વિક ઘોષણામાં લખવામાં આવ્યું કે "All men are created equal" આ વાત લૈંગિક સમાનતાની ભારતની સદીઓ જૂની પરંપરાને અનુરૂપ હતી. શું તમે જાણો છો કે શ્રીમતી હંસા મહેતા તેમાં પ્રતિનિધિ હતાં જેમના કારણે તે સંભવ થઈ શક્યું, તે દરમિયાન એક અન્ય પ્રતિનિધિ શ્રીમતી લક્ષ્મી મેનને લૈંગિક સમાનતાના મુદ્દા પર જોરદાર રીતે પોતાની વાત મૂકી હતી. એટલું જ નહીં, 1953માં શ્રીમતી વિજયા લક્ષ્મી પંડિત, સંયુક્ત રાષ્ટ્રની મહાસભાનાં પહેલાં મહિલા પ્રમુખ પણ બન્યાં હતાં.

સાથીઓ, આપણે એ ભૂમિના લોકો છીએ જે આ વિશ્વાસ કરે છે, જેઓ આ પ્રાર્થના કરે છે:

ॐ द्यौ: शान्तिरन्तरिक्षं शान्ति:,
पृथ्वी शान्तिराप: शान्तिरोषधय: शान्ति: ।
वनस्पतय: शान्तिर्विश्वे देवा: शान्तिर्ब्रह्म शान्ति:,
सर्वशान्ति: शान्तिरेव शान्ति:, सा मा शान्तिरेधि ॥
ॐ शान्ति: शान्ति: शान्ति: ॥

ભારતે સદૈવ વિશ્વશાંતિ માટે કામ કર્યું છે. આપણને એ વાતનો ગર્વ છે કે ભારત 1950ના દાયકાથી સતત સંયુક્ત રાષ્ટ્ર શાંતિ મિશનનો હિસ્સો રહ્યું છે. ગરીબી હટાવવા, આબોહવા પરિવર્તન અને શ્રમજીવીઓ સાથે સંબંધિત મુદ્દાઓના સમાધાનમાં પણ ભારત અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. તે ઉપરાંત યોગ અને આયુષને લોકપ્રિય બનાવવા માટે ભારત 'WHO' અર્થાત્ વિશ્વ આરોગ્ય સંસ્થાની સાથે મળીને કામ કરી રહ્યું છે. માર્ચ 2021માં WHOએ ઘોષણા કરી હતી કે ભારતમાં પારંપરિક ચિકિત્સા માટે એક વૈશ્વિક કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે.

સાથીઓ, સંયુક્ત રાષ્ટ્રના વિશે વાત કરતા આજે મને અટલજીના શબ્દો પણ યાદ આવી રહ્યા છે. 1977માં તેમણે સંયુક્ત રાષ્ટ્રને હિન્દીમાં સંબોધિત કરીને ઇતિહાસ રચી દીધો હતો.

મારા પ્રિય દેશવાસીઓ, 21 ઑક્ટોબરે આપણે પોલીસ સ્મૃતિ દિવસ મનાવ્યો છે. પોલીસના જે સાથીઓએ દેશની સેવામાં પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા છે તે દિવસે આપણે તેમને વિશેષ રીતે યાદ કરીએ છીએ. હું આજે આપણા આ પોલીસ કર્મચારીઓની સાથે તેમના પરિવારોને પણ યાદ કરવા ઇચ્છું છું.

મારા પ્રિય દેશવાસીઓ, વીતેલાં કેટલાંક વર્ષોમાં આપણા

દેશમાં આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ જે ઝડપે વધી રહ્યો છે, તેના પર ઘણી વાર મને 'મન કી બાત'ના શ્રોતાઓ પોતાની વાતો લખતા રહે છે. આજે હું આવા જ એક વિષયની ચર્ચા તમારી સાથે કરવા માગું છું, જે આપણા દેશ, વિશેષ તો આપણા યુવાનો અને નાનાં-નાનાં બાળકો સુધીનાની કલ્પનાઓમાં છવાયેલો છે. આ વિષય છે ડ્રૉનનો, ડ્રૉનની ટૅક્નૉલૉજીનો. કેટલાંક વર્ષો પહેલાં સુધી જ્યારે ક્યાંક ડ્રૉનનું નામ આવતું હતું તો લોકોના મનમાં પહેલો વિચાર શું આવતો હતો? સેનાનો, હથિયારોનો, યુદ્ધનો. પરંતુ આજે આપણે ત્યાં કોઈ લગ્ન જાન હોય કે કાર્યક્રમ થાય છે તો આપણે ડ્રૉનથી ફૉટો અને વીડિયો બનાવતા જોઈએ છીએ. ડ્રૉનનો પરિઘ, તેની તાકાત માત્ર આટલી જ નથી. ભારત દુનિયાના એ પહેલા દેશોમાંથી છે જે ડ્રૉનની મદદથી જમીનનો ડિજિટલ રેકૉર્ડ તૈયાર કરી રહ્યું છે.

ભારત ડ્રૉનનો ઉપયોગ પરિવહન માટે કરવા પર બહુ વ્યાપક રીતે કામ કરી રહ્યું છે. પછી તે ગામમાં ખેતીવાડી હોય કે ઘર પર સામાનની ડિલિવરી હોય. સંકટના સમયે મદદ પહોંચાડવાની હોય કે કાયદો વ્યવસ્થા પર નજર રાખવાની હોય. એ હવે બહુ દૂરની વાત નથી કે આપણે જોઈશું કે ડ્રૉન આપણી આ બધી જરૂરિયાતો માટે હાજર હશે. તેમાંથી મોટા ભાગની તો શરૂઆત થઈ ચૂકી છે. જેમ કે કેટલાક દિવસો પહેલાં ગુજરાતના ભાવનગરમાં ડ્રૉન મારફત ખેતરોમાં નેનો યૂરિયાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. કૉવિડ રસી અભિયાનમાં પણ ડ્રૉન પોતાની ભૂમિકા નિભાવી રહ્યાં છે. તેની એક તસવીર આપણને મણિપુરમાં જોવા મળી હતી. ત્યાં એક દ્વીપ પર ડ્રૉનથી રસી પહોંચાડવામાં આવી હતી. તેલંગાણામાં પણ ડ્રૉનથી રસી પહોંચાડવા માટે પરીક્ષણ થઈ ચૂક્યું છે. એટલું જ નહીં, હવે આંતરમાળખામાં અનેક મોટા પ્રૉજેક્ટ પર નજર રાખવા માટે ડ્રૉનનો ઉપયોગ થઈ રહ્યો છે. મેં એક એવા યુવાન વિદ્યાર્થી વિશે પણ વાંચ્યું છે જેણે પોતાના ડ્રૉનની મદદથી માછીમારોનું જીવન બચાવવાનું કામ કર્યું છે.

સાથીઓ, પહેલાં આ ક્ષેત્રમાં એટલા નિયમો, કાયદાઓ અને પ્રતિબંધ લગાવીને રખાયા હતા કે ડ્રૉનની સાચી ક્ષમતાનો ઉપયોગ પણ સંભવ નહોતો. જે ટૅક્નૉલૉજીને અવસર તરીકે જોવો જોઈતો હતો, તેને સંકટ તરીકે જોવામાં આવ્યો. જો તમારે કોઈ પણ કામ માટે ડ્રૉન ઉડાડવું હોય તો લાઈસન્સ અને પરમિશનની એટલી ઝંઝટ રહેતી હતી કે લોકો ડ્રૉનના નામથી જ કાન પકડી લેતા હતા. આપણે નક્કી કર્યું કે આ માનસિકતાને બદલવી જોઈએ અને નવા વલણને અપનાવવું જોઈએ. આથી આ વર્ષે 25 ઑગસ્ટે દેશ એક નવી ડ્રૉન નીતિ લઈને આવ્યો.

મારા પ્રિય દેશવાસીઓ, ઉત્તર પ્રદેશના મેરઠથી 'મન કી બાત'નાં એક શ્રોતા શ્રીમતી પ્રભા શુક્લએ મને સ્વચ્છતા સાથે જોડાયેલો એક પત્ર મોકલ્યો છે. તેમણે લખ્યું છે કે "ભારતમાં તહેવારો પર આપણે બધાં સ્વચ્છતાને ઉજવીએ છીએ. તે જ રીતે જો આપણે સ્વચ્છતાને પ્રત્યેક દિવસની ટેવ બનાવી લઈએ તો સમગ્ર દેશ સ્વચ્છ થઈ જશે." મને પ્રભાજીની વાત ઘણી પસંદ આવી. ખરેખર, જ્યાં સફાઈ છે, ત્યાં સ્વાસ્થ્ય છે, જ્યાં સ્વાસ્થ્ય છે, ત્યાં સામર્થ્ય છે અને જ્યાં સામર્થ્ય છે, ત્યાં સમૃદ્ધિ છે. આથી જ તો દેશ સ્વચ્છ ભારત અભિયાન પર આટલું જોર દઈ રહ્યો છે.

સાથીઓ, ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના રામવીર તંવરજીને લોકો 'પૉન્ડ મેન' નામથી જાણે છે. રામવીરજી તો મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા પછી નોકરી કરી રહ્યા હતા. પરંતુ તેમના મનમાં સ્વચ્છતાની એવી ધૂન જાગી કે તેઓ નોકરી છોડીને તળાવોની સફાઈમાં લાગી ગયા. રામવીરજી અત્યાર સુધી અનેક તળાવોની સફાઈ કરીને તેમને પુનર્જીવિત કરી ચૂક્યા છે.

મારા પ્રિય દેશવાસીઓ, ઑક્ટોબરનો પૂરો મહિનો જ તહેવારોના રંગમાં રંગાયેલો રહે છે અને થોડા દિવસો પછી દિવાળી તો આવી જ રહી છે. દિવાળી, તે પછી ગોવર્ધન પૂજા, પછી ભાઈ બીજ, આ ત્રણ તહેવાર તો હશે જ, સાથે છઠ પૂજા પણ હશે. નવેમ્બરમાં જ ગુરુ નાનક દેવજીની જંયતી પણ છે. આટલા તહેવાર એક સાથે હોય તો તેની તૈયારીઓ પણ ઘણા સમય પહેલાં જ શરૂ થઈ જાય છે. તમે બધાં પણ અત્યારથી ખરીદીની યોજના કરવા લાગ્યા હશો, પરંતુ તમને યાદ છે ને કે ખરીદી અર્થાત્ લોકલ ફોર વોકલ. તમે લૉકલ ખરીદશો તો તમારો તહેવાર પણ ઉજળો થશે અને કોઈ ગરીબ ભાઈ-બહેન, કોઈ કારીગરના ઘરમાં પણ પ્રકાશ આવશે. મને પૂરો ભરોસો છેકે જે અભિયાન આપણે બધાંએ મળીને શરૂ કર્યું છે, આ વખતે તહેવારોમાં તે વધુ મજબૂત થશે. તમે તમારે ત્યાંનાં જે સ્થાનિક ઉત્પાદનો ખરીદો, તેના વિશે સૉશિયલ મિડિયા પર લખો. પોતાની સાથેના લોકોને પણ જણાવો. આગલા મહિને આપણે ફરી મળીશું તો ફરી આવા જ અનેક વિષયો પર વાત કરીશું.

તમારા સહુનો ખૂબ ખૂબ ધન્યવાદ. નમસ્કાર. ●

> **"ભારતે સદૈવ વિશ્વશાંતિ માટે કામ કર્યું છે. આપણને એ વાતનો ગર્વ છે કે ભારત 1950ના દાયકાથી સતત સંયુક્ત રાષ્ટ્ર શાંતિ મિશનનો હિસ્સો રહ્યું છે. ગરીબી હટાવવા, આબોહવા પરિવર્તન અને શ્રમજીવીઓ સાથે સંબંધિત મુદ્દાઓના સમાધાનમાં પણ ભારત અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે."**



# ભાવનગરમાં નવનિર્મિત ૧૦૮૮ આવાસોનું રાષ્ટ્રપતિશ્રીના હસ્તે લોકાર્પણ

માનવીને લોકોને જીવન નિર્વાહ માટે રોટી, કપડા અને મકાનની જરૂરીયાત રહે છે. દરેક વ્યક્તિ ઈચ્છતો હોય છે કે, પોતાનું ઘરનું ઘર હોય. આવા લોકોના સ્વપ્ન પૂર્ણ કરવાનું બીડુ ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝડપ્યુ છે. દેશના તમામ પરિવારોને વર્ષ 2022 સુધીમાં પાકા સુવિધાસભર આવાસ મળી રહે તે માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કાર્ય થઈ રહ્યુ છે. વડાપ્રધાનશ્રીના લક્ષ્યાંકને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર સમગ્ર દેશમાં નમુનેદાર કાર્ય કરી રહી છે.

ભાવનગર ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અંતર્ગત રૂ. ૫૮.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત ૧૦૮૮-ઈ.ડબલ્યુ.એસ -1 આવાસોનું ગુજરાતના પ્રવાસે પધારેલા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે લોકાર્પણ કર્યું હતું. આ અવસરે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ સહભાગી થયા હતા.

ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં PMAYના આ નવનિર્મિત આવાસોના લોકાર્પણ પ્રસંગે રાષ્ટ્રપતિશ્રીએ દિવાળીના પર્વ પૂર્વે ગૃહ પ્રવેશ કરી રહેલા લાભાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. રાષ્ટ્રપતિશ્રીએ પ્રતિકરૂપે લાભાર્થીઓને આવાસની ચાવી અર્પણ કરી હતી. આ પ્રસંગે દિવાળી પૂર્વે ઘરનું ઘર મળતા લાભાર્થીઓમાં મંગલ ગૃહ-પ્રવેશનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

રાષ્ટ્રપતિશ્રીએ પી.એન.જી. પાઈપ લાઈન સહિતની અત્યાધુનિક આવાસી સુવિધાઓ વિષે જાણી તેની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિશ્રીએ ગુજરાતમાં PMAY સહિતના હાઉસિંગ પ્રોજેક્ટ ક્ષેત્રની પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮.૨૪ લાખ જેટલા આવાસ મંજુર કરવામાં આવ્યા છે. જે પૈકી ૫.૫૩ લાખ જેટલા આવાસની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને બાકી રહેલા આવાસોની કામગીરી વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે તેમ આ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું. હાઉસીંગ કમિશનર શ્રી લોચન શહેરા અને ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી એમ.એ. ગાંધીએ રાષ્ટ્રપતિશ્રીને એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટની રૂપરેખા આપી હતી.

રાષ્ટ્રપતિશ્રીએ નવનિર્મિત આવાસ-યોજનાની તકતીનું અનાવરણ અને આવાસ બ્લોક ખાતે રિબિન કાપી આવાસ પ્રકલ્પનું ઉદઘાટન કર્યું હતું. આ અવસરે રાષ્ટ્રપતિશ્રીના ધર્મપત્ની શ્રીમતી સવિતા કોવિંદ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આવાસ અર્પણના આ અવસરે ૨૦૨૨ સુધીમાં સૌને આવાસના પ્રધાનમંત્રીશ્રીના




સંકલ્પને ગુજરાતમાં સાકાર કરવાનો રોડમેપ દર્શાવતું પ્રેઝન્ટેશન રાષ્ટ્રપતિશ્રી સમક્ષ ગુજરાતના શહેરી આવાસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અન્વયે ભાવનગરમાં નિર્માણ પામેલા આ આવાસોમાં બે રૂમ, વોશ એરિયા, રસોડુ, શૌચાલય અને બાથરૂમની સુવિધા ઉપરાંત પી.એન.જી ગેસ પાઈપ લાઈન કનેક્શન પણ લાભાર્થીઓને આપવામાં આવ્યા છે. એટલુ જ નહીં લીફ્ટ, ફાયર સેફ્ટી, કોમ્યુનિટી હોલ, ચિલ્ડ્રન પ્લે એરીયા, સ્ટ્રીટ લાઈટ, પાકા રસ્તા જેવી સુવિધાઓ પણ આ વસાહત ધરાવે છે.

આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, સાંસદ શ્રી ડો. ભારતીબહેન શિયાળ, મેયર શ્રી કિર્તિબાળા દાણીધારીયા, ધારાસભ્ય શ્રી વિભાવરીબહેન દવે, જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો. પ્રશાંત જિલોવા તેમ જ અધિકારી-પદાધિકારીશ્રીઓ આ આવાસ લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ●



### તલગાજરડા સ્થિત 'ચિત્રકૂટ ધામ'ની મુલાકાત લેતા રાષ્ટ્રપતિશ્રી

ગુજરાતના પ્રવાસે પધારેલા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ ભાવનગર જિલ્લાના તલગાજરડા સ્થિત પ્રસિધ્ધ રામાયણી પૂજ્ય મોરારી બાપુના આશ્રમ 'ચિત્રકુટધામ'ની મુલાકાત લીધી હતી. તેઓ પૂજ્ય મોરારી બાપુ સાથે સમગ્ર આશ્રમ પરિસરની મુલાકાત લઈ અભિભૂત થયાં હતાં. રાષ્ટ્રપતિશ્રી સાથે તેમની આ મુલાકાતમાં તેમના ધર્મપત્ની શ્રી સવિતા ગોવિંદ પણ જોડાયાં હતાં. બે દિવસીય ભાવનગરની મુલાકાતના પ્રથમ દિવસે તેઓ પૂ. બાપૂના આશ્રમ તલગાજરડા ખાતે પહોંચ્યાં હતાં. રાષ્ટ્રપતિશ્રીએ આશ્રમમાં શ્રધ્ધાપૂર્વક અને ભક્તિભાવપૂર્વક ભાવવંદના કરી હતી. તેમણે સમગ્ર આશ્રમ પરિસરની મુલાકાત લઈ મોરારીબાપુ સાથે આધ્યાત્મિક સંવાદ કર્યો હતો. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



### ઘરનું ઘર મળતાં રાષ્ટ્રપતિશ્રીનો આભાર વ્યકત કરતાં લાભાર્થી

દિવાળીના પર્વ પૂર્વે ઘરના ઘરનું સપનું સાકાર થતા ખુશી વ્યક્ત કરતાં ભાવનગરના સફાઈ કામદાર જ્યંતિભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, આજનો દિવસ મારા માટે ખુશીનો દિવસ છે. રાષ્ટ્રપતિના હસ્તે મકાનની ચાવી મળતા ખુશી છે તેમ જ્યંતિભાઈના પત્નીએ પણ પ્રતિભાવ આપ્યો હતો. જ્યંતિભાઈ સફાઈ કામદાર છે અને તેમને બે બાળકો છે. અગાઉ પોતાનું મકાન ન હોવાથી ઘણી અગવડતા પડતી હતી પરંતુ સરકારની આ યોજનાને લીધે ઘરના ઘરનું સપનું સાકાર થયું છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

## રાષ્ટ્રપતિશ્રીને સ્મૃતિભેટ આપતા રાજ્યપાલશ્રી

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને તેમને સ્મૃતિ ચિહ્ન ભેટ આપ્યું હતું. આ પ્રસંગે આદરણીય ફર્સ્ટ લેડી શ્રીમતી સવિતા કોવિંદ તેમજ લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.





## હાઈકોર્ટના ન્યાયાધિશોની રાષ્ટ્રપતિશ્રી સાથે શુભેચ્છા મુલાકાત

*રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રાજભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદકુમાર સહિત હાઈકોર્ટના ન્યાયાધિશો સાથે શુભેચ્છા મુલાકાત યોજી હતી. આ પ્રસંગે કેન્દ્રના કાયદો અને ન્યાય મંત્રી શ્રી કિરણ રિજીજુ પણ ઉપસ્થિત રહ્યા હતા.*

## રાષ્ટ્રપતિશ્રીનું અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માપૂર્ણ સ્વાગત



ગુજરાતની મુલાકાતે આવેલા ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીનું અમદાવાદ ઍરપોર્ટ ખાતે ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિશ્રીને આવકારવા એરપોર્ટ પર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, એર માર્શલ વિક્રમસિંઘ, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ.કે.રાકેશ, પોલીસ વડાશ્રી આશિષ ભાટીયા, બ્રિગેડિયર સંજયકુમાર શેરોન, ચીફ પ્રોટોકોલ ઓફિસર શ્રી જ્વલંત ત્રિવેદી, પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ અને જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતની મુલાકાતે પધારેલા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ એરપોર્ટથી રાજભવન આવી પહોંચ્યા હતા. જ્યાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. જ્યારે ફર્સ્ટ લેડી શ્રીમતી કોવિંદનું લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીએ હાર્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રાજભવનના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ઉત્તર ગુજરાતને પાણીદાર બનાવવા

# સાબરમતી નદી પર બનશે હિરપૂરા બેરેજ



કૃષિ એ અર્થતંત્રનો આધરસ્તંભ છે. દેશ અને ગુજરાતની મોટાભાગની વસતી ગામડામાં વસે છે અને કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલી છે. તેથી જ ખેડૂતોએ સરકારની પ્રાથમિકતા છે અને હંમેશા રહેવાની છે. ખેડૂતો પાસે ઉત્તમ જમીન છે, મહત્તમ પેદાશ લેવાનું શ્રેષ્ઠ જ્ઞાન છે. ગુજરાતનો ખેડૂત આધુનિક ખેતીથી સમૃદ્ધ બન્યો છે. ગુજરાત સરકારે વડાપ્રધાનશ્રીના 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સિદ્ધ કરવા તેમને સિંચાઇના સુવ્યવસ્થિત માળખાની સુવિધા આપવાનો નિરંતર પ્રયાસ કર્યો છે. તાજેતરમાં સાબરમતી નદી ઉપર બેરેજ નિર્માણનું ખાતમુહૂર્ત કરી ગુજરાત સરકારે કૃષિકારોને વધુ એક સવલત આપી તેની સાબિતી પૂરી છે.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસાણા જિલ્લાના વિજાપૂર તાલુકાના હિરપુરા નજીક સાબરમતી નદી પર રૂ.૨૧૪ કરોડના અંદાજિત ખર્ચે ૩.૪૭ મિલીયન ઘનમીટર સંગ્રહ ક્ષમતાના આકાર પામનારા હિરપૂરા બેરેજનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ યોજના પૂર્ણ થવાથી વિજાપૂર તાલુકાના બે અને હિંમતનગર તાલુકાના ચાર ગામોના ૩૨૦૦ હેકટર વિસ્તારને સિંચાઇ સુવિધા મળતી થશે. મુખ્યમંત્રીશ્રીએ આ બેરેજના ખાતમુહૂર્ત ઉપરાંત જિલ્લાના વિવિધ વિકાસ પ્રકલ્પોના ઇ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા.



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંઘર્ષ કરીને નર્મદા યોજના પૂર્ણ કરાવી અને તેમના દ્રષ્ટિવંત આયોજનથી સુકા, અછતવાળા વિસ્તારો હરિયાળા બન્યા છે હોવાના લાગણીસભર ઉદગારો સાથે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ સરકાર ખેડૂતો, ગ્રામીણ લોકો, નાનામાં નાના માણસને પડતી મુશ્કેલીઓ ત્વરાએ નિવારવા સંકલ્પબદ્ધ છે. ખેડૂતોને પૂરતું પાણી મળ્યું છે, હવે પ્રાકૃતિક ખેતી તરફ વિશેષ ધ્યાન આપી રહ્યાં છે. લોકોને રાસાયણિક ખાતર મુક્ત અને વધુ સ્વાસ્થ્યપ્રદ ખોરાક અને અન્ન આપવાની દિશા લેવાની છે.

પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં પીવાની અને સિંચાઈની સવલતોથી ખેડૂતોને સીધો ફાયદો થયો છે. રાજ્યમાં આરોગ્યની સુખાકારી સવલતોથી નાગરિકો નિરામય બન્યા છે. જિલ્લા પ્રભારી રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. જયારે સાંસદ સી. આર.પાટીલે જણાવ્યું હતું કે, સરકાર આ પ્રકારની યોજનાથી ગામડાઓ સમૃધ્ધ બને તે દિશામાં પ્રયત્નો કરી રહી છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતની પાણીની સમસ્યા નિવારણ માટે સરકાર કટિબદ્ધ બની છે.

મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવો દ્વારા જે વિવિધ વિકાસ પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં બ્રાહ્મણાવાડા સબયાર્ડ ૫૦૦૦ ટન ગોડાઉન, મહેસાણા પ્રાથમિક શાળાનાં ૨૦ વર્ગખંડો નું ઈ-લોકાર્પણ કરાયું હતું. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અંતર્ગત બેચરાજી તાલુકાના સાત પ્રાથમિક શાળાઓના પરિસરના અપગ્રેડેશન કામો સહિત મધ્યાહન ભોજન અને શૌચાલયની સુવિધાનું ઈ-લોકાર્પણ કરાયું હતું.

હિરપુરા ખાતેના કાર્યક્રમમાં સાંસદ સર્વશ્રી શારદાબેન પટેલ, ભરતસિંહ ડાભી, દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય સર્વશ્રી રમણભાઈ પટેલ, કરશનભાઈ સોલંકી, ડૉ. આશાબેન પટેલ, અજમલજી ઠાકોર, રાજેન્દ્રસિંહ ચાવડા સહિત અગ્રણીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●



ભારતમાં સૌથી ઝડપી દૈનિક રસીકરણ

# ભારતની ઐતિહાસિક સિદ્ધિ 100 કરોડ ઉપરાંતનું થયું રસીકરણ

21 ઓક્ટોબરનો એ યશસ્વી દિવસ ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે આલેખિત થયો. ભારતવાસીઓ માટે આ દિવસ યાદગાર બની રહેશે. કોરોના મહામારીથી દેશના નાગરિકોને બચાવવાના એકમાત્ર ઉપાય એવા સામૂહિક રસીકરણમાં ભારતે 100 કરોડ રસીના ડોઝ આપવાનું સીમાચિહ્ન પાર કર્યું છે. દેશમાં રસીકરણ અભિયાન શરૂ થયાના ફક્ત નવ મહિનામાં આ સફળતા હાંસલ થઈ છે. ભારતે 16 જાન્યુઆરીથી રાષ્ટ્રવ્યાપી રસીકરણનો આરંભ કર્યો અને નવ મહિનામાં જ આ સિદ્ધિ હાંસલ કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સિદ્ધિને ભારતીય વિજ્ઞાન, ઉદ્યોગો અને 130 કરોડ ભારતીયોનો વિજય ગણાવ્યો છે.

કોવિડ-19 મહામારીનો સામનો કરવાની આ સફર મહત્ત્વપૂર્ણ બની રહી છે, ખાસ કરીને જ્યારે આપણે વર્ષ 2020ની શરૂઆતની સ્થિતિને યાદ કરીએ તો માનવજાત 100 વર્ષ પછી આ પ્રકારની મહામારીનો સામનો કરતી હતી અને કોઈને વાઈરસ વિશે વધારે જાણકારી પણ નહોતી. એ સમયે કેવી અકલ્પનીય સ્થિતિ ઊભી થઈ હતી ? આપણે ઝડપથી વૃદ્ધિ કરતા અજાણ્યાં અને અદશ્ય શત્રુનો મજબુત સામનો કર્યો હતો. ચિંતાથી શરૂ થયેલી અને સુનિશ્ચિતતા સુધી પહોંચેલી આ સફરમાં આપણો દેશ મજબૂત બનીને બહાર આવ્યો છે, જે માટે આપણા દેશમાં ચાલી રહેલું વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન તેના પાયામાં છે.

ગુજરાતના રસીકરણ અભિયાનમાં 279 દિવસમાં 18 વર્ષથી ઉપરના 90 ટકા નાગરિકોને પહેલો ડોઝ અપાઈ ગયો છે, જ્યારે 48 ટકાને બંને ડોઝ મળી ગયા છે. રાજ્યનાં ત્રણ કોર્પોરેશન (જૂનાગઢ, સુરત અને ગાંધીનગર), 5 જિલ્લા, 53 તાલુકા, 15647 ગામોમાં પહેલા ડોઝનું 100 ટકા રસીકરણ પૂર્ણ થઈ ગયું છે. કુલ 18215 ગામોમાંથી 15647 એટલે કે 86 ટકા ગામોમાં 100 ટકાને પહેલો ડોઝ અપાઈ



ગયો છે. દેશના કુલ રસીકરણમાં ગુજરાતનો હિસ્સો 6.8 ટકા છે. અમદાવાદ અને રાજકોટ કોર્પોરેશનમાં 99 ટકા રસીકરણ થઈ ગયું છે. 10 જિલ્લામાં 90 ટકાથી વધુ રસીકરણ થઈ ગયું છે.

આ ભગીરથ કાર્યમાં સમાજના વિવિધ વર્ગના લોકો સંકળાયેલા છે. રસીનો દરેક ડોઝ આપવામાં આરોગ્યકર્મીઓને ફક્ત 2 મિનિટ લાગે છે. આ રીતે આ સીમાચિહ્ન પાર કરવામાં આશરે 41 લાખ માનવદિવસો લાગ્યા છે. આ વાત પરથી આપણને આ અભિયાન કેટલું મોટું છે એનો અંદાજ મળી શકે છે.

દેશમાં રસીનો પહેલો ડોઝ 100 કરોડની સપાટી વટાવી તે સિદ્ધિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિરાદાવી હતી, તેમજ આ કાર્ય સાથે સંકળાયેલા તમામ આરોગ્યકર્મી, ફ્રન્ટલાઈન વૉરિયર્સ તથા નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા. કેન્દ્રિય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ દેશવાસીઓને શુભકામના પાઠવી હતી અને આ સિદ્ધિમાં મહત્ત્વનું યોગદાન આપનારા આરોગ્યકર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. રસીકરણ ક્ષેત્રે ભારતે મેળવેલી સિદ્ધિને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) સહિત વિવિધ વૈશ્વિક સંસ્થાઓએ આવકારી હતી. આ સાથે, અત્રે એક વાતનો ઉલ્લેખ જરૂરી છે કે, ભારતે કોરોના મહામારીકાળ દરમિયાન શ્રીલંકા, માલદીવ, ભૂતાન સહિત ઘણા દેશોને વૅક્સિનના ડોઝ આપ્યા હતા. આમ, ભારતે કટોકટીકાળમાં પણ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના બરકરાર રાખી છે. કોઈ પણ પ્રયાસ ઝડપ અને વ્યાપ હાંસલ કરે એ માટે તમામ હિતધારકોનો વિશ્વાસ મહત્વપૂર્ણ હોય છે. આ અભિયાનની સફળતા માટે જવાબદાર વિવિધ કારણો પૈકીનું એક કારણ એ ભરોસો હતો, જે અવિશ્વાસ અને ડરનું વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો વચ્ચે પણ લોકોએ રસીમાં અને રસીકરણની પ્રક્રિયામાં વિશ્વાસ મૂક્યો છે.

કોવિડ-19 રસી જેવી મહત્ત્વપૂર્ણ બાબતની વાત આવી હતી, ત્યારે ભારતીયોએ એકમતે ‘મેઈક ઈન ઈન્ડિયા’ રસીઓ પર ભરોસો મૂક્યો હતો. આ ભારતીયોની માનસિકતામાં ઊડીને આંખે વળગે એવું પરિવર્તન છે.

ભારતનું રસીકરણ અભિયાન ભારતની ક્ષમતાનું આદર્શ ઉદાહરણ છે. જો ભારતના નાગરિકો અને સરકાર જનભાગીદારીના એક નિશ્ચિત લક્ષ્યાંક માટે એકમંચ પર આવે, તો દેશ એને હાંસલ કરી શકે છે. જ્યારે ભારતમાં રસીકરણ અભિયાનની શરૂઆત થઈ હતી, ત્યારે ઘણા લોકોએ

રસીકરણ અંગે વિવિધ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા. પણ 130 કરોડ ભારતીયોએ આ કાર્યને તેના પરિણામ સુધી પહોચાડવા પ્રયત્નો કર્યા અને આજે દેશ 100 કરોડના રસીકરણના લક્ષ્યાંકને પાર કરી ગયો છે. આપણે ગૌરવપૂર્વક કહી શકીએ કે, આજે વિશ્વમાં રસી લેનારો દર સાતમો નાગરિક ભારતીય છે.

## ગુજરાતની અગ્રેસરતા...

ગુજરાતે રસીકરણમાં સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કર્યું છે. રાજ્યના ગ્રામીણ તથા શહેરી વિસ્તારોમાં આરોગ્ય કર્મીઓએ તનતોડ મહેનત કરી, મહત્તમ નાગરિકોને રસીકરણથી સુરક્ષિત બનાવ્યાં છે. ગુજરાતના રસીકરણ અભિયાનમાં 279 દિવસમાં 18 વર્ષથી ઉપરની 90 ટકા વસતીને પહેલો ડોઝ અપાઈ ગયો છે, જ્યારે 48 ટકાને બંને ડોઝ મળી ગયા છે. રાજ્યનાં ત્રણ કોર્પોરેશન (જૂનાગઢ, સુરત અને ગાંધીનગર), 5 જિલ્લા, 53 તાલુકા, 15647 ગામોમાં પહેલા ડોઝનું 100 ટકા રસીકરણ પૂર્ણ થઈ ગયું છે. કુલ 18215 ગામોમાંથી 15647 એટલે કે 86 ટકા ગામોમાં 100 ટકાને પહેલો ડોઝ અપાઈ ગયો છે. દેશના કુલ રસીકરણમાં ગુજરાતનો હિસ્સો 6.8 ટકા છે. અમદાવાદ અને રાજકોટ કોર્પોરેશનમાં 99 ટકા રસીકરણ થઈ ગયું છે. 10 જિલ્લામાં 90 ટકાથી વધુ રસીકરણ થઈ ગયું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે કોરોના રસીકરણમાં 100 કરોડ ડોઝનો લક્ષ્યાંક પાર કર્યો છે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત લીધી. આ પ્રસંગે આ ભગીરથ કાર્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા રાજ્યના તમામ આરોગ્યકર્મીઓની સેવાને તેમણે બિરદાવી. આ ભવ્ય સફળતા માટે હેલ્થ સેન્ટર પરના આરોગ્ય સેવાકર્મીઓનું મોં મીઠું કરાવ્યું હતું.

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે 100 કરોડ નાગરિકોને રસીના પ્રથમ ડોઝ આપવાની સિદ્ધિ મળી તે અંગે જણાવ્યું હતું કે, કોરોનાથી નાગરિકોને સુરક્ષિત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેંદ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાના માર્ગદર્શન હેઠળ વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનનો પ્રારંભ થયો હતો અને આજે ૧૦૦ કરોડ દેશવાસીઓને રસીના ડોઝ આપી દેવાયા છે. વિશ્વમાં ચાર દેશોએ આ કામ કર્યું છે એ પૈકી ભારત એક દેશ છે, જે આપણા સૌ માટે ગૌરવરૂપ છે. તેમણે કોરોના રસીકરણ ક્ષેત્રે પ્રતિ મિલિયન રસીકરણ અંતર્ગત ગુજરાત દેશભરમાં મોખરે રહ્યું છે તે માટે રાજ્યના આરોગ્ય કર્મીઓને પણ અભિનંદન પાઠવી તેમની સેવાઓને બિરદાવી હતી.

તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતમાં ૯૦ ટકા પ્રથમ ડોઝ આપી દેવાયા છે અને બીજા ડોઝ માટે પાત્રતા ધરાવતા લોકોનું ટ્રેકિંગ અને ટ્રેસિંગ કરીને બીજા ડોઝ આપવાનો પ્રયાસ હાથ ધરાશે. એટલું જ નહીં રાજ્યના PHC, CHC, સિવિલ હોસ્પિટલમાં જે લોકો સારવાર માટે આવશે તેઓએ રસી લીધી છે કે નહીં તેની તપાસ કરીને તેમને રસી આપવા અંગેની પણ તમામ વ્યવસ્થાઓ ઊભી કરાશે. તેમણે કહ્યું કે, રાજ્યમાં ત્રણ કોર્પોરેશન અને ચાર જિલ્લાઓમાં ૧૦૦ ટકા વૅક્સિનેશન કામગીરી પૂર્ણ થઇ છે. આગામી સમયમાં ગુજરાતમાં ૧૦૦ ટકા કામગીરી થાય એ માટે સંનિષ્ઠ પ્રયાસો કરાશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રસીકરણમાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. ગુજરાતમાં તમામ જૂથોના ૪,૪૧,૬૫,૩૪૭ લાભાર્થીઓને પ્રથમ ડોઝ તથા ૨,૩૫,૦૬,૧૨૯ લાભાર્થીઓને બીજો ડોઝ મળી કુલ ૬.૭૬ કરોડથી વધુ રસીના ડોઝ આપી દેવામાં આવ્યા છે એટલે કે સમગ્ર દેશના રસીકરણમાં ગુજરાતનો ૬.૭ ટકાથી વધારે ફાળો છે. રાજ્યમાં પ્રતિ દસ લાખ બે ડોઝના લાભાર્થીએ ૬,૮૬,૧૯૧ રસીના ડોઝ આપવામાં આવ્યા છે જેમાં દેશનાં મોટાં રાજ્યોમાં ગુજરાત અગ્રેસરનું સ્થાન ધરાવે છે.

તેમણે કહ્યું કે, કેંદ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા દ્વારા ગુજરાતને "રાજ્ય દ્વારા શ્રેષ્ઠ રસીકરણ અભિયાન"ના વિજેતા જાહેર કરી ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે જે ગુજરાત માટે ગૌરવની વાત છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, કોવિડ-૧૯ રસીકરણ અંતર્ગત ગુજરાતમાં શ્રેષ્ઠ કામગીરી થઈ છે. સમગ્ર દેશમાં અને રાજ્યમાં તા.૧૬મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કોવિડ-૧૯ રસીકરણ કામગીરીની શરૂઆત કરી હતી. સમગ્ર દેશમાં ફ્રન્ટ લાઇન વર્કરોનું



રસીકરણ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. ભારત સરકારની માર્ગદર્શન મુજબ ૧ માર્ચ, ૨૦૨૧થી આખા દેશની સાથે, ગુજરાતમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના અન્ય રોગો ધરાવતા બધાને કોવિડ-૧૯ સામેનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું. ૧લી એપ્રિલ, ૨૦૨૧ થી ૪૫ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓને રસી આપવામાં આવી. જ્યારે તા. ૧લી મે, ૨૦૨૧થી રાજ્યના ૭ કોર્પોરેશન તથા ૩ જિલ્લામાં ૧૮-૪૪ વર્ષ વય જૂથ માટે રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવી, ત્યારબાદ ૪થી જૂન, ૨૦૨૧થી રાજ્યના તમામ જિલ્લા અને કોર્પોરેશનમાં આ વય જૂથમાં રસીકરણની સઘન કામગીરી શરૂ કરવામાં આવી છે. એક પણ રજા લીધા સિવાય આરોગ્ય કર્મીઓએ આ ઝુંબેશને આગળ વધારી રાજ્યના નાગરિકોને કોરોનાથી સુરક્ષિત કર્યા છે જે માટે સૌ આરોગ્યકર્મીઓ અભિનંદનને પાત્ર છે. આ રસીકરણ ઝુંબેશ થકી રાજ્યમાં ૧૦૦ ટકા રસીકરણ સંપન્ન કરવાની દિશામાં અમારી ટીમ કાર્યરત છે જે લક્ષ્યાંકને નજીકના દિવસોમાં જ પૂર્ણ કરવામાં આવશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, કોવિડ ૧૯ રસીકરણ માટે હાલમાં ભારત સરકાર દ્વારા કોવિશિલ્ડ, કોવૅક્સિન અને સ્પુતનિક ૩ રસીને મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા કોવિશિલ્ડ વૅક્સિનના કુલ ૨૬,૨૫,૨૭૦ ડોઝ અને કોવૅક્સિન વૅક્સિનના કુલ ૨,૪૯,૨૪૦ ડોઝની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી કોવિશિલ્ડ વૅક્સિનના કુલ ૨૬,૨૫,૨૭૦ ડોઝ અને કોવૅક્સિન વૅક્સિનના કુલ ૨,૪૯,૨૪૦ ડોઝનો જથ્થો ગુજરાત રાજ્યને પ્રાપ્ત થયો છે. ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન લિમિટેડ વિભાગ દ્વારા કોવિશિલ્ડ વૅક્સિનની ખરીદી માટે કુલ રૂ. ૮૨.૬૯ કરોડ તેમજ કોવૅક્સિન વૅક્સિનની ખરીદી માટે કુલ રૂ.૧૦.૪૬ કરોડ અનુક્રમે સિરમ ઇન્સ્ટિટ્યૂટ અને ભારત બાયોટેકને ચૂકવવામાં આવ્યા છે. ભારત સરકાર તરફથી તા.૨૦.૧૦.૨૦૨૧ સુધીમાં ગુજરાત રાજ્યને કુલ ૫,૭૫,૮૦,૧૮૦ ડોઝ કોવિશિલ્ડ અને ૭૬,૩૯,૯૪૦ ડોઝ કોવૅક્સિન મળીને કુલ ૬,૫૨,૨૦,૧૨૦ ડોઝ કોવિડ ૧૯ રસીના મળ્યા છે.

રાજ્યમાં કોવિડ ૧૯ રસીનો સંગ્રહ કરવા કુલ ૨૨૫૦ સ્ટોર ઉપલબ્ધ છે, આ તમામ સ્ટોર ખાતે આ વૅક્સિનનો સંગ્રહ ૨°C થી ૮°C તાપમાને કરવામાં આવે છે. રાજ્યમાં કોવિડ વૅક્સિનનો સંગ્રહ કરવા માટે ૧૧ વોલ્ક-ઈન-કુલર (WIC), ૦૩ વોલ્ક-ઈન-ફ્રિઝર (WIF), ૨,૫૯૯ આઇસ લાઇન્ડ રેફ્રિજરેટર (ILR), ૨,૪૬૭ ડિપ ફ્રિઝર (DF), ૮૪,૯૩૩ વૅક્સિન કેરિયર અને ૪૦૩૪ કોલ્ડ બોક્સ જેવા કોલ્ડ ચેઈનના સાધનો ઉપલબ્ધ છે. રાજ્યના તમામ ૨૨૫૦ રસીના સ્ટોર ખાતે વાસ્તવિક સમયે ઉપલબ્ધ વૅક્સિનના જથ્થા અને રસીના નિયત તાપમાને સંગ્રહ અંગેની માહિતી ઉપલબ્ધ થાય તે માટે eVIN પરિયોજના રાજ્યમાં ૨૦૧૬થી કાર્યરત છે. એટલું જ નહિ, રાજ્યમાં ૧૨ હજારથી વધુ તાલીમબદ્ધ વૅક્સિનેટર ઉપલબ્ધ છે. ●

## કોરોના રસીનું ઘરઆંગણે ઉત્પાદન

*અત્યાર સુધી ગણ્યાગાંઠ્યા દેશો તેમની પોતાની રસી બનાવી શક્યા છે. 180થી વધારે દેશો અતિ મર્યાદિત ઉત્પાદકો પર નિર્ભર છે અને ડઝન દેશો હજુ પણ રસીના પુરવઠા માટે રાહ જોઈ રહ્યા છે. આ સંજોગોમાં ભારતે 100 કરોડથી વધારે રસીના ડોઝ આપી દીધા છે. ભારતના વૈજ્ઞાનિક અને ઉદ્યોગસાહસિકોએ કોરોના રસીનું ઘરઆંગણે ઉત્પાદન કરવાની જહેમત ઉઠાવી, તેના પરિણામ સ્વરૂપ આજે ભારતના નાગરિકોએ કોરોના મહામારી સામેના યુદ્ધમાં નિર્ણાયક વિજય હાંસલ કર્યો છે. આ કટોકટીની સ્થિતિમાં રસી ઉત્પાદકોએ આટલી મોટી વસ્તીની માંગને પૂર્ણ કરવા ઉત્પાદનક્ષમતા વધારીને દેશસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્રદર્શિત કર્યું.*

## ટેક્નોલોજીનો સુયોજિત ઉપયોગ

*કોવિન ટેકનોલોજી પ્લેટફોર્મે અસરકારક ભૂમિકા ભજવી હતી. આ પ્લેટફોર્મે સુનિશ્ચિત કર્યું હતું કે, રસીકરણ અભિયાન સમાન અને વ્યાપક ધોરણે, ટ્રેક કરી શકાય અને પારદર્શક રીતે ચાલે. એમાં એ પણ સુનિશ્ચિત થયું હતું કે, એક ગરીબ કામદાર એના ગામમાં પહેલો ડોઝ લઈ શકે અને પર્યાપ્ત સમયના અંતરાલ પછી એ જ રસીનો બીજો ડોઝ શહેરમાં લઈ શકે, જ્યાં તે કામ કરે છે. પારદર્શકતા વધારવા રિયલ-ટાઈમ ડેશબોર્ડ ઉપરાંત ક્યુઆર-કોડેડ સર્ટિફિકેટથી વેરિફાઈ કરવાની ક્ષમતા સુનિશ્ચિત થઈ હતી. આ પ્રકારના પ્રયાસો ભારતની સાથે દુનિયામાં પણ ભાગ્યે જ જોવા મળ્યા છે.*

## ઉત્પાદનથી રસીકરણ સુધીની ઉત્કૃષ્ઠ સફર

*ભારત જેવા વિશાળ દેશમાં રસીનું માત્ર ઉત્પાદન કરવું પર્યાપ્ત નથી. રસીના ઉત્પાદન પછી અંતરિયાળ વિસ્તારોમાં પુરવઠો પહોંચાડવા અને શ્રેષ્ઠ લોજિસ્ટિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હતી. એમાં સંકળાયેલા પડકારોને સમજવા રસીની પ્રત્યેક શીશીની સફરનો વિચાર કરવાનો હતો. પૂણે કે હૈદરાબાદના પ્લાન્ટમાંથી વૅક્સિન કોઈપણ રાજ્યના કેન્દ્રમાં મોકલવામાં આવે છે, ત્યાંથી તેને જિલ્લાના કેન્દ્ર સુધી લઈ જવામાં આવે છે. અહીંથી આ શીશી રસીકરણ કેન્દ્ર સુધી પહોંચે છે. આ પ્રક્રિયામાં એક ખાસ રેન્જમાં તાપમાન જળવાઈ રહેવું જોઈએ, જેના પર કેંદ્રીય સ્તરેથી નજર રાખવામાં આવે છે. આ માટે 1 લાખથી વધારે કોલ્ડ-ચેઈન ઉપકરણોનો ઉપયોગ થયો હતો. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં આ અભૂતપૂર્વ પ્રયાસ છે. ●*

**ભારતે કોરોના રસીના 100 કરોડ ડોઝ રેકોર્ડ સમયમાં આપવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, સ્વાસ્થ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા તથા આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓને અભિનંદન. ભારતે 100 કરોડ રસીના ડોઝનું સફળ રીતે સંચાલન કર્યું છે, તે ભારતની મોટા પાયે ઉત્પાદન કરવાની ક્ષમતા અને કોવિન વેબપોર્ટલ સાથે સંકળાયેલા લાખો આરોગ્ય કર્મચારીઓના પુરુષાર્થનું પરિણામ છે.**



**- શ્રી બીલ ગેટ્સ,**
**માઈક્રોસોફ્ટ કંપનીના સંસ્થાપક**



# સુરતમાં રૂ.૨૦૦ કરોડના ખર્ચે આકાર લેનારી હોસ્ટેલનું વડાપ્રધાનશ્રીના હસ્તે ડિજિટલ ખાતમુહૂર્ત

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હોસ્ટેલ પ્રોજક્ટના ફેઝ-૧નું ખાતમુહૂર્ત કર્યું

આ એ ગુજરાત છે, જ્યાં એક સમયે પ્રાચીન વલ્લભી વિદ્યાપીઠ વિદ્યાના વૈભવથી ઝળહળતી હતી. આ એ ગુજરાત છે, જ્યાં એક સમયે રાજા સિદ્ધરાજે સિદ્ધહેમશબ્દાનુશાસન પુસ્તકને હાથીની અંબાડી ઉપર મૂકાવીને ગ્રંથયાત્રા કાઢી હતી.

જ્ઞાનશક્તિનાં અજવાળાં ગુજરાતનાં ગામડે ગામડે રેલાયાં છે, વિદ્યાર્થીઓ તેજસ્વી બન્યા છે, દીકરીઓ ભણતી થઈ છે અને દેશભરમાં ગુજરાતના શિક્ષણનો ડંકો વાગ્યો છે.

સમગ્ર કેળવણી કે શિક્ષણનો આદર્શ મનુષ્યને સાચો માનવ બનાવવાનો હોવો જોઈએ, દરેક પ્રકારના શિક્ષણનું ધ્યેય માણસનો વિકાસ સાધવાનું હોવું જોઈએ. જેટલા પ્રમાણમાં સામાન્ય જનવર્ગમાં કેળવણી તથા જ્ઞાનનો ફેલાવો થશે, તેટલા પ્રમાણમાં રાષ્ટ્રની ઉન્નતિ થશે. કેળવણીનો પ્રસાર કરીને ઉન્નતિની ડગર ઉપર ઝડપથી આગળ વધી શકાશે.

લોકોના વ્યક્તિત્વને ખીલવવા કેળવણી આપવા માટે સંનિષ્ઠ સેવા બજાવવાની છે. તેઓને ઉર્ધ્વગામી વિચારો આપવાના છે. તેમની આસપાસ દુનિયામાં શું ચાલી રહ્યું છે, એ તરફ તેમનું ધ્યાન દોરવાનું છે અને પછી તેઓ પોતાનો ઉદ્ધાર પોતાની મેળે જ સાધશે.

વ્યક્તિથી લઈને રાજ્ય કે રાષ્ટ્રનો વિકાસ શિક્ષણ પર નિર્ભર હોય છે, વિદ્યા, જ્ઞાન, શિક્ષણ એ જ તો જીવન વિકાસનો આધારસ્તંભ છે.

'માના કે અંધેરા ઘના હૈ, લેકિન દીપ જલાના કહાં મના હૈ...' આ ઉક્તિને સાર્થક કરવા ગુજરાતે શૈક્ષણિક ક્ષેત્રે અસાધારણ વિકાસ કરીને આગવી ભાત, આગવી પ્રતિભા ઉપસાવી છે. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના તમામ અભ્યાસક્રમોમાં ઉત્તમ શૈક્ષણિક સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત બની રહે, તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા શૈક્ષણિક વિકાસના પથ પર રાજ્ય સરકારે વૈવિધ્યપૂર્ણ- નાવિન્યભર્યાં અનેક આયોજનો અને અભિયાનો હાથ ધર્યાં છે. શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી - નિધિ,

**જાતિ અને પંથને વિકાસના માર્ગમાં અડચણ બનવા નહિ દેવાના સરદાર પટેલના સ્વપ્નને આપણે સૌ સાથે મળીને પૂર્ણ કરીશું**

**કઠોર પરિશ્રમના બળે ગુજરાતીઓ શિક્ષણધામો, છાત્રાલયો અને જનકલ્યાણ સંસ્થાઓનું નિર્માણ કરી રામરાજ્ય તરફ ગતિશીલ બન્યા છે**

**:: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ::**




વિદ્યાદીપ યોજના, સાયન્સ સિટી અને ગુણોત્સવ જેવાં અભિયાનો દ્વારા શિક્ષણ ક્ષેત્રે આવેલા હકારાત્મક ફેરફારોની નોંધ શૈક્ષણિક જગતે વ્યાપકરૂપમાં લીધી છે.

સરદાર સાહેબના આદર્શો અનુસાર પરસ્પર પ્રેમ અને સહયોગની ભાવના કેળવી ભાગ્યનિર્માણ રાષ્ટ્ર નિર્માણ થવું જોઈએ. પાટીદાર સમાજની હોસ્ટેલમાં રહી યુવાનો જ્ઞાનશક્તિના માધ્યમથી તેમના પરિવાર, સમાજ અને દેશના ઘડતરમાં યોગદાન આપશે એમ સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા સુરતમાં રૂ.૨૦૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર અત્યાધુનિક વિદ્યાર્થી ભવનનું વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઇ-ખાતમુહૂર્ત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "જાતિ અને પંથ એ વિકાસના માર્ગમાં અડચણ બનવા નહિ દેવાના સરદાર પટેલ સાહેબના સ્વપ્નને સૌ દેશવાસીઓ સાથે મળીને પૂર્ણ કરશે તેવો સ્પષ્ટ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતમાં પ્રત્યક્ષ ખાતમુહૂર્ત કરી 'શ્રીમતી જમનાબેન છગનભાઈ ગોંડલિયા વિદ્યાર્થી ભવન, સુરત' અને રાધાબેન હરજીભાઈ ઘેલાણી અતિથિભવનના નિર્માણકાર્યનો પાયો નાંખ્યો હતો.

વડાપ્રધાનશ્રીએ વીડિયો લિંક દ્વારા નવી દિલ્હીથી આ સમારોહને સંબોધન કરતાં જણાવ્યું કે, પાટીદાર સમાજના સબળ અને પ્રેરક પ્રયાસોથી વિદ્યાર્થીઓના નિવાસ, અભ્યાસ અને આધુનિક પુસ્તકાલયની શ્રેષ્ઠ સુવિધા ઊભી થશે, જે આ સમાજના યુવા છાત્રોને વધુ સશક્ત બનાવી નવી દિશા આપશે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, આધુનિક છાત્રાલય માત્ર દેશની ભાવિ પેઢીના ભવિષ્યનું નિર્માણ કરવા માટેની એક ઈમારત નહીં રહેતા સરદાર સાહેબના આદર્શો અનુસાર જીવવાની પ્રેરણા પણ પૂરી પાડશે. વડીલોના કઠોર પરિશ્રમના પરિપાકરૂપે સાકાર થનારી આ હોસ્ટેલમાં રહી યુવાનો જ્ઞાનશક્તિના માધ્યમથી તેમના પરિવાર, સમાજ અને દેશના ઘડતરમાં યોગદાન આપશે.

વડાપ્રધાનશ્રીએ પાટીદાર સમાજના યુવાનોના સશક્તીકરણ માટે તેમજ કન્યા કેળવણી અને મહિલાઓના ઉત્કર્ષ પર માટેના સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સરદારધામના સક્રિય અને ઉમદા પ્રયાસોની પ્રશંસા કરતાં જણાવ્યું કે, ગાંધીજીએ રામરાજ્યના આદર્શથી સંચાલિત શાસન વ્યવસ્થાની કલ્પના કરી હતી, કઠોર પરિશ્રમના બળે ગુજરાતીઓ શિક્ષણધામો, છાત્રાલયો અને જનકલ્યાણ સંસ્થાઓ નિર્માણ કરી રામરાજ્ય તરફ ગતિશીલ બન્યા છે. તપ, ત્યાગ અને તપશ્ચર્યાથી વલ્લભવિદ્યાનગરના રત્ન ભાઈકાકા અને પૂર્વ નાણાંમંત્રીશ્રી એચ.એમ.પટેલ, કડી સર્વ વિદ્યાલયના સ્થાપક છગનભાઈ સહિતનાં ગુર્જરરત્નોથી પ્રત્યેક ગુજરાતીઓ પ્રેરણા મેળવે છે.

રાષ્ટ્ર માટે સરદાર સાહેબના પ્રદાનનું સ્મરણ કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સરદાર પટેલના વારસાને આગળ વધારી રહ્યું છે. પરસ્પર સહયોગ અને પરિશ્રમથી આગળ



વધવું એ સરદાર સાહેબનો સ્વભાવ હતો, જેને આગળ વધારતા સરદાર સંતાનોએ 'રાષ્ટ્રપ્રથમ'નો જીવનમંત્ર અપનાવ્યો છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળને યાદ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, જ્ઞાનશક્તિ, જલશક્તિ, રક્ષાશક્તિ, ઊર્જાશક્તિ જનશક્તિ એમ પંચશક્તિયુક્ત શાસન આપીને રાજ્યનો સર્વાંગી વિકાસનો પ્રયાસ કર્યો હતો. એ સમયે શરૂ કરેલા શાળા પ્રવેશોત્સવ અભિયાન થકી ન માત્ર કન્યા કેળવણીમાં વૃદ્ધિ થઈ, બલકે કન્યાઓના ડ્રોપ આઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી બેટી બચાવવા અને કન્યા જન્મને પ્રોત્સાહનના શપથ લેવડાવી સર્વ સમાજમાં દીકરીઓ પ્રત્યે હકારાત્મક અભિગમનો સંચાર કર્યો હતો એનો પણ વડાપ્રધાનશ્રીએ ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ નવનિયુક્ત મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મિતભાષી, મૂકસેવક, બિન વિવાદાસ્પદ, જમીન સાથે જોડાયેલા, ટેકનોસેવી, આધ્યાત્મિક વ્યક્તિત્વના ધની ગણાવી તેમના ગ્રાસ રૂટ લેવલના જાહેર જીવનના અનુભવથી ગુજરાતની વિકાસયાત્રા વધુ તેજ ગતિથી આગળ વધશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે સૌને વિજયા દશમીની શુભેચ્છાઓ આપતા જણાવ્યું કે, વિજયાદશમી સદીઓથી અસૂરી શક્તિઓ સામે લડીને વિજયી બનવાની પ્રેરણા આપતું પર્વ છે.

પ્રકાશ તરફની ઊર્ધ્વ ગતિના પર્યાય સમાન દીપાવલીના દિવસો નજીક છે, ત્યારે સુરતમાં યુવા શક્તિના શિક્ષણનું ધામ સર્જીને પાટીદાર સમાજે દિવાળી સમાન શિક્ષણનો ઉજાસ ફેલાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

વિકાસનો મુખ્ય આધાર શિક્ષણ છે. યુવાનોને 'ગ્લોબલ યુથ' બનાવવાના સંકલ્પ સાથે વડાપ્રધાનશ્રીએ જ્ઞાનશક્તિને ઉત્તેજન આપ્યું છે. ૨૧મી સદી જ્ઞાન-વિજ્ઞાનની સદી છે. ગુજરાતને જ્ઞાન વિજ્ઞાનમાં અગ્રેસર રાખવાની અને જ્ઞાન સંપદાથી નવી પેઢીને સમૃદ્ધ કરવાના રાજ્ય સરકારના સંકલ્પમાં પટેલ સમાજે હોસ્ટેલ ભૂમિપૂજનમાં યથાર્થ યોગદાન આપ્યું છે. હીરા નગરી સુરતમાંથી હવે શિક્ષણ ક્ષેત્રના 'હીરલા'ઓ ઊભરી આવશે એમ તેમણે ગર્વથી કહ્યું હતું.

જ્ઞાનશક્તિના ઉમદા સાહસમાં સમાજશક્તિ પણ જોડાવાથી સોનામાં સુગંધ ભળી હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ પાટીદાર સમાજના અગ્રણીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. ગુજરાતમાં સરદારધામ અને કેળવણીધામ બાદ શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા આ નવતર પ્રકલ્પના ભૂમિ 'પૂજનથી સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસ'ની વિભાવના સાર્થક કરી બતાવી છે. પથ્થરમાંથી પાણી કાઢવાની ક્ષમતા ધરાવતા આ સમાજની આગવી પહેલ સરાહનીય છે.

વડાપ્રધાનશ્રીની રાહબરી હેઠળ સેકટરલ યુનિવર્સિટીઓની ગુજરાતે પહેલ કરી છે. રાજ્યમાં 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, લૉ યુનિવર્સિટી, દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી તેમજ અનેકવિધ આગવી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપીને ગુજરાત શિક્ષણના ક્ષેત્રમાં સિદ્ધિનાં શિખરો સર કરી એજ્યુકેશન હબ તરીકે ઊભરી આવ્યું છે.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરતના પ્રમુખશ્રી કાનજીભાઈ ભલાલાએ જણાવ્યું હતું કે, હોસ્ટેલના પ્રાંગણમાં રૂ.૨.૫૧ કરોડના ખર્ચે ૧૦ ફૂટના સ્ટેજ સાથેની ૩૧ ફૂટ ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની પંચધાતુની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. જ્યારે કન્યા છાત્રાલયમાં સરદાર સાહેબના પુત્રી મણિબેન પટેલની પ્રતિમા મૂકાશે. પાટીદારોના ૨૦૦૦ વર્ષના ઈતિહાસને ઉજાગર કરતી ડિજિટલ ટચ સાથેની પાટીદાર ગેલેરી બનશે. સંકુલમાં બનનાર

વિશાળ વાંચનાલય, પુસ્તકાલય તથા ડિજિટલ લાઈબ્રેરીનો તેમજ સરકારી મદદ માર્ગદર્શન સેન્ટરનો લાભ નાતજાતના ભેદભાવ વિના તમામ સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ, નાગરિકો લઈ શકશે. આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં અહીંથી ૫ હજાર યુવાનો સરકારી નોકરી નોકરી અને ઉચ્ચ વ્યવસાય મેળવે એ લક્ષ્ય છે.

નોંધનીય છે કે, હોસ્ટેલ પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કામાં પુરુષ હોસ્ટેલના બાંધકામ પાછળ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ દરમિયાન રૂ.૭૦ કરોડ અને મહિલા હોસ્ટેલ માટે વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન રૂ.૪૦ કરોડ ખર્ચ કરાશે. ઉપરાંત, શ્રીમતી રાધાબેન હરજીભાઈ ઘેલાણી અતિથિ ભવન પણ આ જ પરિસરમાં આકાર પામશે. પાટીદાર સમાજના વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે વર્તમાન સમયને ધ્યાનમાં લઈ તમામ પ્રકારની સુવિધા ઊભી કરાશે. જેમાં અભ્યાસકીય તાલીમ, માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે ઉત્તમ વ્યવસ્થા પણ ગોઠવાશે.

## સુરતમાં વિકાસકામોની વણથંભી વણઝાર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરત શહેર-જિલ્લાને રૂ.૨૩૭ કરોડનાં વિકાસકામોની ભેટ આપતાં જણાવ્યું હતું કે, છેવાડાના માનવીની સુખાકારી માટે કોઈ વહીવટી ગૂંચ ન પડે અને તેમનાં કામ ઝડપથી થાય તેવાં જનહિત કાર્યો કરવાની આ સરકારની નેમ છે.

મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર ખભેખભા મિલાવીને શહેરો નગરોના વિકાસની ગતિને વધુ તેજ ગતિએ આગળ લઈ જવા પ્રયત્નશીલ રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોનાકાળ દરમિયાન અમેરિકા જેવા દેશોની હાલત પણ કફોડી બની હતી ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માર્ગદર્શન આપીને સમગ્ર ભારતને કોરોનાની મહામારીમાંથી બહાર લાવીને વિકાસની ગતિને અટકવા દીધી નથી.

સુરત શહેરે હરહંમેશાં લોકોની વચ્ચે રહીને આમ આદમીના પ્રશ્નોને વાચા આપી છે. આ શહેરે કુદરતી આફતો કે મુશ્કેલીઓનો મક્કમતાપૂર્વક સામનો કરીને વિકાસની ગતિને આગળ લઈ જવા માટે નમૂનારૂપ કાર્ય કર્યું છે. સુરતના વિકાસમાંથી અન્ય જિલ્લાઓ પણ પ્રેરણા લે તેવી હિમાયત તેમણે કરી હતી.



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એમ પણ કહ્યું કે, વિકાસની જે નવતર ઊંચાઈ ગુજરાતે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હાંસલ કરી છે તેનું આગવું દૃષ્ટાંત કેવડિયા જેવા આદિજાતિ અંતરિયાળ વિસ્તારમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની વિશ્વ પ્રવાસન ધામ તરીકે ખ્યાતિથી સૌને પૂરું પડ્યું છે.

આ વેળાએ કેંદ્રિય કૃષિમંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું કે, સુરત પોતાના આત્મબળે આગળ વધેલું શહેર છે. જ્યારે જ્યારે સુરત શહેર પર આફતો આવી છે ત્યારે ત્યારે શહેરીજનોએ મક્કતમાપૂર્વક સામનો કરી બમણી ગતિથી આગળ વધ્યું છે. સુરત શહેરે કાપડ અને ડાયમંડ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ બનાવી છે. સુરત શહેર વધુને વધુ તેજ ગતિથી આગળ વધે તેવી શુભકામના તેમણે વ્યકત કરી હતી.

મહાનગરપાલિકાના અંદાજિત રૂા.૪૨.૪૫ કરોડના ખર્ચે સાકારિત થનાર કચ્છ જિલ્લાના સુખમાણ ગામ ખાતે રોહા નખત્રાણા સાઈટ ખાતે ૬.૩ મેગા વોટ ક્ષમતાનો વિન્ડ પાવર પ્લાન્ટ તથા રૂા.૩૨.૫૦ કરોડના ખર્ચેના શાળાનાં મકાન, ફાયર સ્ટેશન, આંગણવાડી મળી કુલ રૂા.૭૪.૯૫ કરોડના ખર્ચનાં વિકાસકામોનું લોકાર્પણ તથા રૂા.૬૨.૦૯ કરોડના કામોનું ખાતમુહૂર્ત તેમજ સુરત શહેરી વિકાસ સત્તામંડળના રૂા.૩૫ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસોની ઓનલાઇન ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ આરોગ્ય વિભાગની ૧૬ એમ્બ્યુલન્સને ઝંડી આપી પ્રસ્થાન કરાવીને સુરત શહેર-જિલ્લામાં રૂા.૫.૫૪ કરોડના ખર્ચે ૬ ઑક્સિજન પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીના હસ્તે આદિજાતિ વિસ્તારના દીકરા-દીકરીઓને ઘરઆંગણે શિક્ષણ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે આદિજાતિ વિભાગ દ્વારા રૂા.૬૦.૨૯ કરોડના ખર્ચે નિર્માણ થનાર ત્રણ જેટલા છાત્રાલયોનું પણ ઓનલાઇન ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

## 'સર્વ સમાવેશક વિકાસની નેમ' : CM

ગુજરાતમાં સર્વ સમાજને સાથે રાખી સર્વવ્યાપી, સર્વસમાવેશક વિકાસ કરવાની નેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે 'સરદારધામ અને સમસ્ત પાટીદાર સમાજ નાગરિક અભિવાદન સમિતિ' દ્વારા સુરતમાં આયોજિત અભિવાદન સમારોહના અધ્યક્ષસ્થાનેથી વ્યકત કરી હતી.

સુરત અને દક્ષિણ ગુજરાતના ૨૯ જેટલાં વિવિધ સામાજિક સંગઠનો દ્વારા નવનિયુક્ત મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્ર અને રાજ્ય

સરકારના મંત્રીશ્રીઓનું સન્માન કરાયું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, 'સૌના સાથ, અને સૌના વિકાસ'ના મંત્ર સાથે રાજ્યનું મંત્રીમંડળ લોકો વચ્ચે રહીને લોકપ્રશ્નોનું નિરાકરણ લાવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના વિઝન થકી સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ તરફ આગળ વધવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

પાટીદાર સમાજ સૌને સાથે રાખીને ચાલનારો સમાજ છે તેમ જણાવીને ખોટા રીતિ-રિવાજોને તિલાંજલિ આપીને દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણમાં કટિબદ્ધ બનવાની નેમ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરતા જ્ઞાતિ જાતિના ભેદભાવ વિના સર્વ સમાજનું કલ્યાણ થાય તેવી ભાવના સાથે સૌને શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે કેંદ્રીય પશુપાલન મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, વિવિધ ક્ષેત્રોમાં વિકાસ થાય તે માટે ગ્લોબલ સમિટમાં વધારેમાં વધારે લોકો જોડાય તેમજ પાટીદાર સમાજની સાથે અન્ય સમાજ પણ આ સમિટમાં ભાગ લઈને રાજ્ય અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસની દિશાના પ્રયાસો કરવા એ સમયની માંગ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ૩૦ લાખ ટન ખેતીની પરાલીને સળગાવી દેવામાં આવે છે, જેને ખાણ ઉદ્યોગક્ષેત્રે માટે ઉપયોગમાં લેવામાં આવે તો રિસાયકલિંગ અને ઔદ્યોગિક ક્ષેત્રમાં મોટી ક્રાંતિ આવી શકે તેમ છે. સરકારશ્રીની અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ લઈને એન્ટરપ્રિન્યોર તેમજ ઉદ્યોગકારોને નવી તકો મળી શકશે.

આ પ્રસંગે કેંદ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, 'પાટીદાર ગ્લોબલ સમિટમાં અનેક ઉદ્યોગકારો ભાગ લેશે, જેના થકી ઉદ્યોગક્ષેત્રે પણ વિકાસ થશે. વડાપ્રધાનશ્રીનું વિઝન છે કે, જો દરેક દેશવાસી એક ડગલું આગળ વધે તો સમગ્ર દેશ ૧૩૦ કરોડ ડગલાં આગળ વધશે.

શ્રી માંડવિયાએ વધુમાં જણાવ્યું કે, ગ્લોબલ સમિટ દ્વારા વિવિધ ઉદ્યોગકારોની આવડત તેમની સૂઝ-બુઝ તેમજ નવા વિચારોનું આદાનપ્રદાન થશે. કૃષિ અને સહકાર એ પાટીદાર સમાજના સ્વભાવમાં વણાયેલા છે. વ્યવસાયમાં વૃદ્ધિ, વેપાર- ઉદ્યોગનું પરસ્પર જોડાણ અને આર્થિક તથા સામાજિક ઉત્થાન દ્વારા દેશને વિકાસમાર્ગે વધુ તેજ ગતિથી અગ્રેસર કરી શકાશે. ગ્લોબલ સમિટ ઇન્ટરનેશનલ સમીટ બની છે, જે સામૂહિક પ્રયાસરૂપે આગળ વધે તો એનો લાભ અન્ય સમાજને પણ મળતો રહે તે જરૂરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, પાટીદાર સમાજે સમૂહલગ્ન સમારોહ, બેટી બચાવો, પેઢી પઢાઓ જેવી અનેક સમાજઉપયોગી પ્રવૃત્તિઓની શરૂઆત કરીને અન્ય સમાજોને પણ પ્રેરણા આપી છે ત્યારે આવનારા સમયમાં દીકરીઓની ઘટતી જતી સંખ્યા બાબતે પણ ચિંતા વ્યક્ત કરી હતી. આ વેળાએ પદ્મશ્રી મથુરભાઈ સવાણી, સરદારધામના નટુભાઈ પટેલ, પ્રમુખશ્રી ગગજીભાઈ સુતરિયા, શ્રી વેલજીભાઈ શેટા વગેરેએ હાજરી આપી હતી.

સમારોહની સાથોસાથ સુરત ખાતે આગામી તા.૨૬,૨૭,૨૮ ફેબ્રુઆરી- ૨૦૨૨ દરમિયાન સરસાણા ઇન્ટરનેશનલ એક્ઝિબિશન કન્વેન્શન સેન્ટર ખાતે યોજાનાર 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૨' પ્રમોશનલ પ્રોગ્રામ-૨નો કાર્યક્રમ પણ યોજાયો હતો, જેમાં આ સમિટની એક્ઝિબિશન અંગેની ડોક્યુમેન્ટરી રજૂ કરાઇ હતી. ●



# 'ગુડ ગવર્નન્સ' સરકારની પ્રાથમિકતા



સુરત જિલ્લા સેવાસદન ખાતે જનપ્રતિનિધિઓ, સ્થાનિક પ્રશાસનિક અધિકારીઓ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં જનપ્રતિનિધિઓએ કરેલી રજૂઆતોનું સત્વરે નિરાકરણ માટે મુખ્યમંત્રીશ્રીએ દિશાદર્શન કર્યું હતું.

નવી સરકાર, નવું મંત્રીમંડળ 'ગુડ ગવર્નન્સ'ના માધ્યમથી લોકોનો વિશ્વાસ સંપાદન કરશે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, સુરત શહેર અને જિલ્લાના પેન્ડિંગ પ્રશ્નો, રજૂઆતો અને લોકની સમસ્યાઓને ઉકેલવા ઉપર પૂરતું ધ્યાન કેંદ્રિત કરવામાં આવશે. બેઠકમાં સાંસદો અને ધારાસભ્યશ્રીઓએ સુરત શહેરની આસપાસ આવેલાં મોટાં કોર્પોરેટ ગૃહો તેમની સામાજિક જવાબદારીના ભાગરૂપે સી.એસ.આર. ફંડની રકમનો સુરત જિલ્લાના નાગરિકોની સુખાકારી માટે ઉપયોગ કરે તેવી વિશેષ રજૂઆત કરતાં આ અંગે રાજ્ય સરકાર યોગ્ય નિરાકરણ લાવશે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ ઉપરાંત બેઠકમાં સુરતમાં બહોળી વસતી હોવાથી આવકના દાખલા, જરૂરી પ્રમાણપત્રો મેળવવામાં લોકોનો ધસારો ખૂબ રહે છે. આ સંદર્ભે પ્રમાણપત્રો મેળવવામાં લોકોને પડતી મુશ્કેલી નિવારવા કલેક્ટર કાર્યક્ષેત્રના વિસ્તારમાં ઝોનવાઈઝ જનસેવા કેન્દ્રો શરૂ કરવાની પણ રજૂઆત થઈ હતી, જેથી લોકોને સરળતાથી દાખલાઓ મળે અને ધસારાને નિવારી શકાય. આ ઉપરાંત, આવકના દાખલા અને અન્ય પ્રમાણપત્રો માટે ભાડાકરાર રજૂ કરવો પડતો હોય છે, સામાન્ય અને મધ્યમવર્ગના લોકોને મકાનમાલિક દ્વારા ભાડાકરાર બનાવી આપવામાં આનાકાની કરવામાં આવતી હોવાથી એના સ્થાને સોસાયટીના પ્રમુખનું કે ધારાસભ્યનું રહેઠાણ અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવે તો ગરીબ અને મધ્યવર્ગીય પરિવારોને પડતી મુશ્કેલી દૂર કરી શકાય એમ જનપ્રતિનિધિઓએ રજૂઆત દરમિયાન કહ્યું હતું.

બેઠકમાં સુરતના વરાછા વિસ્તારમાં ચોમાસામાં ખાડી પૂરની સમસ્યા, વિધવા સહાયની બાકી અરજીઓ અને NFSA ના દાવા અરજીઓ, આધાર કાર્ડ કિટોની સંખ્યા વધારવા અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જે સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ હકારાત્મક પ્રતિભાવ આપતાં લોકોને સ્પર્શતી સમસ્યાઓ પર વિશેષ ધ્યાન આપીને સરકાર શક્ય તેટલી જનતાને સહાયરૂપ બનવા પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. સુરત ખાતેના ઉપરોક્ત કાર્યક્રમોમાં કેંદ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, કેંદ્રીય રેલવે અને ટેક્સટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, કેંદ્રીય પશુપાલન મંત્રી શ્રી પુરુશોત્તમભાઈ રૂપાલા, શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, માર્ગ અને મકાન વિભાગ મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રમ અને રોજગાર મંત્રી રાજ્ય શ્રી બ્રિજેશભાઈ મેરજા, ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ સર્વ શ્રી સી.આર.પાટીલ અને પ્રભુભાઈ વસાવા, મેયર ડૉ.હેમાલીબહેન બોઘાવાલા, મ્યુ.કમિશનર શ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓક, પોલીસ કમિશનર શ્રી અજય તોમર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એસ. ગઢવી સહિત ધારાસભ્યશ્રીઓ, અગ્રણીઓ, ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી આવાસનું પ્રાંગણ બન્યું
# નારીશક્તિ અભિવંદનાનું આંગણ



જાણીતા ગઝલકાર શૂન્ય પાલનપૂરીની એક ખૂબ જાણીતી ગઝલ છે. આ ગઝલનો જો સાર રજૂ કરવો હોય તો કહી શકાય કે એક દિવસ સર્જકને કંઇક અલગ કરવાનો - અદ્ભુત રચના કરવાનો વિચાર આવ્યો. સર્જકે ફૂલથી કોમળતા, મેરુથી અડગતા, ધરતીથી ધીરજ, વૃક્ષથી પરમાર્થ, નીરથી નિર્મળતા લીધી. આ બધાનું મિશ્રણ કરીને સર્જકે નારીનું સર્જન કર્યું.

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વિવિધ ક્ષેત્રે સફળતાનાં શિખરો સર કરનારી રાજ્યની ૧૮ નારીશક્તિને ગાંધીનગર સ્થિત પોતાના નિવાસસ્થાને આમંત્રિત કરીને 'નારાયણી નમોસ્તુતે' કાર્યક્રમમાં અભિવાદન કર્યું હતું.

આદ્યશક્તિની આરાધનાના આ નવરાત્રિ પર્વના નવમા નોરતે મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાનનું પ્રાંગણ માતૃશક્તિ-નારીશક્તિના અભિવાદનનું આંગણ બન્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કાર્યક્રમમાં જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિ 'નારી તું નારાયણી'માં માને છે. નારી એ શક્તિનું સ્વરૂપ અને પ્રતીક પણ છે.

મુખ્યમંત્રીશ્રીએ નવરાત્રિમાં શક્તિના સ્વરૂપને વંદન કરી વિવિધ ક્ષેત્રે નારીશક્તિના યોગદાનને બિરદાવતાં કહ્યું કે, જે ઘરમાં સ્ત્રીઓનું સન્માન કરવામાં આવે છે ત્યાં લક્ષ્મીજી નિવાસ કરે છે. દરેક ક્ષેત્રમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે. જો મહિલાઓને યોગ્ય તક મળે તો દરેક ક્ષેત્રમાં સફળતાનાં સર્વોચ્ચ શિખરો સર કરી શકે છે.

સામાજિક બંધનોમાંથી મુક્ત થઈને મહિલાઓને આગળ વધવા માટે મુખ્યમંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું. દરેક સમસ્યાનો નીડર બનીને સામનો કરવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. મહિલાઓ જાગૃત થશે ત્યારે તેમના પ્રત્યેના સામાજિક દૃષ્ટિકોણમાં ચોક્કસપણે બદલાવ આવશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મહિલાઓને વિવિધ ક્ષેત્રમાં પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર મહિલા ઉત્કર્ષની યોજનાઓ દ્વારા પ્રતિબદ્ધ છે અને આવી યોજનાઓના લાભ મેળવવામાં રાજ્ય સરકાર તેમને પૂર્ણ સહયોગ આપશે તેમ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ ક્ષેત્ર સાથે જોડાયેલી ૧૮ જેટલી નારીશક્તિ સાથે સંવાદ કરી તેમની જીવન યાત્રા અને કાર્યોથી પરિચિત પણ થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ 'નારાયણી નમોસ્તુતે' અન્વયે જે ૧૮ બહેનોનું સન્માન કર્યું તેમાં ટોક્યો પેરા-ઓલમ્પિકમાં ટેબલ ટેનિસની રમતમાં સિલ્વર મેડલ વિજેતા ભાવિના પટેલ, ગુજરાતના પ્રથમ અને દેશના ચોથા મહિલા સ્કાય ડાઇવર શ્વેતા પરમાર, માત્ર ૧૯ વર્ષની નાની વયે કમર્શિયલ પાયલટ બનનાર મૈત્રી પટેલ, કચ્છી મહિલા એન્ટરપ્રેન્યોર પાબીબહેન રબારી, મેંગો જંક્શન સ્વીટશોપના સ્થાપક એવાં મહિલા એન્ટરપ્રેન્યોર ડૉ. ધરા કાપડિયા, સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે મહિલા સ્વસહાયજૂથનાં પ્રમુખ પ્રેમીલાબહેન તડવી, વિચરતી-વિમુક્ત જાતિના ઉત્કર્ષ માટે સમાજિક કાર્યકર મિત્તલ પટેલ, કોરોના દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની અંતિમવિધિ કરનાર હિનાબહેન વેલાણી, કોરાનાકાળમાં ટ્રક રાઈડ દ્વારા ગામડાઓમાં માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ કરનાર દુરૈયા તપિયા, દિવ્યાંગ સામાજિક કાર્યકર શોભના સપન શાહ, સામાજિક કાર્યકર રસીલાબહેન પંડ્યા, આર.જે અને યૂ-ટ્યૂબર અદિતિ રાવલ, સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે રેડિયો જોકી ડૉ. નીલમ તડવી, સંગીત કલાકાર સ્તુતિ કારાણી, ભરત નાટ્યમના કલાકાર માનસી પી. કારાણી, લેખિકા, એન્કર પાર્મીબહેન દેસાઈ, પ્રગતિશીલ ખેડૂત ભારતીબહેન રામદેવ ખૂંટી તેમજ રાજ્યકક્ષાના શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કારથી સન્માનિત દેમાબહેન ચૌધરીનો સમાવેશ થાય છે.

કલાગુરુ શ્રી ચંદન ઠાકોર દ્વારા સંચાલિત અમદાવાદની જાણીતી નૃત્યભારતી સંસ્થાના કલાકારોએ મહિષાસુરમર્દિની સ્ત્રોત પર ભરતનાટ્યમ્ નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# "સહી પોષણ દેશ રોશન"



✐ નરેશ ચૌધરી

દેશ વ્યાપી પોષણ અભિયાન જનઆંદોલનનું સ્વરૂપ લઇ રહ્યું છે. પોષણ અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૧ની ઉજવણી જનભાગીદારી સ્વરૂપે સમગ્ર રાજયમાં દરેક કક્ષાએ કરવામાં આવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજસ્થાનના ઝુંઝુનુ ખાતેથી તા. ૮ માર્ચ, ૨૦૧૮ના રોજ પોષણ અભિયાનની રાષ્ટ્રવ્યાપી શરૂઆત કરવામાં આવી હતી. પોષણ અભિયાનનું મુખ્ય લક્ષ્ય નાનાં બાળકો, મહિલાઓ અને કિશોરીઓમાં કુપોષણ અને એનેમિયા ઘટાડવાનું છે.

રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને મહિલા બાળ વિકાસ રાજયમંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે ગુજરાતનાં બાળકોને સુપોષિત બનાવવા માટે તમામ લોકોના સહયોગથી રાજયમાંથી કુપોષણને સંપૂર્ણપણે નાબૂદ કરી સુપોષિત બનાવવા અનેક કદમો ઉઠાવ્યાં છે. આ માટે રાજયના મહિલા અને બાળવિકાસ વિભાગ સાથે આરોગ્ય વિભાગ સહિત અન્ય વિભાગોને સાથે રાખી સહકાર અને સંકલન દ્વારા ઘનિષ્ઠ આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાં ગત સપ્ટેમ્બર માસ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમાં ચાર થીમ આધારિત કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

### રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૧ની રાજયવ્યાપી જન ભાગીદારી સાથે ઉજવણીના મુખ્ય અંશો

પોષણ અભિયાન અન્વયે સપ્ટેમ્બર માસ-૨૦૨૧ દરમ્યાન ચાર સપ્તાહની અલગ અલગ થીમ આધારિત સમગ્ર રાજયમાં વ્યાપક સ્તરે રાષ્ટ્રીય પોષણ માસ દરમ્યાન વિવિધ વિભાગો સાથે અસરકારક સંકલન અને સહકાર દ્વારા જન ભાગીદારી સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેના મુખ્ય અંશો આ મુજબ છે.

- રાજયમાં આંગણવાડી કર્મીઓ, આશા વર્કર અને ફીમેલ હેલ્થ વર્કર દ્વારા ૦ થી ૬ વર્ષના ૨૪.૬૮ લાખ બાળકોના વજન અને ઊંચાઇની ચકાસણી.
- પોષણવાટિકા અન્વયે ૨૪૮૬૬ જેટલી રેલીઓ દ્વારા પ્રચાર-પ્રસાર.
- આંગણવાડી કેન્દ્રો, શાળાઓ, ગ્રામપંચાયત અને વિવિધ લાભાર્થીઓના ઘર સહિત ૧.૧૩ લાખ પોષણવાટિકાઓ બનાવવામાં આવી. જેમાં ૩૦ જેટલાં શાકભાજી અને ૨૨ જેટલાં વિવિધ ફળાઉ રોપાઓ મળી ૬૬૫૯૬ ફળાઉ રોપાઓનું પોષણ વાટિકામાં વાવેતર.
- ૨૨૯૨૮ અન્ય વિવિધ પ્રવૃતિઓ જેમાં પોષણ બેઠક, રેલીઓ, વાનગી બનાવવાની હરીફાઇ, વાનગી પ્રદર્શન, મહેંદી સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધાઓ તથા કોવિડ-૧૯ વૅક્સિન રસીકરણ અંગે જાગૃતિ.
- ગુજરાત યોગ બોર્ડ દ્વારા "યોગ અને પોષણનો સમય"ના સેટકોમ દ્વારા ખાસ એપિસોડના પ્રસારણ કાર્યક્રમમાં લાખો લોકો જોડાયા.
- ૧.૬૨ લાખ જેટલી પોષણકિટનું આંગણવાડીના અતિકુપોષિત તથા કુપોષિત બાળકો, ધાત્રી માતાઓ, સગર્ભા બહેનોને વિતરણ. આ ઉપરાંત રાજયના ધાર્મિક અને સામાજિક ટ્રસ્ટો, એન.જી.ઓ અને સુખી સંપન્ન પરિવારોનાં સહયોગથી સુખડી, ખજૂર, ઘી, ગોળ, કઠોળ અને ફળોની પોષણ કીટનુ પણ વિતરણ કરાયું.
- પોષણ માસના ચોથા સપ્તાહ દરમ્યાન અતિ કુપોષિત 19192 બાળકોને શોધીને 1288 બાળકોને NRC/CMTCમાં રીફર કરવામાં આવ્યાં.
- સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને કિશોરીઓને માહિતગાર કરવા ટી.એચ.આર.નો ઉપયોગ પોષણ આહાર અને પ્રથમ 1000 દિવસની જાણકારી માટે નવ લાખ જેટલા પોસ્ટર દરેક ગામોમાં દૂધ મંડળી, ગ્રામ પંચાયત અને જાહેર સ્થળોએ પ્રદર્શિત કરીને વ્યાપક પ્રચાર પ્રસાર.
- પોષણ માસની ઉજવણી સાર્થક કરવા જિલ્લા કક્ષાએ 330 બેઠકો અને ગ્રામ્ય કક્ષાએ 3550 ગ્રામ સભાના આયોજન દ્વારા ગ્રામ્ય કક્ષાએ રાષ્ટ્રીય પોષણ માસની જાગૃત્તિ અને પ્રચાર - પ્રસાર માટે અસરકારક આયોજન.
- આંગણવાડી કર્મીઓ દ્વારા રાષ્ટ્રીય પોષણ માસની જાગૃતિ અર્થે ચાર લાખથી વધુ કુટુંબોની ગૃહ મુલાકાત.
- રાજ્યના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 24,094 પોષણ રેલીઓ દ્વારા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી.
- 17,816 મમતા દિવસ અને 44,346 મંગળ દિવસની ઉજવણી.
- ન્યુટ્રીશન ફૂડની રેસિપી સ્પર્ધાઓમાં 6,89,363 સગર્ભા બહેનો સહભાગી બની પોષણ અંગે જાગૃત બની.
- આયુષ જાગૃતિ અભિયાનમાં 61,509 લોકો જોડાયા. ●

# દિવ્યાંગ ક્રિશને મળી શિક્ષણની પાંખ

દરેક માનવના માનસમાંથી અજ્ઞાનનો અંધકાર દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પ્રગટે તે શિક્ષણની ફળશ્રુતિ છે. શિક્ષણથી માણસને આંખ અને પાંખ બંને મળે છે. આંખ એટલે નવી દૃષ્ટિ મળે છે અને પાંખ એટલે નવી દિશા પ્રાપ્ત થાય છે. કોરોનાના કપરા કાળમાં શિક્ષણની પાંખને સંકોચાતી અટકાવવા માટે વર્ચ્યુઅલ વર્ગખંડની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં પણ દિવ્યાંગ બાળકોની વિશેષ કાળજી લેવામાં આવે છે. આજે આવા જ દિવ્યાંગ બાળક ક્રિશની વાત કરવી છે.






વડોદરાના પિંગલવાડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો પરમાર ક્રિશ જગદીશભાઈ જેની ઉમર ૯ વર્ષ છે. તે ત્રીજા ધોરણમાં અભ્યાસ કરે છે. આ બાળક સી.પી પ્રકારની દિવ્યાંગતા ધરાવે છે. તેને જન્મ બાદ કમળો થયો હોવાથી આઈસીયુમાં રાખવામાં આવ્યો હતો. તે પોતાની રોજિંદી ક્રિયાઓમાં પણ સક્ષમ ન હતો. દરમ્યાન સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા ઘર મુલાકાત કરી તેનું અસેસમેન્ટ કરવામાં આવ્યું.તેના વાલી પાસેથી બાળકની સંપૂર્ણ માહિતી લેવામાં આવી. વાલીને સર્ટિફિકેટ માટે સમજ આપવામાં આવી, જરૂરી ડોક્યુમેંટ પણ લખીને આપ્યા.એ મુજબ વાલીએ પોતાના બાળકનું સર્ટિફિકેટ કઢાવ્યું.ત્યાર બાદ સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા ક્રિશનું શાળામાં નામાંકન કરવામાં આવ્યું.

કોવિડ-19 દરમિયાન ચાલતા હોમલર્નિંગ અંતર્ગત ક્રિશ રોજ જોડાય છે. જે પણ ગ્રૂપમાં વીડિયો શેર કરવામાં આવે છે. તે બધા જ વીડિયો જુએ છે. ક્રિશને હોમલર્નિંગમાં ભણવાની ખૂબ જ મજા આવે છે. ક્રિશ ગ્રૂપમાં જે પણ એક્ટિવિટી કરાવવામાં આવે છે. એમાં ઉત્સાહથી ભાગ લે છે સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા ક્રિશના વાલીને સૂચન કરવામાં આવ્યું કે, ક્રિશને લઈને ફરજિયાત રિસોર્સરૂમમાં આવવું. જેથી ફિઝિયોથેરાપીનો લાભ મળે. ક્રિશના વાલી રેગ્યુલર રિસોર્સરૂમમાં લઈને આવવા લાગ્યા. જેથી તેને હાથ પગની એક્સરસાઇઝ ચાલુ કરી ત્યારબાદ ક્રિશ હાથની મદદથી નાની-મોટી વસ્તુ પકડી શકતો થયો. ધીરે - ધીરે ક્રિશમાં ઘણો સુધારો આવ્યો. ક્રિશ પકડીને ઊભો રહી શકે છે.

સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા ઘર મુલાકાત કરી. ક્રિશને અવનવું શીખવવામાં આવે છે. સ્પેશિયલ એજ્યુકેટર જે પણ વીડિયો ગ્રૂપમાં મોકલવામાં આવે છે. એ બધા જ વીડિયો ક્રિશને બતાવે છે.

ક્રિશનું સિવિલ સર્ટિ. ૧૦૦%નું છે. ક્રિશ નું યુ.ડી.આઈ.ડી. કાર્ડ અને બસ પાસ પણ મેળવી લીધો છે. તે જે પણ ઓનલાઇન વેબિનાર થયા એમાં જોડાય છે. લુઈસબ્રેઈલ અંતર્ગત ઓનલાઇન વેબિનાર રાખવામા આવ્યો હતો. જેમાં ક્રિશના વાલી એને રિસોર્સરૂમ ખાતે લઈને આવ્યા હતા. જેથી ઓનલાઇન વેબિનારમાં ફિઝિયોથેરાપીની મદદથી એક્સરસાઇઝનો લાઈવ ડેમો આપવામાં આવ્યો. જેથી તમામ તાલુકાના સ્પેશિયલ એજ્યુકેટર આ ફિઝીયોથેરાપીની મદદથી એક્સરસાઇઝનો લાઈવ ડેમો નિહાળી શકે. જેનાથી આ એક્સરસાઇઝનો લાઈવ ડેમો વાલીને પણ જોવા મળ્યો. જેનાથી બાળકોને ઘણો લાભ થયો છે.

પરમાર ક્રિશ જગદીશભાઇને સેરેબ્રલ પાલ્સીની દિવ્યાંગતા છે. તેને પ્રભાત અંધજન મંડળ ડભોઇ દ્વારા ગ્રોસરી કિટ આપવામાં આવી અને દાતાશ્રી તરફથી નાસ્તાનો ડબ્બો અને પાણીની બોટલ આપવામાં આવી. મોનાકેમ તરફથી બાળકને વ્હિલચેર આપવામાં આવી. જે બાળકના રોજિંદા કાર્યમાં ખૂબ જ ઉપયોગી છે. વ્હિલચેર મળવાથી બાળક સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યા એ જઈ શકે છે. હાલ ચાલતાં શેરી શિક્ષણમાં પણ ભાગ લે છે. જેના ફળ સ્વરૂપે બાળકનો માનસિક તથા શૈક્ષણિક વિકાસ થયો છે. તેમજ સામાન્ય બાળકની જેમ દિવ્યાંગ બાળકને પણ શિક્ષણ પ્રત્યે રસ અને રુચિમાં ઉત્તરોત્તર વધારો થયો છે. શિક્ષણની પાંખ થકી ક્રિશ જેવા અનેક દિવ્યાંગ બાળકો વિહરી રહ્યા છે. ●

# નવનિયુક્ત સુપરવાઇઝર - ઇન્સ્ટ્રક્ટર્સને નિમણૂક પત્રો

રાજયની પ્રગતિના ચાર માપદંડ શાંતિ, સલામતી, સ્થિરતા અને સુશાસન છે. ગુજરાતમાં છેલ્લા બે દાયકાથી શાંતિ અને સુશાસનના પરિણામે આજે વિશ્વ કક્ષાના ઉદ્યોગગૃહોની ગુજરાતમાં સ્થાપના થકી વ્યાપક રોજગારીનુ નિર્માણ થયું છે જેના પરિણામે સૌથી વધુ રોજગારી પૂરી પાડી ગુજરાત આજે રોલ મૉડલ પુરવાર થઈ રહ્યું છે. આ દિશામાં આગળ ડગ માંડતા ગાંધીનગરના મહાત્મા મંદિરમાં શ્રમ રોજગાર વિભાગ આયોજિત કાર્યક્રમમાં નવનિયુકત ૧૩૦૦ જેટલા સુપરવાઇઝર્સ-ઇન્સ્ટ્રકટર્સને નિમણૂક-પત્રો અર્પણ થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્ય સરકારની સેવામાં જોડાઇ રહેલા આ નવનિયુકત સુપરવાઇઝર-ઇન્સ્ટ્રકટર્સને અભિનંદન પાઠવતાં કહ્યું કે, રાજ્યમાં મહત્તમ લોકોને રોજગારી મળે તેવો સરકારનો ધ્યેય છે. યુવાનોને રોજગાર અવસર મળતા નથી તેવું કહેનારાઓ ગુજરાતની તુલના અન્ય રાજ્યોના રોજગારીના આંકડા સાથે કરે તો ગુજરાતમાં અન્ય રાજ્યોની સાપેક્ષમાં કેટલી રોજગારી મળી રહી છે તેનો ખ્યાલ આવી જશે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સંગઠિત અને બાંધકામ ક્ષેત્રના પાંચ જેટલા શ્રમિકોને ઇ-વિહિકલ ખરીદી માટેની સબસિડીના ચેક પણ અર્પણ કર્યા હતા.

શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજાએ નવનિયુકત સુપરવાઇઝર્સ અને ઇન્સ્ટ્રકટરને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'શ્રમ એવ જયતે'ના સૂત્રને સાકાર કરવા માટે યુવાનોને આધુનિક સમય મુજબની તાલીમ તેમજ સમયની માગ અનુસાર કૌશલ્યબદ્ધ તાલીમ મળી રહે એ માટે રાજયમાં કાર્યરત આઈ.ટી.આઈને પ્રોત્સાહિત કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે, તે સૌને નવી દિશા ચીંધશે. મંત્રી શ્રી મેરજાએ ઉમેર્યું કે, આગામી સમયમાં આધુનિક તાલીમબદ્ધ અને કૌશલ્યબદ્ધ યુવાનોની ઉદ્યોગગૃહોની માંગ અનુસાર માનવબળ પૂરુ પાડવા માટે રાજયમાં કાર્યરત આઈ.ટી. આઈમાં ચાલી રહેલા અભ્યાસક્રમોનું અપગ્રેડેશન કરવાની પણ રાજ્ય સરકારની નેમ છે.

શ્રમ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્માએ ઉપસ્થિત મહેમાનો અને આઈ.ટી.આઈમાં પસંદગી પામેલા સુપરવાઈઝર - ઇન્સ્ટ્રક્ટરશ્રીઓ તથા લાભાર્થીઓનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી ગો ગ્રીન યોજનાની વિસ્તૃત વિગતો આપી હતી.

રાજ્યને ગ્રીન - પોલ્યુશન ફ્રી બનાવવા તથા શ્રમયોગીઓને પરિવહનમાં આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર દ્વારા "ગો-ગ્રીન યોજના" લોન્ચ કરવામાં આવી છે તે અંતર્ગત સંગઠિત અને બાંધકામ ક્ષેત્રના શ્રમયોગીઓને ઈલેક્ટ્રિક ટુ વ્હીલરની ખરીદી ઉપર ખાસ નાણાકીય સહાય આપવામાં આવશે.

સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને વાહનની કિંમતના ૩૦ ટકા અથવા રૂ.૩૦ હજારની મર્યાદામાં સબસિડી ચૂકવવામાં આવશે. જ્યારે બાંધકામ ક્ષેત્રના શ્રમયોગીને વાહનની કિંમતના ૫૦ ટકા અથવા રૂ. ૩૦ હજારની મર્યાદામાં સબસિડી આપવાની જોગવાઈ ગો-ગ્રીન યોજનામાં કરવામાં આવી છે.



આ ઉપરાંત આ યોજના હેઠળ વાહનના આરટીઓ રજિસ્ટ્રેશન ટેક્સ તથા રોડ ટેક્સ ઉપર વન-ટાઇમ સબસિડી પણ આપવામાં આવશે.

ગો-ગ્રીન યોજનાના અસરકારક અમલીકરણ માટે રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા મોબાઇલ એપ્લિકેશન અને અત્યાધુનિક પોર્ટલ www.gogreenglwb.gujarat.gov.in પણ શરૂ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના ચેરમેન શ્રી સુનીલ સિંઘી, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, શ્રમ આયુક્ત શ્રી પી. ભારથી, શ્રમ અને રોજગાર વિભાગના ડાયરેક્ટર શ્રી આલોકકુમાર પાંડે, આઈ.ટી.આઈ માં પસંદગી પામેલા સુપરવાઈઝર - ઇન્સ્ટ્રક્ટરશ્રીઓ સહિત બેટરી ઓપરેટેડ દ્વિચક્રી વાહન માટેના લાભાર્થીઓ સહિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●


VISSCO

# રાજ્યના ભૂલકાંઓને ન્યુમોનિયા મગજના તાવ સામે આરોગ્ય સુરક્ષા કવચ



ભારત સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અન્વયે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પરથી આ વૅક્સિન દોઢ વર્ષ સુધીના બાળકોને વિનામૂલ્યે અપાશે.

ખાનગી ક્ષેત્રમાં સામાન્યત: રૂ. ૩૦૦૦ થી ૪૫૦૦ ની કિંમતે મળતી આ વૅક્સિન સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સરકાર વિનામૂલ્યે લાભાર્થી બાળકોને આપવાની છે. રાજ્યમાં એક વર્ષમાં અંદાજે ૧૨ લાખ જેટલાં બાળકોને ૩ ડોઝ મળીને કુલ ૩૬ લાખ PCV ડોઝ આપવામાં આવશે. બાળકને જન્મના ૬ અઠવાડિયે આ વૅક્સિનનો પહેલો ડોઝ, ૧૪ અઠવાડિયે બીજો ડોઝ અને ૯ મહિના બાદ ત્રીજો બૂસ્ટર ડોઝ વૅક્સિન આપવામાં આવશે.

ન્યુમોકોકલ ન્યુમોનિયા શ્વાસોશ્વાસને લગતો રોગ છે, જે ફેફસામાં બળતરા અને પ્રવાહીનું સંચય કરે છે. ઉધરસ, છાતીનું અંદર ખેંચાવું, શ્વાસ લેવામાં તકલીફ, તીવ્ર શ્વાસ અને ગળામાં સસણી બોલવી આ રોગનાં મુખ્ય લક્ષણો છે. જો શિશુ આ રોગથી ગંભીર રીતે બીમાર હોય તો, તેને ખાવા-પીવામાં તકલીફ પડે છે, આંચકી આવી શકે અથવા બેભાન થઈ શકે છે, અને તેનું મૃત્યુ પણ થઈ શકે છે.

ન્યુમોકોકલ સંક્રમણના કારણે કે મેનિન્જાઇટિસ, સેપ્ટિસીમિયા અને ન્યુમોનિયા જેવા ગંભીર રોગ સાથે - સાથે સાઈનુસાઈટિસ જેવા મંદ પણ વધારે સામાન્ય રોગો પણ થઇ શકે છે.

ભારતમાં ન્યુમોકોકલ ન્યુમોનિયાના કારણે ૨૦૧૦માં પાંચ વર્ષથી નાના આશરે એક લાખ અને ૨૦૧૫માં લગભગ ૫૩ હજાર બાળકો મૃત્યુ પામ્યાં હતાં. ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિન- PCV પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોનો

તંદુરસ્ત રાષ્ટ્ર નિર્માણ માટે આરોગ્ય સુવિધાઓને સુદ્રઢ કરવાનું લક્ષ્ય ગુજરાત સરકારે સેવ્યું છે. વર્તમાન સરકાર રાજ્યના નાગરિકોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે સતત ચિંતા અને ચિંતન કરતી સરકાર છે. કોરોનાકાળમાં પણ ખમીર અને ખુમારીથી તેની સામે લડીને રાજ્યના આરોગ્ય તંત્રએ દાખલો બેસાડ્યો છે. જેની નોંધ સમગ્ર વિશ્વએ લેવી પડી હોય ત્યારે ભારતના ભાવિ એવાં બાળકોના આરોગ્યને સુધારવા તેમજ ભાવિ પેઢીને સક્ષમ બનાવવા બાળઆરોગ્યલક્ષી, અભિયાન રાજ્ય સરકાર ચલાવી રહી છે, જેનો મુખ્ય હેતુ ગુજરાતના નવજાત શિશુઓને આરોગ્યલક્ષી સુરક્ષા પ્રદાન કરવાનો અને નિરામય જીવન પ્રદાન કરવાનો છે. દેશ અને ગુજરાતની ઉજ્જવળ આવતીકાલ સમા ભૂલકાં-બાળકોને ન્યુમોનિયા અને મગજના તાવ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતી ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિન-PCV થી સાર્વત્રિક રસીકરણ અભિયાન અન્વયે આવરી લેવાનો મહત્ત્વપૂર્ણ આરોગ્ય સુરક્ષા સેવા યજ્ઞનો રાજ્ય સરકારે આરંભ કર્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ વૅક્સિનેશન કાર્યક્રમનો રાજ્યવ્યાપી પ્રારંભ છોટાઉદેપૂર જિલ્લાના અલ્હાદપૂરાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરથી કરાવ્યો હતો.

**દેશ અને ગુજરાતની ઉજ્જવળ આવતીકાલ સમા ભૂલકાં-બાળકોને ન્યુમોનિયા અને મગજના તાવ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતી ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિન-PCV થી સાર્વત્રિક રસીકરણ અભિયાન અન્વયે આવરી લેવાનો મહત્ત્વપૂર્ણ આરોગ્ય સુરક્ષા સેવા યજ્ઞનો રાજ્ય સરકારે આરંભ કર્યો છે.**

## ન્યુમોકોકલ વૅક્સિનથી બાળમૃત્યુદરમાં ઘટાડો

***આ રસીથી બાળકોને ન્યુમોનિયા તથા મગજના તાવ સામે સુરક્ષા પ્રદાન કરવામાં મદદ મળશે. અત્યાર સુધી ટીબી, પોલિયો, ડીપ્થેરિયા, હિપેટાઈટિસ બી, ટીટેનસ, મિસલ, રુબેલા અને રોટા વાયરસના જેવી ગંભીર બિમારીથી રક્ષણ આપતી રસી સરકાર તરફથી વિનામૂલ્યે દરેક સરકારી દવાખાનામાં ઉપલબ્ધ છે. જેમાં સૌથી મોંઘી એવી ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિન હવે સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં દરેક સરકારી દવાખાના પર મળશે. આ રસીના કુલ ત્રણ ડોઝ દોઢ મહિને સાડા ત્રણ મહિને અને નવ મહિના બાદ બુસ્ટર ડોઝ આપવામાં આવશે. આમ, ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિન આપવાથી ન્યુમોકોકલ ન્યુમોનિયાના કારણે થતા ૩૦ થી ૩૫ ટકા બાળકોનું જીવન બચાવી શકાશે અને બાળ મૃત્યુદર ઘટાડવામાં મદદરૂપ થશે.***

### નવજાત શિશુના સ્વાસ્થ્ય માટે પીસીવી રસી

ગાંધીનગરમાં ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિનેશનનો પ્રારંભ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે બાળકને વૅક્સિનના ટીપાં પિવડાવી કરાવ્યો હતો. આ રસીકરણ કાર્યક્રમમાં આરોગ્ય રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે ઉપસ્થિત રહી રાજ્ય સરકારના આ નિર્ણયને નવજાત શિશુના આરોગ્ય માટે મહત્ત્વનો ગણાવ્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારના સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં ન્યુમોનિયા તેમજ મગજના તાવથી બચાવતી ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિનનો (પી.સી.વી.) સમાવેશ કરવામાં આવ્યો છે. સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર દેશમાં વિવિધ આરોગ્ય કેન્દ્રો પર ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિન (પી.સી.વી.) વિનામૂલ્યે ઉપલબ્ધ હોવાનું જણાવ્યું હતું. મૃત્યુદર ઘટાડવામાં ઉપકારક નિવડશે.

PCVનું રસીકરણ બાળકોમાં ન્યુમોકોકલ રોગના કારણે થતા રોગો અને મૃત્યુને અટકાવે છે. બે વર્ષથી નાનાં બાળકોમાં ગંભીર ન્યુમોકોકલ રોગનું જોખમ રહે છે પણ એનું સૌથી વધારે જોખમ એક વર્ષથી નાનાં બાળકોમાં હોય છે. PCV રસીકરણ ન કેવળ શિશુની રક્ષા કરશે પરંતુ બાળકમાં ન્યુમોકોકલ રોગના જોખમને પણ ઘટાડશે. બાળકોને પલ્સ પોલિયો રસી આપવાના વ્યાપક અભિયાનને પગલે ગુજરાત ૨૦૦૭માં પોલિયો મુક્ત જાહેર થયું છે.

હવે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિનેશનના યુનિવર્સલ પ્રોગ્રામથી રાજ્યમાં નવજાત બાળકોને ન્યુમોનિયા અને મગજના તાવથી સંપૂર્ણ રક્ષણ આપવાની નેમ પાર પડશે અને ગુજરાત ચાઈલ્ડ હેલ્થકેરમાં પણ અગ્રેસર રહેશે.

બાળસુરક્ષા માટે સરકારનાં પગલાં અંગે માહિતી આપતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરોગ્ય ક્ષેત્રે લેવામાં આવી રહેલાં નવીન પગલાઓમાંનું એક મહત્ત્વનું પગલું એટલે ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિન(પી.સી.વી.)નો સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં સમાવેશ. ન્યુમોનિયા તથા મગજનો તાવ એ ન્યુમોકોકલ બેક્ટેરિયાથી થતી બીમારીઓ છે. ન્યુમોનિયા પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુનું એક મુખ્ય કારણ છે ત્યારે આવી બીમારીઓ સામે બાળકોને સુરક્ષા પૂરી પાડવામાં આ વૅક્સિન (પી. સી.વી.) મદદરૂપ સાબિત થશે.

આ વેળાએ આરોગ્ય રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે કહ્યું કે, આ એક સુરક્ષિત વૅક્સિન છે. આ વૅક્સિન અન્ય નિર્ધારિત વૅક્સિન સાથે આપવામાં આવશે. એક જ સમયે ઘણી બધી રસીઓ આપવી બાળકો માટે પૂર્ણ રીતે સુરક્ષિત અને અસરકારક છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પદભાર સંભાળતાની સાથે જ અનેક જનહિતલક્ષી નિર્ણયો લેવાના શરૂ કર્યા છે ત્યારે આ ન્યુમોકોકલ કોંજુગેટ વૅક્સિનેશનનો (પી.સી.વી.) નિર્ણય સ્વસ્થ અને સક્ષમ રાષ્ટ્રના નિર્માણ માટે મહત્ત્વનો પુરવાર થશે. આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, વરિષ્ઠ તબીબશ્રીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●



# ગુજરાત પોલીસ રડાર સ્પીડ ગન સાથે ઇન્ટરસેપ્ટર વાનથી સજ્જ

અકસ્માત થવામાં મોટેભાગે ઓવરસ્પીડ કારણભૂત હોય છે. અકસ્માતને કારણે દર વર્ષે અનેક લોકો મહામૂલા જીવનથી હાથ ધોઇ બેસે છે. ગુજરાત પોલીસ માટે અકસ્માતનાં મુખ્ય કારણ સ્વરૂપ ઓવર સ્પીડને કાબૂમાં લેવું આવશ્યક બન્યું છે. તાજેતરમાં ગૃહ વિભાગ દ્વારા ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ગુજરાત પોલીસને ઓવર સ્પીડને કારણે બનતા અકસ્માતોને અટકાવવા માટેના ઇન્ટરસેપ્ટર ૪૮ વાહનો અને મુખ્ય ધોરીમાર્ગો ઉપર પેટ્રોલિંગ કરી અકસ્માત સમયે ફર્સ્ટ રિસ્પોન્સ વ્હિકલ તથા રેસ્કયુ વ્હિકલ એવા ૪૨ હાઇવે પેટ્રોલ વાહન આપવામાં આવ્યા છે. આ વાહનોને ગાંધીનગરથી રાજયગૃહમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીના હસ્તે પ્રસ્થાન કરાવવામાં આવ્યાં હતાં.

વાહનોનું પ્રસ્થાન કરાવી ગૃહરાજય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ જણાવ્યું હતું કે, ઓવર સ્પીડના કારણે બનતા અકસ્માતોને અટકાવવા સારુ અતિ આધુનિક સાધનોથી સજ્જ રડાર સ્પીડ ગન સાથે ગુજરાત પોલીસના ઉપયોગ સારું ઇન્ટરસેપ્ટર વાન તૈયાર કરવામાં આવી છે. આવી ૪૮ વાન વિવિધ જિલ્લાને સુપ્રત કરવામાં આવી છે. તેમજ વાહન અકસ્માતમાં ઘણી વ્યક્તિઓ ઇજાગ્રસ્ત હાલતમાં વાહનમાં ફસાઇ જાય છે. તેમને બહાર કાઢવા માટે વાહનના દરવાજા તોડી કે કાપી નાખી ઇજાગ્રસ્તને બહાર કાઢવા અને કુદરતી આફતોના સમયે નાગરિકોને ઉપયોગી બની રહે તેવી હાઇવે પેટ્રોલ ૪૨ વાહન પણ વિવિધ શહેર- જિલ્લામાં આપવામાં આવ્યાં છે.

તેમણે ઉમેર્યું હતું કે, આગામી સમયમાં પોલીસ વિભાગને વધુ સજ્જ બનાવવા માટે વિવિધ સુવિધા સાથેનાં ૧૧૦૦ જેટલાં વિવિધ પ્રકારનાં જેવાં કે ગાડી, ટુવ્હિલર અને અન્ય વાહનોની જરૂરિયાત મુજબ ખરીદી કરવામાં આવશે.

ગુજરાત પોલીસને અર્પણ કરવામાં આવેલી ૪૮ ઇન્ટરસેપ્ટર વાનની ડિઝાઇનિંગમાં હાઇક્વૉલિટીની રિફલેક્ટિવ સલામતી સ્ટ્રીપ્સ અને સાઇનેઝ અને ગુજરાત પોલીસના લોગ સાથે તૈયાર કરવામાં આવી છે. તેમજ આ વાનમાં અતિ આધુનિક લેસરસ્પીડ ગન, પીટીઝેડ કેમેરા, પબ્લિક એડ્રેસ સિસ્ટિમ, મોબાઇલ નેટવર્ક વીડિયો રેકાર્ડર, અગ્નિ શામક અને ફર્સ્ટ એઇડ બોક્સ વગેરે લગાડવામાં આવ્યા છે. આ વાન દ્વારા ઓવર સ્પીડથી જતાં વાહનોને અંકુશમાં લેવાનો છે. ઇન્ટરસેપ્ટર વાન ઇનોવામાં તૈયાર કરવામાં આવી છે. આ ૪૮ ઇન્ટરસેપ્ટર વાન રૂ. ૧૦.૪૬ કરોડનાં ખર્ચે તૈયાર કરવામાં આવી છે. આ વાન અમદાવાદ શહેરને ૪, સુરત શહેરને ૩, રાજકોટ શહેરને ૨, વડોદરા શહેરને ૨ તથા જિલ્લાઓમાં એક- એક મળી કુલ- ૪૮ ઇન્ટરસેપ્ટર વાહનોની ફાળવણી કરવામાં આવી છે.

હાઇવે પેટ્રોલ વાહન શહેર અને જિલ્લામાં આવેલા મુખ્ય ધોરીમાર્ગો ઉપર પેટ્રોલિંગ કરી અકસ્માત સમયે ફર્સ્ટ રિસ્પોન્સ વ્હિકલ તથા રેસ્કયુ વ્હિકલ તરીકે કામ કરશે. આ વાહન થકી વાહન અકસ્માતમાં ઇજાગ્રસ્તને વ્યક્તિને બહાર કાઢવા અને હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી કરશે. સમગ્ર રાજયમાં શહેર અને જિલ્લા યુનિટને એક-એક એ રીતે કુલ ૪૨ હાઇવે પેટ્રોલ વાહનોની ફાળવણી કરવામાં આવી છે. ૪૨ હાઇવે પેટ્રોલ વાન કુલ રૂપિયા ૬ કરોડ ૫૬ લાખથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. હાઇવે પેટ્રોલ વાહનમાં હાઇડ્રોલીક રેસ્કયુ કિટ, સ્ટ્રેચર, પોર્ટેબલ ઇમરજન્સી લાઇટની બેગ, ઇલેક્ટ્રિક મોટર સાથે સ્ટીલ રસ્સી, હાઇડ્રોલિક જેક, વુડ કટર, માઇક અને સાયરન સાથે રૂફ લાઇટબાર અને પીએ સિસ્ટિમ, પીટીઝેટ કેમેરા ડે- નાઇટ, અગ્નિશામક, રિચાર્જેબલ ટોર્ચ, ફર્સ્ટ એઇડ બોક્સ, એલીડી મોનિટર, મોબાઇલ નેટવર્ક વીડિયો રેકોર્ડર અને રીઅર કેમેરા જેવી સુવિધાથી સજ્જ બનાવવામાં આવી છે. ●



# સોસાયટીઓમાં CCTV નેટવર્ક માટે પ્રોત્સાહક નીતિ ઘડાશે




પ્રદેશ-રાજ્યની પ્રગતિના પાયામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હોય છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એવી હોવી જોઈએ કે જેમાં પ્રત્યેક નાગરિકને સલામતીનો અનુભવ થાય. સુરક્ષા અંગે કોઈપણ નાગરિકમાં લેશમાત્ર શંકા ન હોય. આવી જ પરિસ્થિતિને જાળવી રાખવાનો પ્રયાસ ગુજરાત સરકાર કરી રહી છે. કાયદા વ્યવસ્થા જાળવવામાં પોલીસની ભૂમિકા મુખ્ય હોય છે. વળી પોલીસ વિભાગનું કાર્ય પણ રાઉન્ડ ધી ક્લોક ચાલુ રહેતું હોય છે. ત્યારે ગુનાખોરી ઉપરાંત પોલીસ વિભાગ તેમજ જનતા પાસેથી મળતાં સૂચનો, અભિપ્રાય પણ કાયદો વ્યવસ્થા સંબંધિત ભાવિ નીતિ ઘડવામાં, સુચારૂ વ્યવસ્થા ઉભી કરવામાં મદદરૂપ પુરવાર થાય છે. તેથી જ ઉચ્ચ કક્ષાએથી વિશેષ બેઠક યોજી સમયાંતરે કાયદો વ્યવસ્થાની સમીક્ષા સાથે વિચાર વિમર્શ પણ કરવામાં આવે છે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ તાજેતરમાં વડોદરામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવાની સાથે શહેર પોલીસની વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ઠ કામગીરીની જાણકારી મેળવી હતી.તેમણે સાંસદશ્રી,મેયરશ્રી અને ધારાસભ્યો તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથેની સંયુક્ત બેઠકમાં લોકપ્રતિનિધિઓ પાસેથી સૂચનો મેળવવા સાથે પોલીસ ઉચ્ચ અધિકારીઓને લોક પ્રતિનિધિઓના સૂચનોનો વિધેયાત્મક પ્રતિભાવ આપવા અનુરોધ કર્યો હતો.

રાજ્ય સરકાર સોસાયટીઓ દ્વારા સ્થાપિત કરવામાં આવતા સી.સી.ટીવી કેમેરા નેટવર્કમાં ઉચ્ચ ગુણવત્તા જળવાય તે માટે પ્રોત્સાહક સુચારૂ નીતિ ઘડવા માંગતી હોવાનું જણાવી ગૃહ રાજ્યમંત્રીશ્રીએ આ બાબતમાં તેમણે વડોદરા શહેર પોલીસ અનુભવ આધારિત નક્કર સૂચનો આપે તેવો અનુરોધ કર્યો હતો. તેમણે પોલીસ તંત્રમાં કોન્સટેબ્યુલરીના સ્તરે સમુચિત કાઉન્સેલિંગ પર ભાર મૂક્યો હતો અને સંવાદિતા જાળવવામાં પોલીસ નિર્ણાયક ભૂમિકા ભજવે અને પોલિસીંગ સંવેદનાસભર રહે એની અગત્યતા સમજાવી હતી. ગૃહ મંત્રીશ્રીએ ચાઈલ્ડ ફ્રેન્ડલી કોર્નરની ઉપયોગિતા રસપૂર્વક જાણી હતી. તેમણે પોલીસ જવાનો માટે જીમની પહેલને આવકાર્ય ગણાવી હતી.

લોક પ્રતિનિધિઓ સાથેના વિચાર વિમર્શ ફળદાયી રહ્યો હોવાનું જણાવી ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક રીતે વિકસી અને વિસ્તરી રહેલા વડોદરા શહેરના પોલીસ દળને વધુ અદ્યતન બનાવવાની સાથે ખાલી જગ્યાઓ શક્ય તેટલી ભરી શકાય તે માટે ઉચિત પ્રયત્નો કરવામાં આવશે.

પોલીસ આવાસ નિગમને લગતી બાબતોની ચર્ચા કરવાની સાથે ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ ધારાસભ્યશ્રી દ્વારા નવા પોલીસ મથકની માંગણીઓ, પોલીસ મથક માટે જંત્રીના રેટથી જમીન સત્વરે ફાળવી શકાય તે માટે નવો જી.આર. ઈત્યાદિની જાણકારી સહુને આપી હતી. ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ ડ્રગ્સના દૂષણ, રખડતા ઢોર અને ભિક્ષુક ધારા અને અશાંત ધારાના અમલ સહિતની બાબતો પર લોક પ્રતિનિધિઓના સૂચનોની ચર્ચા કરી હતી.

આ બેઠકની ચર્ચામાં સાંસદ શ્રી રંજનબહેન, મેયર શ્રી કેયુરભાઈ રોકડીયા, ધારાસભ્ય સર્વ શ્રી જીતુભાઈ, યોગેશભાઈ, સીમાબેન, શૈલેષભાઈ મહેતા સહિત શહેરના અગ્રણીઓ શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, ડો.વિજય શાહ, શ્રી સુનિલભાઈ સોલંકી અને શ્રી અલ્પેશભાઈ લિંબચિયાએ ભાગ લઈને વિવિધ સૂચનો કર્યા હતા.

વડોદરા શહેર પોલીસની SHE ટીમે ગુમ થયેલા લોકોની શોધ અને વડીલોની સેવા સહિત ખૂબ સંવેદના ભરેલી કામગીરી કરી છે. વડોદરા પોલીસને અછોડા તોડવાના કેસો સહિતના ગુનાઓ ડામવા માટે તેની સ્ટ્રેંથ પ્રમાણે સારા પ્રયત્નો કર્યા છે અને સારા પરિણામો મેળવ્યા હોવાનું જણાવી ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ પોલીસ વિભાગની પ્રશંસા કરી હતી. ●

**કાયદો અને વ્યવસ્થા અંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રીની વડોદરા પોલીસ અને લોકપ્રતિનિધિઓ સાથે બેઠક**

# હવે સાયબર ગુનાઓ સામે નાગરિકો જાગૃત...



ગુજરાત પોલીસે અદ્યતન ટેક્નોલોજી અને સાધનોનો મહત્તમ ઉપયોગ કરીને સાયબર ક્રાઈમ સહિતના ગુનાઓને ઊગતા જ ડામી દેવાની સજ્જતા કેળવી છે. ગુનો બને પછી તેની તપાસ કરવી અને ગુનેગારો સુધી પહોચવાની જગ્યાએ હવે નવા જમાના અને ટેકનોલોજીને અનુરૂપ પ્રો-એક્ટિવ પોલીસિંગનું કૌશલ્ય પોલીસ બેડાએ કેળવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમદાવાદ શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચના અવેરનેસ કેમ્પેઈન "સાયબર સેફ મિશન" નો પ્રારંભ કરાવ્યો હતો. હવેનો યુગ મોબાઈલ અને ઈન્ટરનેટ તથા સાયબરનો યુગ છે અને તેના વધતા વ્યાપ સાથે સાયબર ક્રાઈમ કરનારા લોકો પણ મોટા પ્રમાણમાં આવા ગુનાઓ કરી લોકોને છેતરવા, નાણાં હજમ કરી જવા જેવી પ્રવૃતિ આચરતા થયા છે ત્યારે સમાજમાં આવા ગુનાઓ સામે જન-જાગૃતિ જગાડવામાં આ સાયબર સેફ મિશન એક સક્ષમ માધ્યમ બનશે.

નાગરિકોના ઓછામાં ઓછી અથવા નહિવત્ મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે તે પ્રકારના આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ અને આયોજનો સરકારે હાથ ધર્યાં છે જેનાથી રાજ્યના નાગરિકોની જનસુખાકારીમાં વધારો થઈ રહ્યો છે.

રાજ્યની મહિલાઓને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપતું ડૉ. અનંત પ્રભુજી દ્વારા લિખિત 'સાયબર સેફ ગર્લ' પુસ્તકનું પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ શ્રી આર.એલ.નરસિમ્બા રાવજી દ્વારા સાયબર અંગેના ગુનાઓ, વિવિધ હેકિંગ પ્રવૃત્તિઓની માહિતી આપતી www.cybersafeahmedabad.org વેબસાઇટ પણ મુખ્યમંત્રીશ્રી દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.

તદ્ઉપરાંત પ્રવર્તમાન સાયબર વિશ્વમાં યુવાન અને સાયબર સુરક્ષા વિષય સંદર્ભે ગુજરાત પોલીસ દ્વારા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિદ્યાર્થીઓ માટે ડિબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના ૩ વિજેતાઓનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાત પોલીસ દ્વારા શાળા-કોલેજના વિદ્યાર્થીઓમાં સાયબર હેકિંગ અને સાયબર ફ્રોડ સામેની જાગૃતતા કેળવાય અને વિદ્યાર્થીઓ આ પ્રકારના ગુનાનો ભોગ બનતા અટકે તે માટે યોજાયેલી હેકાથોનના વિજેતા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ ગુજરાત પોલીસની સાયબર સેફ મિશનની પહેલ અને તે અંતર્ગતના વિવિધ પ્રકલ્પોના શુભારંભ બદલ અભિનંદન પાઠવતાં કહ્યું કે સાયબર સેફ્ટીની માત્ર વાતો નહીં સાયબર ક્રાઈમ અટકાવવાના નક્કર આયોજન સાથે પોલીસદળ માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવા રાજ્ય સરકાર તત્પર છે.

શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ આધુનિકીરણ સાથે સાયબર ગુનાઓને ડામવા માટેના ગુજરાત પોલીસના પ્રયાસોને બિરદાવતા કહ્યું હતું કે, ગુજરાત પોલીસ તેની કર્તવ્યનિષ્ઠા સાથે રાજ્યના નાગરિકોની સલામતીની કામગીરી શ્રેષ્ઠ પણે કરી રહી છે. ગુજરાત રાજ્યની સુરક્ષિત રાજ્ય તરીકેની છબીને કાયમી ટકાવી રાખવામાં ગુજરાત પોલીસનો સિંહફાળો છે તે બદલ શિક્ષણમંત્રીશ્રીએ રાજ્યના તમામ પોલીસ જવાનોને અભિનંદન આપ્યા હતા.

સાયબર સેલ દ્વારા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગને પણ સાયબર સુરક્ષા અંગેના વિવિધ જનજાગૃતિના કાર્યક્રમોમાં જોડવામાં આવ્યા છે ત્યારે આ માધ્યમથી જનજાગૃતિના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવશે તેમ શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ સાયબર સેફ મિશન પ્રારંભ અવસરે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમાર, રાજ્ય મંત્રી સર્વે શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુકેશભાઈ પટેલ, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ, સ્ટેન્ડિંગ કમિટી અધ્યક્ષ શ્રી હિતેશભાઈ બારોટ તેમજ પોલીસ મહાનિદેશક આશિષ ભાટિયા, પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતમાં કેન્સર સારવારનો નવો અધ્યાય આરંભાયો

✎ **અમિતસિંહ ચૌહાણ**

આજના ભાગદોડ અને તણાવભર્યા જીવનમાં આરોગ્યલક્ષી સમસ્યાઓ વધી છે. વળી અનિયમિત, અયોગ્ય ખાનપાનને લીધે પણ લોકોના શરીર બીમારીઓના ઘર બની ગયાં છે. તેમાં પણ કેન્સર જેવી ગંભીર બીમારીઓને નાબુદ કરવી આવશ્યક બની છે. ગુજરાત સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા ઉપરાંત દર્દીઓને ઉચ્ચકક્ષાની સારવાર મળે તેવા પ્રયાસો નિરંતર કરતી રહે છે. તાજેતરમાં અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલી "GCRI-ગુજરાત કેન્સર રિસર્ચ ઇંન્સ્ટિટ્યૂટ"ના અદ્યતન રેડિયોથેરાપી મશીનોનું લોકાર્પણ કરતા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે આ અદ્યતન મશીનો થકી દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત કેન્સર રિસર્ચ ઇંન્સ્ટિટ્યૂટ કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવાર ક્ષેત્રે ઉદાહરણીય કામગીરી કરી રહી હોવાનું જણાવી આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે રેડિયોથેરાપી ઓન્કોલોજી સારવાર ક્ષેત્રે અંદાજિત 75 કરોડના ખર્ચે અદ્યતન ટેકનોલોજીયુક્ત મશીન વિકસાવનારી જી.સી.આર.આઇ. કેન્સર હોસ્પિટલ સમગ્ર દેશમાં પ્રથમ સરકારી હોસ્પિટલ બની હોવાનું ઉમેર્યું હતું. રાજ્યના પી.એચ.સી, સી.એચ.સી, સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ, સરકારી તમામ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓને શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવા, તેમના તમામ પ્રશ્નો સમસ્યાઓના રજૂઆતોના ત્વરિત નિરાકરણ માટે તમામ હોસ્પિટલોમાં ટૂંક સમયમાં "કંમાન્ડ એન્ડ કંટ્રોલ" સેન્ટર કાર્યરત કરવામાં આવનાર હોવાનું આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું. જ્યારે રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી શ્રીમતી નિમીષાબહેન સુથારે આ અત્યાધુનિક ઉપકરણો કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવારમાં અસરકારક પરિણામ આપશે તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

અમદાવાદ સિવિલ મેડિસિટીની જી.સી.આર.આઇ. કેન્સર હોસ્પિટલમાં લોકાર્પિત કરાયેલા રેડિયોથેરાપી મશીન્સ અત્યાધુનિક છે. અંદાજિત રૂ.16.30 કરોડના ખર્ચે ટ્રુબીમ મશીનથી મોઢા તથા ગળાના, ગર્ભાશયના, સ્તન, પ્રોસ્ટેટના, ફેફસાં અને બ્રેઇન કેન્સરના સચોટ નિદાન અને સારવારમાં અત્યંત અસરકારક સાબિત થશે. આ મશીનથી જે ભાગમાં બીમારી હોય તેટલા ભાગને જ રેડિયોથેરાપી અપાતી હોવાથી શરીરના અન્ય ભાગમાં રેડીએશનથી આડઅસરની સંભાવના ઘટી જાય છે. ટોમોથેરાપી મશીનથી શરીરના જેટલા ભાગમાં કેન્સર હોય તે સંપૂર્ણ ભાગને એક સાથે રેડિયોથેરાપીની સારવાર આપી શકાશે.

જ્યારે સાઇબર નાઇફ મશીન જે અંદાજિત રૂ.27.56 લાખના ખર્ચે અમેરિકન સ્થિત કંપનીના સહયોગથી રાજ્ય સરકાર દ્વારા વિકસાવવામાં આવ્યું છે. જેનાથી રોબોટ દ્વારા આ મશીન થકી સારવાર શક્ય બની છે. મગજના કેન્સર તથા શરીરમાં ખૂબ જ નાની કેન્સરની ગાંઠ હોય તેવા કિસ્સામાં ફક્ત કેન્સરગ્રસ્ત ભાગને જ સારવાર આપીને અન્ય ટિસ્યુ(પેશીઓને) નહીંવત્ નુકસાન પહોંચે તે પ્રકારની સચોટ સારવાર આ મશીન ઉપલબ્ધ કરાવે છે. બ્રેકીથેરાપી મશીન ખાસ કરીને કેન્સરગ્રસ્ત સ્ત્રીઓને વધુ લાભ થનાર છે. આ પ્રકારનું મશીન ગર્ભાશયના મુખના કેન્સર, સ્તન કેન્સર, અન્નનળી કેન્સરમાં જે ભાગમાં ગાંઠ હોય તે જગ્યામાં જરૂરી અને સુરક્ષિત માત્રામાં રેડિયોથેરાપી ડોઝ પહોંચાડે છે.

રૂ. 5 કરોડ અને 86 લાખના ખર્ચે સિટી સીમ્યુલેટર પણ કેન્સર હોસ્પિટલમા કાર્યરત કરવામાં આવનાર છે જેના દ્વારા દરેક રેડિયોથેરાપીની સારવાર પહેલાં જે ભાગમાં બીમારી હોય તે ભાગમાં કોમ્પ્યૂટરાઇઝ સારવાર પ્લાનિંગ માટે દર્દીના સી.ટી. સ્કેન કરવામાં આવશે. આ તમામ મશીન અંદાજિત 75 કરોડના ખર્ચે રાજ્ય સરકાર દ્વારા વિકસાવવામાં આવ્યા છે. જે કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવારમાં અસરકારક સાબિત થશે. તદ્ઉપરાંત 620 લીટર પ્રતિ મિનિટ ઑક્સિજનની ઉત્પાદન ક્ષમતાના ઑક્સિજન જનરેટર (PSA) પ્લાન્ટનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આમ, આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપરોક્ત સારવારની ખૂબ જ મોટી રકમથી પ્રાપ્ત થાય છે. જે અત્યંત ખર્ચાળ હોય છે.જી.સી.આર.આઇ. હોસ્પિટલમાં આ સમગ્ર સારવાર પી.એમ.જે.એ.વાય.-મા યોજનાથી વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ●



# "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના વિચારોને સાર્થક કરવા આહવાન



"આઝાદી કા અમૃત મહોત્સવ અને રાષ્ટ્રીય એકતા દિવસ" સંદર્ભે કચ્છના લખપતથી નીકળેલી પોલીસ જવાનોની મોટર સાઇકલ રેલીનું અમદાવાદથી કેવડિયા પ્રસ્થાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યું હતું. તેમણે સમગ્ર દેશવાસીઓમાં રાષ્ટ્રભાવના ઉજાગર થાય અને સરદારસાહેબના એક ભારત શ્રેષ્ઠ ભારતના વિચારોને ખરા અર્થમાં સાર્થક થાય તે માટે સંકલ્પબદ્ધ બનવા સૌ નાગરિકોને આહવાન કર્યું હતુ. આ પ્રસંગે ભારતે કોરોના રસીકરણમાં 100 કરોડનો લક્ષ્ય પાર કરવાની સિદ્ધિને ફુગ્ગાઓને આકાશમાં છોડીને વધાવવામાં આવી હતી.

કચ્છના લખપતથી અમદાવાદ આવેલી પોલીસ જવાનોની મોટર સાઇકલ રેલીને કેવડિયા માટે પ્રસ્થાન કરાવવાનો અનેરો અવસર પ્રાપ્ત થતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આનંદ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, આ અવસર સમગ્ર દેશ માટે ગૌરવવંતી ક્ષણ બની રહેશે. આ રેલીમાં આઇ.ટી.બી.પી.ના જવાનો સાથે ગુજરાત પોલીસના જવાનો પણ જોડાયા હતા. બાઇક રેલી સાથે સાઇકલ રેલીનું પણ પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

એક ભારત શ્રેષ્ઠ ભારત અને અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની જયંતી નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી રાષ્ટ્રીય એકતા દિવસ સંદર્ભે કેવડિયા કોલોની ખાતે પોલીસ પરેડનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે.

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના સદંર્ભે આ વર્ષે એકતા દિવસ ઉપલક્ષ્યમાં દેશની ચારેય દિશામાં આઝાદીનો સંદેશ ગુંજતો કરવા અને રાષ્ટ્રભાવ ઉજાગર કરવા જમ્મુ કાશ્મીર, ત્રિપુરા, કેરલાથી નીકળેલી મોટર સાઇકલ રેલીઓ કેવડિયા પહોચશે.

આ પ્રસંગે ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ગુજરાત પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા, પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, આઇ.ટી.બી.પી.ના જવાનો, પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## લખપતથી કેવડિયા સુધીની બાઈક રેલી

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૬મી જયંતી નિમિત્તે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દેશભરમાં કરવામાં આવી રહી છે. તાજેતરમાં ગુજરાત પોલીસ દ્વારા આયોજિત રાષ્ટ્રીય એકતા બાઇક રેલીનું પ્રસ્થાન



લખપતથી વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્યએ કરાવ્યું હતું. શ્રી ડૉ. નીમાબહેન આચાર્યે જણાવ્યું હતું કે, આ બાઇક રેલી સરદાર પટેલને સ્મરણાંજલિ છે. સરદાર સરોવર ડેમ ખાતેથી કચ્છને મળતું પીવાનું પાણી અને તેના માટે નિર્માણ થયેલી માળખાકીય સુવિધાઓના પગલે અંતરિયાળ ગામો સુધી આપણે મા નર્મદાના પાણી મેળવી શકીએ છીએ. અધ્યક્ષાશ્રીએ આ તકે પોલીસ અને જવાનો માટે તેમની ફરજ અને સેવાઓને બિરદાવ્યા હતા. આ ૨૫ બાઇક રાઇડરોની રેલી જેમાં છ મહિલાઓ છે તેઓ સ્વતંત્રતા સંગ્રામ અને સરદાર વલ્લભભાઈ સાથે સંકળાયેલાં સ્થળોએથી ફરીને કેવડિયા ખાતે દેશના અન્ય ત્રણ સ્થળોએથી આવેલી બાઇક રેલી સાથે ભેગા થશે અને કેવડિયા ખાતે ભવ્ય સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાશે. ●

# કરાઇ પોલીસ અકાદમીમાં યોજાયો 'પોલીસ શહિદ સ્મૃતિ દિવસ' કાર્યક્રમ




રાષ્ટ્ર અને રાજ્યની રક્ષા માટે સતત ખડેપગે રહેતા પોલીસ, સુરક્ષા દળના જવાનોએ 'રાષ્ટ્રહિત સર્વપ્રથમ'ની કર્તવ્યભાવના સાચા અર્થમાં ઉજાગર કરી છે. વિકાસના પાયામાં પોલીસ દળની ફરજપરસ્તી અને પ્રજાના જાન-માલની સુરક્ષા માટેની પ્રતિબદ્ધતા પડેલી છે. અનેક કર્તવ્યનિષ્ઠ પોલીસ કર્મીઓ પોતાના જાનની પરવા કર્યા વિના અને ઘર પરિવારની ચિંતા પણ કર્યા વિના દેશ-રાજ્ય માટે બલિદાન આપીને અમર થઈ જાય છે.

પોતાની ફરજ દરમ્યાન વીરગતિને વરેલા પોલીસ કર્મીઓને શ્રદ્ધાસુમન અર્પણ કરવા તાજેતરમાં ગુજરાત પોલીસ અકાદમી કરાઇ ખાતે ''પોલીસ શહીદ સ્મૃતિ દિવસ'' કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આવા વીરગતિ પ્રાપ્ત પોલીસ કર્મીઓને અંજલિ કે શહીદ કર્મીઓના પરિવારોને સાંત્વના પાઠવવાના કોઇ શબ્દો જ નથી એવું વીરતાભર્યુ તેમનું કર્તવ્ય છે. રાજ્ય કે દેશમાં અસામાજિક તત્ત્વો, પ્રજાને રંજાડનારા ગુનાહિત લોકો માથું ન ઊંચકે, નિર્દોષને કોઈ કનડગત ન થાય તે માટે દિવસ-રાત ફરજ પર તૈનાત પોલીસ દળ બાહ્ય તત્ત્વો સામે સફળતાપૂર્વક બાથ ભીડવાની વીરતા દાખવતું રહે છે.

**રાષ્ટ્ર-રાજ્ય રક્ષા-લોકોના જાન-માલ સુરક્ષા અને દેશના વિકાસના પાયામાં રહેલા દિવંગત પોલીસ કર્મીઓની ફરજપરસ્તીને 'પોલીસ શહીદ સ્મૃતિ દિવસે' બિરદાવી ભાવસભર અંજલિ**

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કોરોના જેવી વિશ્વવ્યાપી મહામારી દરમ્યાન પણ પોલીસ દળના જવાનોએ કોરોના વૉરિયર્સ તરીકે સેવાઓ આપી છે. આ મહામારીમાં જ્યારે લોકો પોતાના અસરગ્રસ્ત સ્વજનોની પણ સેવા કરવા કે મદદ માટે જતા ડરતા હતા ત્યારે પોલીસ કર્મીઓએ ફ્રન્ટલાઈન વૉરિયર્સ બનીને સેવાદાયિત્વ નિભાવ્યું છે.

કોરોના સંક્રમણમાં રાજ્યના કેટલાય પોલીસ કર્મીઓએ સંક્રમિત થઈ પોતાના પ્રાણ ગુમાવ્યા છે તેમને પણ મુખ્યમંત્રીશ્રીએ ભાવસભર અંજલિ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જે પોલીસ પરિવારોએ પોતાના આપ્તજન ગુમાવ્યા છે તેમના દુ:ખમાં સહભાગી થઈ તકલીફના સમયે રાજ્ય સરકાર તેમની પડખે ઊભી રહી છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ "પોલીસ સંભારણા (શહીદ દિન) દિવસ"ની યાદમાં ગુજરાત સહિત દેશભરના શહીદ પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે દેશ અને સમાજની સુરક્ષા માટે પોલીસ જવાનોની શહાદત- બલિદાન વર્તમાન અને આવનાર પેઢી હંમેશાં યાદ રાખશે. પોલીસની ખાખી વર્દી માત્ર કાપડનો ટુકડો નહિ પણ શક્તિનું પ્રતીક છે. કોરોનાકાળમાં સતત ૨૪ કલાક ફરજ બજાવીને પોતાના જીવના જોખમે લોકોની પડખે ઊભા રહીને સાચા અર્થમાં કોરોના વૉરિયર્સની ભૂમિકા પોલીસે અદા કરી છે જે પ્રશંસનીય અને વંદનીય છે.

તેમણે શહીદોને નમન કરતાં કહ્યું હતું કે, દેશમાં પોલીસ માત્ર લૉ એન્ડ ઓર્ડર જ નહીં પરંતુ અનાથ બાળકો અને વૃદ્ધોનો સહારો બનીને પણ સેવા કરે છે. ગુજરાત પોલીસની નવીન પહેલ એવી 'She' ટીમ દીકરીઓની સુરક્ષા અને મદદ માટે હંમેશાં તત્પર હોય છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં ફરજ બજાવતા પોતાનો જીવ ગુમાવનાર ગુજરાત પોલીસના ૧૪૯ જવાનોમાંથી ૧૨૧ જવાનોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાય ચૂકવી દેવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રી અને ગૃહ રાજ્યમંત્રીશ્રીએ વીરગતિ પ્રાપ્ત પોલીસ કર્મીઓના પરિવારજનોને આ વેળાએ પ્રત્યક્ષ મળીને સાંત્વના પાઠવી અને પૃચ્છા કરી હતી. તેમણે વર્ષ દરમ્યાન સમગ્ર દેશમાં જે ૩૭૭ જેટલા પોલીસ કર્મીઓ ફરજ દરમ્યાન અવસાન પામ્યા છે તેમને પ્રતીકરૂપે પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યકત કરી હતી. આ સાથે, દિવંગત પોલીસ જવાનોની સ્મૃતિમાં સલામી આપીને બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા સહિત અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ, પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ, અધિક્ષકશ્રીઓ અને અધિકારીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. ●

## શ્રી ગોપીનાથજી મહારાજના
# ૧૯૨મા વાર્ષિક પાટોત્સવમાં સહભાગી થતાં CM



વસંતનું આગમન થતા સમગ્ર પ્રકૃતિ ખીલી ઊઠે છે, જ્યારે સંતનું આગમન થતાં સમગ્ર સમાજ સેવાભાવથી મહેકી ઊઠે છે. ગુજરાતની ભૂમિ સંતોની ભૂમિ છે. ગુજરાતમાં અનેક સંતો - મહંતો થયા છે એટલું જ નહીં, ગુજરાત બહારનાં અનેક સંતોએ ગુજરાતની ભૂમિને પાવન કરી છે. આવી વિરલ વિભૂતિ એટલે ભગવાન સ્વામિનારાયણ. ભગવાન સ્વામિનારાયણે તેમના જીવનનાં ૫૦ વર્ષોમાંથી ૩૦ વર્ષો ગઢડાની ભૂમિ પર વિતાવ્યાં છે, તેવું પવિત્ર તીર્થધામ ગઢડા છે. ભગવાન સ્વામિનારાયણ ધર્મ સાથે જોડાયેલા રહેવાનો સંદેશો તેમના કર્મોથી ફેલાવ્યો હતો.

બોટાદ જિલ્લાનાં પ્રસિદ્ધ તીર્થધામ ગઢડા ખાતે નવનિર્મિત શ્રી લીંબતરૂં યાત્રિક ભવનનું લોકાર્પણ કર્યાં બાદ શ્રી ગોપીનાથજી મહારાજના ૧૯૨મા વાર્ષિક પાટોત્સવમાં સહભાગી થયેલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, સંત સમાગમથી જ જીવન-મૃત્યુના ચક્કરમાંથી મુક્ત થઈ શકાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોના ચરણોમાં જઈએ ત્યારે જે શાતા મળે છે તે અવર્ણનીય છે. આપણા ધર્મનાં મંદિરોમાં જઈએ ત્યારે આપણે નીજધામમાં પધાર્યા હોય તેવી લાગણી થાય છે તેની પાછળ આપણી સંસ્કૃતિનું સત્ત્વ રહેલું છે.

તેમણે કહ્યું કે, સરકાર એકલા હાથે બધું ન કરી શકે, સૌ સાથે મળીને કાર્ય કરીએ ત્યારે મોટાં કાર્યો પણ સરળતાથી સિદ્ધ થતાં હોય છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આથી જ સ્વચ્છતા-સફાઇ, શૌચાલય, ગેસ, પાણી જેવા સામાન્ય પ્રશ્નો જે વર્ષોથી વણઉકેલ્યા હતા તેને સહકારથી સિદ્ધ કરી શક્યા છે.

ગુજરાત સરકાર પણ તેમણે કંડારેલી કેડી પર આગળ વધીને કદમથી કદમ મિલાવી આત્મનિર્ભર ભારત બનવા માટે કટિબદ્ધ છે કોરોનાનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, સરકાર તરીકે જ્યાં જરૂર હશે ત્યાં અમે જરૂર ઊભા રહીશું. નાણાંના અભાવે અમે કોઈ કાર્યો અટકવાં દીધાં નથી. સામાન્ય પ્રજાનું કલ્યાણ એ જ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

આ પ્રસંગે આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ કહ્યું કે, ગુજરાતના નાનામાં નાના માણસ સુધી પહોંચતી આ સરકાર દ્વારા આ સંપ્રદાયના સ્થાપનાના પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રીશ્રી લોકોની સુવિધાઓમાં વધારો કરવા થતાં તમામ કાર્યો કરવા તત્પર છે. આ પ્રસંગે ગઢપુર અંગેની દૃશ્ય - શ્રાવ્ય પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. ગોપીનાથજી મંદિર ગઢડાના ચેરમેન શ્રી હરીજીવનદાસજી મહારાજ, જિલ્લા કલેક્ટર શ્રી તુષાર સુમેરા તથા પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ, સંતગણ ઉપસ્થિત રહ્યા હતા.●

## ગોપીનાથજી મંદિરમાં શ્રદ્ધાપૂર્વક દર્શન કરતાં મુખ્યમંત્રીશ્રી

- *મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બોટાદ જિલ્લાનાં ગઢડા ખાતે આવેલ પ્રસિદ્ધ ગોપીનાથજી મંદિરે શ્રદ્ધાપૂર્વક શીશ ઝુકાવી દર્શન કર્યાં હતાં.*
- *ગઢડા ખાતે નિર્મિત શ્રી લીંબતરૂં યાત્રિક ભવનનાં લોકાર્પણ તથા વાર્ષિકોત્સવમાં હાજરી આપ્યા બાદ મુખ્યમંત્રીશ્રીએ ગઢડા સ્થિત પ્રસિદ્ધ ગોપીનાથજી મંદિરે દર્શન કરી સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.*
- *વડતાલ મંદિરના પીઠાધીપતિશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તેમજ ગોપીનાથજી મંદિરના સ્વામી શ્રી હરીજીવનદાસજી મહારાજ તથા સંતગણે મુખ્યમંત્રીશ્રીને મંદિર ખાતે ઉષ્માસભર આવકાર આપ્યો હતો.*
- *આ અવસરે ધારાસભ્યશ્રી આત્મારામભાઈ પરમાર, પૂર્વ મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વિરાણી, કલેક્ટરશ્રી તુષાર સુમેરા તથા પદાધિકારીશ્રીઓ - અધિકારીશ્રીઓ પણ જોડાયા હતા.*

# સાળંગપુર શ્રી કષ્ટભંજનદેવ હનુમાન મંદિરમાં યોજાયો 173મો પાટોત્સવ



ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા મુશ્કેલ માર્ગને પણ સરળ કરે છે. શુભકાર્યનો શુભારંભ દેવદર્શનથી કરવાથી સકારાત્મક ઊર્જા પ્રાપ્ત થાય છે. આવી સકારાત્મક ઊર્જા મેળવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના સાળંગપુર કષ્ટભંજન મંદિરના 173મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સંતો-મહંતોના આશીર્વાદ પ્રાપ્ત કરતાં કહ્યું કે, અમે સતત શીખવાનો અભિગમ ધરાવીએ છીએ અને મંદિર, ખેતર કે ગામ - ગમે ત્યાં જઈએ દરેક પાસે સારું શીખીએ છીએ અને તેનો અમલ કરીએ છીએ. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત ખેડૂતો અને યુવાનોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા આહવાન કરતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈનો આગ્રહ છે કે યુવાનો- ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે, જેથી દેશમાં નાગરિકોને રસાયણમુક્ત ખોરાક પ્રાપ્ત થઈ શકે. વડાપ્રધાનશ્રીની દીર્ઘદૃષ્ટિના પગલે જ આપણે ક્લાયમેટ ચેન્જ સંદર્ભે આગોતરું આયોજન કરી શક્યા છીએ.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ રોજગાર અંગેની રાજ્ય સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરતાં કહ્યું કે, દરેકને રોજગાર મળે તે દિશામાં રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. તેમણે યુવાનોને માત્ર સરકારી નોકરીઓ તરફ લક્ષ્ય કેંદ્રીત ન કરી અન્ય ક્ષેત્રોમાં પણ કારકિર્દી ઘડવાનો અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કષ્ટભંજનદેવને ગુજરાતના માથે કોઈ સંકટ ન આવે તે માટે પણ પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સાળંગપુર મંદિર ખાતે કષ્ટભંજન દેવનાં દર્શન કર્યાં હતાં અને યજ્ઞશાળામાં મારુતિ યાગમાં પણ સહભાગી થયા હતા તેમજ આરતી, પૂજા-અર્ચના વિધિ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ રામચરિત માનસ કથાનું શ્રવણ પણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના કુંડળ ધામ ખાતે શ્રી મુખ્ય મંદિર અને શ્રી કુડલેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં હતાં અને તમામ સંતગણોએ મુખ્યમંત્રીશ્રીનું ફૂલહારથી સ્વાગત સન્માન કર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉત્તમ કામગીરી થઈ રહી છે. આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત દ્વારા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં નવી ટીમ થકી વિકાસ કાર્યોને વધુ વેગ આપવામાં આવી રહ્યો છે અને જનતાના આશીર્વાદથી રાજયની વિકાસગાથાને વધુ ઉજ્જવળ બનાવીશું.

મુખ્યમંત્રીશ્રીએ રાજયના ઉત્કર્ષ - ઉન્નતિ માટે ભગવાન સ્વામિનારાયણ અને સંતોના ચરણોમાં પ્રાર્થના કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે કુંડળ સ્વામિનારાયણ મંદિર દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂપિયા ૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કુંડળ સ્વામિનારાયણ મંદિરના ગુરુશ્રી પ.પૂ.શ્રી જ્ઞાનજીવનદાસજીએ આશીર્વચન પાઠવ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ દરબારગઢની મુલાકાત લઈ દર્શન કર્યાં હતાં. ●

## પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની સમાધિ સ્થળનાં દર્શન કરતાં મુખ્યમંત્રીશ્રી

*મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બોટાદ જિલ્લાનાં સાળંગપુર ખાતે હેલિકૉપ્ટર મારફતે મુલાકાતે આવી પહોંચ્યા હતા ત્યારે મુખ્યમંત્રીશ્રીને આવકારવા માટે હૅલિપૅડ ખાતે બોટાદ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી વિનોદભાઈ મોરડિયા, ગઢડા ધારાસભ્યશ્રી આત્મારામભાઈ પરમાર, શ્રી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વિરાણી, સાળંગપુર બી.એ.પી.એસ. કોઠારીશ્રી જ્ઞાનેશ્વર સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી, ઘનશ્યામપ્રિય સ્વામી, શ્રવણપ્રિય સ્વામી, સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામી, યજ્ઞના યજમાન શ્રી ઈલેશભાઈ પટેલ તથા કલેક્ટર શ્રી તુષાર સુમેરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી લલિતાનારાયણ સિંઘ સાદ, રેન્જ આઈ.જી.શ્રી અશોકકુમાર યાદવ, પોલીસ અધિક્ષક શ્રી હર્ષદ મહેતા સહિતના પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બોટાદ જિલ્લાનાં સાળંગપુર ખાતે આવેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે શ્રદ્ધાપૂર્વક શીશ ઝુકાવી દર્શન કર્યાં હતાં.*

*સાળંગપુર બી.એ.પી.એસ મંદિર ખાતે પ.પૂ.પ્રમુખ સ્વામી મહારાજના સમાધિ સ્થળે પૂજા અર્ચના કરી દર્શન કર્યાં હતાં ત્યારબાદ પૂ.મહંતસ્વામીના આશીર્વાદ મેળવ્યા હતા. સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી સંતોનાં આશીર્વાદ મેળવ્યા હતા.* ●

# ઓસ્ટ્રેલિયન હાઇકમિશનર મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે



ભારત સ્થિત ઓસ્ટ્રેલિયન હાઇકમિશનર શ્રીયુત બેરી ઓ'ફેરેલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સૌજન્ય મુલાકાત ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, રિન્યૂએબલ એનર્જીના ક્ષેત્રોમાં ઓસ્ટ્રેલિયા-ગુજરાત સાથે મળીને આગળ વધે તથા સંબંધોનો સેતુ વધુ સુદ્રઢ બને તે માટેની ઉત્સુકતા આ બેઠકમાં ચર્ચા-પરામર્શ દરમ્યાન વ્યક્ત કરી હતી.

તેમણે પ્રધાનમંત્રીશ્રીની આત્મનિર્ભર ભારતની નેમ આ સંબંધોના સેતુથી પાર પાડવા પણ નેમ દર્શાવી હતી. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગવા વિઝનની ફલશ્રુતિ રૂપે નિર્માણ પામેલા સ્ટેચ્યૂ ઓફ યુનિટિની ખાસ મુલાકાત લેવા ઓસ્ટ્રેલિયન હાઇકમિશનરને અનુરોધ કર્યો હતો.

ઓસ્ટ્રેલિયન હાઇકમિશનર શ્રી બેરી ઓ'ફેરેલે માઈનિંગ ટેકનોલોજી, ઇલેક્ટ્રિક વ્હિકલના બેટરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતનાં ક્ષેત્રોમાં ઓસ્ટ્રેલિયન તજજ્ઞતાનો લાભ ગુજરાતને મળે તે માટે પણ ફળદાયી વિચાર-વિમર્શ કર્યો હતો. ભારતની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત જે નવીન તકો ઉપલબ્ધ થઇ છે તે સંદર્ભમાં ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીઝની ગુજરાતમાં સ્થાપના માટેની સંભાવના અંગે પણ તેમણે ચર્ચા કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતની વૈશ્વિક ઓળખ બનેલા વાયબ્રન્ટ સમિટની શૃંખલામાં ઓસ્ટ્રેલિયાની સહભાગિતાનો ઉલ્લેખ કરતાં આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૨૨માં પણ જોડાવાનું આમંત્રણ પાઠવ્યું હતું. ઓસ્ટ્રેલિયન હાઇકમિશનરશ્રીએ મુખ્યમંત્રીશ્રીને ઓસ્ટ્રેલિયા મુલાકાતનું નિમંત્રણ આપ્યું હતું.

આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુંબઇ ખાતેના ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલ જનરલ શ્રીયુત પીટર ટ્રશવેલ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા, ઇન્ડેક્ષ્ટ-બી ના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી નિલમ રાની પણ જોડાયાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ ઓસ્ટ્રેલિયન હાઇકમિશનરને સ્ટેચ્યૂ ઓફ યુનિટિની પ્રતિકૃતિ સ્મૃતિભેટ રૂપે આપી હતી. ●

# સિંગાપોરના કોન્સ્યુલેટ જનરલે CMની શુભેચ્છા મુલાકાત લીધી



સિંગાપોરના કોન્સ્યુલેટ જનરલ શ્રીયુત Cheong Ming Foong એ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત ગાંધીનગરમાં લીધી હતી. ગુજરાતની આ પ્રથમ મુલાકાતથી તેઓ પ્રભાવિત થયા હોવાની તેમજ સિંગાપોરના ઉદ્યોગો, રોકાણકારો માટે ગુજરાત મોસ્ટ પ્રીફર્ડ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બન્યું છે તેનો પણ ઉલ્લેખ કરી સરાહના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વેપાર, ઉદ્યોગ સહિતના સંબંધોમાં પરસ્પરના સહયોગથી નવી ઊંચાઇઓ સર કરવાની તત્પરતા આ બેઠકમાં દર્શાવી હતી. તેમણે સિંગાપોર કોન્સ્યુલેટ જનરલને જણાવ્યું કે, ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેકસિટી ''ગિફ્ટ''માં સિંગાપોરે કરેલા રોકાણ કારોબારનો વ્યાપ વિસ્તારવા ગુજરાત જરૂરી સહયોગ આપશે.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સિંગાપોરના કોન્સ્યુલેટ જનરલને કેવડિયામાં નિર્માણ પામેલી સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટિની મુલાકાતે જવા પણ અનુરોધ કર્યો હતો.

તેમણે આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૨૨માં સિંગાપોર જોડાય તે માટે નિમંત્રણ આપ્યું હતું. સિંગાપોર કોન્સ્યુલેટ જનરલશ્રીએ ગિફ્ટ સિટીમાં NSE સાથે ટ્રેડ ઓફિસ નજીકના ભવિષ્યમાં સિંગાપોર શરૂ કરવાનું છે તેની વિગતો પણ આપી હતી.

એટલું જ નહિ, લોજિસ્ટિક્સ પાર્ક્સમાં સિંગાપોરના ઉદ્યોગ સાહસો-કંપનીઓના રોકાણની ઉત્સુકતા વ્યકત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ તેમને સ્ટેચ્યૂ ઓફ યુનિટિની પ્રતિકૃતિ સ્મૃતિ ભેટ રૂપે અર્પણ કરી હતી. ●

# અંબાજીમાં 33 લાભાર્થીઓને ગામતળના પ્લોટ અપાયા

સર્વના વિકાસના મંત્રને વરેલી વર્તમાન રાજ્ય સરકાર વિકાસનાં ફળ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવા કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં અંબાજી ખાતે 33 પરિવારોને લાભાર્થીઓને વિનામૂલ્યે ગામતળની પ્લોટની ફાળવણી કરતાં, તેમને કાયમી સરનામું મળ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંબાજીમાં ગબ્બરની તળેટીમાં કામચલાઉ આવાસમાં રહેલા આવાસ વિહોણા 33 ભરથરી પરિવારોને રૂબરૂ મળી, વિનામૂલ્યે ઘરથાળના પ્લોટની ફાળવણી કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022 સુધીમાં તમામ નાગરિકને સૌને આવાસ આપવાનું સ્વપ્ન સેવ્યું છે. આ સ્વપ્નને પૂર્ણ કરવા રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. વર્તમાન રાજ્ય સરકાર 'કહેવું તે કરવું'ની નેમ સાકાર કરી રહી છે. આ ૩૩ લાભાર્થીઓને દરેકને ૮૦ ચો. મીટરના પ્લોટની સનદ મુખ્યમંત્રીએ લાભાર્થીઓને વિતરીત કરી હતી. મકાન સહાયની કુલ ૪૦ લાખની રકમ પણ



લાભાર્થીઓને અર્પણ કરી ઘરના ઘરનું સપનું મુખ્યમંત્રી શ્રી પટેલે સાકાર કરાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં રાજ્યના વિચરતી વિમુક્ત જાતિના ૨૧૨૬૪ લાભાર્થીઓને ૯૨.૩૫ કરોડ રૂપિયાની આવાસ સહાય રાજ્ય સરકારે આપી છે. ●

# "ધ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર એન્ડ આર્કિટેક્ટ"નો હીરક મહોત્સવ યોજાયો

કોઈ પણ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસના પાયામાં આર્કિટેક્ટ અને એન્જિનિયર હોય છે અને તેમનું સમાજમાં અનોખું મહત્ત્વ છે. આ બંને વિશેષજ્ઞોની મદદથી જ રાજ્ય સામાજિક અને માળખાકીય સુવિધાઓનો વિકાસ કરી શકે છે. આવા વિશેષજ્ઞને પોંખવા માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે ધ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર એન્ડ આર્કિટેક્ટનો હીરક મહોત્સવ યોજાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના વિચારને મૂર્તિમંત કરવા માટે આપણે સૌ આત્મનિર્ભર ગુજરાત માટે સંકલ્પબદ્ધ થઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના દૂરંદેશી નેતૃત્વમાં ઔદ્યોગિક તેમ જ અન્ય ક્ષેત્રોમાં ક્રાંતિ આણી અને સર્વસ્પર્શી અને સર્વદેશીય વિકાસની ઈમારતનો પાયો રચ્યો હતો. અમારી ટીમ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી કેડી પર - વિકાસપથ પર આગળ વધી રહી છે અને ગુજરાતની જનતાની સેવા માટે કટિબદ્ધ છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારની સામાન્ય નાગરિકની સુખાકારી માટેની ચિંતા સેવતાં કહ્યું કે, આપણી સરકાર- ગુજરાત સરકારનો ઉદ્દેશ છેવાડાના માનવીનો વિકાસ છે અને આ ઉદ્દેશને સિદ્ધ કરવા માટે નવી ટીમ રાત-દિવસ મહેનત કરી રહી છે.




મુખ્યમંત્રીશ્રીએ GICEA સંસ્થાનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, રાજ્ય સરકારના માળખાગત સુવિધાઓના વિકાસકાર્યમાં આ સંસ્થા તરફથી અમૂલ્ય સૂચનો મળતાં રહ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે સિવિલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ દ્વારા સંપાદિત મેગેઝિનનું પણ વિમોચન કર્યું હતું. આ અવસરે જાણીતા ઉદ્યોગપતિ શ્રી અચલ બકેરી અને ખેડા જિલ્લા કલેક્ટરશ્રી કિશોરભાઈ બચાણી તથા GICEAના સ્થાપક સભ્ય શ્રી કંચનભાઈ, પ્રમુખ શ્રી વત્સલભાઈ પટેલ બકેરી ગ્રૂપના સ્થાપક શ્રી અનિલભાઈ બકેરી, બાંધકામ ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા બિલ્ડર્સ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●




## પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર

# અમદાવાદના મણિપુર ગામથી "સેવા સેતુ"ના સાતમા તબક્કાનો શુભારંભ

દૂરદરાજના ગામમાં રહેતી કોઈ બહેન હોય કે કોઈ વયોવૃદ્ધ ગ્રામજન. તેની નિસહાય અવસ્થામાં કોઈ નાની મોટી સમસ્યા કે પ્રશ્ન માટે કોને મળવું? શુ કહેવું? જેવી મુંઝવણમાં તે ઘેરાયેલો હોય છે આવી કોઈ મહિલા, ગ્રામજન કે વયોવૃદ્ધને કે કોઈ ગરીબ આમ આદમીને સામે ચાલીને તેની સમસ્યા કે પ્રશ્ન અંગે પૂછવામાં આવે ત્યારે અસહાય વ્યક્તિના અંતરમાં હાશકારો થતો હોય છે. પ્રજા કલ્યાણને વરેલી રાજ્ય સરકારે આમ આદમીને પડતી મુશ્કેલી દૂર કરવા અનેક ક્રાંતિકારી પગલાં લીધાં છે. પ્રજાના પ્રશ્નોનું, સમસ્યાઓનું સુખદ ઉકેલ લાવતો એક નવતર અને સંવેદનસભર કાર્યક્રમ એટલે સેવા સેતુ કાર્યક્રમ.

રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતને કે જે રાજ્ય સરકારની યોજનાઓની અમલવારી સાથે સંલગ્ન વિભાગોના સ્થાનિક તાલુકાના અધિકારી દ્વારા નિકાલ કરી શકાય તેમ હોય તે ધ્યાને લઈ આવી રજૂઆતોનો સ્થળ ઉપર ત્વરિત ઉકેલ આપવામાં આવે છે. પ્રો પિપલ, પ્રો એક્ટિવ ગવર્નન્સ થકી લોક કલ્યાણ અર્થે લોકાભિમુખ વહીવટ આપવા માટે પ્રજાના પ્રશ્નો, સમસ્યાઓ તેમની લાગણી, માગણી સંતોષવાના સંવેદનશીલ અભિગમ સાથે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સેવાસેતુ કાર્યક્રમ પ્રજાના પ્રશ્નોનું ઘર આંગણે નિરાકરણ લાવી રહ્યો છે.

**રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુ.**

**સેવા સેતુ દ્વારા નાગરિકોની રજૂઆતોનો સ્થળ ઉપર ત્વરિત ઉકેલ લાવવામાં આવે છે.**

લોકસેવાના અભૂતપૂર્વ પ્રકલ્પ એવા સેવાસેતુના સાતમા તબક્કાનો તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના સાણંદ તાલુકાના મણિપુર ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. રાજ્યના પ્રજાજનોને મળવા પાત્ર લાભ-સહાય ઘરઆંગણે મળી રહે તેવા ઉદાત જનસેવા ભાવથી સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સેવા સેતુનો સાતમો તબક્કો પાંચમી જાન્યુઆરી, 2022 સુધી રાજ્યમાં યોજાશે.

મુખ્યમંત્રીશ્રીએ મણિપુર ગામેથી સેવા સેતુના સાતમા તબક્કાના શુભારંભ પ્રસંગે ગંગા સ્વરૂપા સહાય યોજના તેમ જ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના લાભાર્થીઓને ચેક અર્પણ કર્યા હતા. આ અવસરે કોરોનાકાળમાં ઉત્તમ કામગીરી કરનારા તાલુકા આરોગ્ય અધિકારીશ્રીનું સન્માન કરી મુખ્યમંત્રીશ્રીએ આરોગ્યકર્મીને પ્રોત્સાહિત કર્યા હતા. લાભ-વિતરણ કાર્યક્રમ બાદ મુખ્યમંત્રીશ્રીએ સેવા સેતુ અંતર્ગત ઊભા કરાયેલા વિવિધ સ્ટોલની રૂબરૂ મુલાકાત લઈ લાભાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યો હતો. આ તકે લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેવા માટે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન જનતા વચ્ચે જઈ ભૂપેન્દ્રભાઈ પટેલે, આપણી સાથે અને આપણા માટેની અનુભૂતિ કરાવી હતી. આ અવસરે જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નાગરિકો-લોકોની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલ-નિવારણની ગતિને વધુ પારદર્શી અને વેગવંતી બનાવવા રાજ્યવ્યાપી સેવાસેતુ કાર્યક્રમનો સાતમો તબક્કો યોજવાનો જનહિત નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર સેવાસેતુ કાર્યક્રમના સાતમા તબક્કામાં દર અઠવાડિયે બે દિવસ એટલે કે શુક્ર અને શનિવારે સવારે-૯થી સાંજે ૫ વાગ્યા સુધી સેવાસેતુ યોજાશે. આ સેવાસેતુમાં રાજ્ય સરકારના જુદા જુદા ૧૩ વિભાગોની ૫૬ જેટલી સેવાઓ કેમ્પ દરમ્યાન પૂરી પાડવામાં આવે છે. આવા સેવાસેતુ કાર્યક્રમ માટે ગ્રામ્ય કક્ષાએ ૬ થી ૮ ગામો વચ્ચે એક કેમ્પ તેમજ શહેરી વિસ્તારોમાં મહાનગરોમાં આ સમયગાળામાં ૪ થી ૧૦ સેવાસેતુ તથા નગરપાલિકા વિસ્તારોમાં ૪ થી ૫ વૉર્ડનું એક યુનિટ બનાવીને તમામ નગરપાલિકાઓમાં ૨ થી ૩ સેવાસેતુ કાર્યક્રમો યોજવાનું આયોજન છે.

સેવાસેતુ કાર્યક્રમ સ્થળે રાજ્ય સરકાર નોટરી, ઝેરોક્ષ, કોમ્પ્યૂટર્સ, પ્રિન્ટર્સ, ફોટોગ્રાફી જેવી જરૂરી સુવિધાઓ મળી શકે તેવી વ્યવસ્થાઓ ગોઠવશે. એટલું જ નહિ, સિનિયર સિટીઝન્સ અને દિવ્યાંગ અરજદારો-રજૂઆત કર્તાઓ માટે અલાયદી યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારથી જ વહીવટમાં કાર્યક્ષમતા, સંવેદનશીલતા અને જવાબદારીપણાને સરકારના હાર્દરૂપ ગણ્યા છે તેમણે અવાર-નવાર પોતાના જાહેર કાર્યક્રમોમાં એવી નેમ પણ વ્યક્ત કરેલી છે કે સામાન્ય-અદના માનવીને ઓછામાં ઓછી તકલીફ પડે, સરળતાએ યોજનાકીય લાભ મળે તે સરકારની પ્રાથમિકતા છે. મુખ્યમંત્રીશ્રીએ આ નેમને સાકાર કરવાના જનહિત અભિગમથી સેવાસેતુના આ સાતમા તબક્કાનો પ્રારંભ કરવાનો નિર્ણય કર્યો છે તેમણે રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ તથા અન્ય પદાધિકારીઓને પણ આ સેવાસેતુ કાર્યક્રમમાં સહભાગી થવા પ્રેરિત કર્યા છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્યમાં અત્યાર સુધીમાં સેવાસેતુના ૬ સફળ તબક્કાઓના આયોજનથી બે કરોડ કરતાં વધુ લોકોને ઘર આંગણે વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

## સેવા સેતુ કાર્યક્રમને મળી રહ્યો છે વ્યાપક જન પ્રતિસાદ

રાજ્યના નાગરિકોને જનસુખાકારીના લાભો સત્વરે મળે અને નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો સ્થળ પર નિકાલ થાય એ માટે રાજ્ય સરકારે શરૂ કરેલી "સેવા સેતુ" કાર્યક્રમને વ્યાપક જન પ્રતિસાદ સાંપડયો છે. છેલ્લા છ તબક્કામાં યોજાયેલા આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ ૯૯.૮૪ ટકા સિદ્ધિ હાંસલ કરાઈ છે. જેમાં બે કરોડ ઉપરાંતની અરજીઓનો સ્થળ પર નિકાલ કરીને નાગરિકોને સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા હાથ ધરાતી અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા વહીવટ પરત્વે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તે માટે સુગ્રથિત વહીવટી માળખાકીય વ્યવસ્થા રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામીણ સ્તરે કાર્યરત છે. રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભો નાગરિકોને સતત મળતા રહે તે માટે વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા તથા જવાબદારીપણું (Accountability)ની બાબતને રાજય સરકાર દ્વારા હાર્દ સમાન ગણીને આયોજન કરાય છે.

રાજય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યકિતલક્ષી રજૂઆતોનો



સ્થળ પર નિકાલ થાય, એક જ સ્થળે જવાબો મળી રહે તે માટે રાજય સરકારે તાલુકા કક્ષાએ તેમજ નગરપાલિકા અને મહાનગરપાલિકા કક્ષાએ 'સેવા સેતુ' કાર્યક્રમ તા.૨૬/૧૦/૨૦૧૬થી યોજવાનું શરૂ કર્યું છે. 'સેવા સેતુ' કાર્યક્રમનો પાંચમો તબકકો તા.૩૧/૦૧/૨૦૨૦ના રોજ પૂર્ણ થયો. તા.૦૨/૦૮/૨૦૨૧ ને સોમવારના રોજ સમગ્ર રાજ્યમાં 'સંવેદના દિવસ' તરીકે એક દિવસીય સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના ગ્રામીણ કક્ષાએ અને નગરપાલિકા-મહાનગરપાલિકા કક્ષાએ કુલ ૪૩૩ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સાતમા તબક્કાની તા. ૨૧-૧૦-૨૦૨૧થી શરૂઆત થઈ છે

સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામીણ કક્ષાએ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સંબંધિત અધિકારીઓની એક સમિતિ બનાવીને આયોજન કરવામાં આવે છે, જેમાં એક તાલુકામાં ૫ થી ૬ ગામો વચ્ચે એક ગામે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં જુદા-જુદા ૧૩ અધિકારીઓની ટીમ તેમજ શહેરી કક્ષાએ મહાનગરપાલિકામાં નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં તેમજ નગરપાલિકામાં જિલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં કુલ-૧૧ અધિકારીશ્રીઓની ટીમ દ્વારા કેમ્પ ગોઠવી કોઈપણ પ્રકારની અરજી ફી લીધા સિવાય સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી સ્થળ ઉપર જ રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે.

ગ્રામીણ કક્ષાએ દરેક પ્રાંતમાં મહિનામાં ઓછામાં ઓછા બે કેમ્પ યોજવામાં આવ્યા છે અને શહેરી કક્ષાએ મહાનગરપાલિકામાં વૉર્ડ દીઠ એક યુનિટ બનાવી મહિનામાં ઓછામાં ઓછા બે કાર્યક્રમનું આયોજન તેમજ નગરપાલિકા કક્ષાએ બે-ત્રણ વૉર્ડનું



એક યુનિટ બનાવી મહિનામાં ઓછામાં ઓછા બે કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. 'સેવા સેતુ' કાર્યક્રમમાં પ્રજાને સેવાઓ જેવી કે કોવિડ-૧૯ મહામારી દરમિયાન અનાથ બનેલા બાળકોની સહાય, વિધવા, વિકલાંગ અને વૃદ્ધોને સહાય, આવકના દાખલાઓ, રાશન કાર્ડને લગતી અરજીઓ, આધાર કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ(અરજી), મા અમૃતમ્ કાર્ડ(અરજી), વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વિધવા સહાય અને વૃદ્ધ નિરાધાર સહાય યોજના, આધારકાર્ડ વગેરે જેવી કુલ ૫૭ સેવાઆઓ ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવી છે.

## સેવાસેતુ કાર્યક્રમની તબક્કાવાર માહિતી

| સેવાસેતુ કાર્યક્રમ | વિગત (ગ્રામીણ કક્ષાએ અને શહેરી કક્ષાએ) | સેવાઓ | મળેલ કુલ અરજીઓ | નિકાલ થયેલ અરજીઓ | નિકાલની ટકાવારી |
|---|---|---|---|---|---|
| તબક્કો-૧ | ૦૫/૧૧/૨૦૧૬ થી ૨૮/૦૨/૨૦૧૭ | ૨૮ | ૩૫,૭૮,૩૨૫ | ૩૫,૬૫,૦૬૭ | ૯૯.૬૨ |
| તબક્કો-૨ | ૦૩/૦૪/૨૦૧૭ થી ૩૧/૦૮/૨૦૧૭ | ૫૦ | ૨૩,૧૧,૨૬૩ | ૨૩,૦૧,૫૧૪ | ૯૯.૫૭ |
| તબક્કો-૩ | ૦૧/૦૯/૨૦૧૭ થી ૨૫/૧૦/૨૦૧૭ | ૬૧ | ૪૭,૪૨,૦૪૨ | ૪૭,૩૮,૬૫૨ | ૯૯.૯૨ |
| તબક્કો-૪ | ૨૪/૦૮/૨૦૧૮ થી ૧૦/૦૩/૨૦૧૯ | ૫૫ | ૪૭,૧૩,૯૫૫ | ૪૭,૧૨,૬૧૨ | ૯૯.૯૭ |
| તબક્કો-૫ | ૧૦/૧૦/૨૦૧૯ થી ૩૧/૦૧/૨૦૨૦ | ૫૭ | ૪૩,૨૦,૫૫૫ | ૪૩,૨૦,૨૫૮ | ૯૯.૯૯ |
| તબક્કો-૬ | ૦૨-૦૮-૨૦૨૧ (સંવેદના દિવસ) | ૫૭ | ૮,૨૩,૮૮૯ | ૮,૨૦,૯૦૯ | ૯૯.૬૨ |
| કુલ | | | ૨,૦૪,૯૦,૦૨૯ | ૨,૦૪,૫૯,૦૧૨ | ૯૯.૮૪ |

*(સેવાસેતુના ૧ થી ૬ તબક્કાની અને સંવેદના દિવસે યોજાયેલા એક દિવસીય સેવાસેતુ કાર્યક્રમની આંકડાકીય માહિતી...)*

## જામનગરમાં ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ તથા આશા વર્કર બહેનો સન્માનિત



જામનગર તાલુકાના હાપા ખાતેથી જિલ્લા વ્યાપી સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ કરાવતાં રાજ્યના કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે લોકોને ઘરઆંગણે જ સરકારી સેવાઓ મળી રહે, લોકોને અકારણ જિલ્લા-તાલુકાના ધક્કા ન થાય તેમજ લોકોના સમય તથા પૈસાનો વ્યય ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં 56 જેટલી સરકારી સેવાઓ લોકોને એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અને આગામી સમયમાં પણ આ સેવાઓ વધુમાં વધુ લોકોપયોગી બની રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.ગામડાઓ સુખી અને સમૃદ્ધ બને તેમજ ગ્રામીણ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થાય તે બાબત સરકારના કેન્દ્રમાં છે. કાર્યક્રમમાં મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજનાઓના પ્રમાણપત્રો એનાયત કરાયાં હતાં.

## ચુડાના લાલિયાદમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

રાજ્યના નાગરિકો, લોકોની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલ નિવારણની ગતિને વધુ પારદર્શી અને વેગવંતી બનાવવા સાતમા તબક્કાનો રાજ્યવ્યાપી સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના લાલિયાદ ખાતે વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચુડા તાલુકાના ચુડા, ગોખરવાળા, સેજકપર, મોજીદડ, કારોલ અને



લાલિયાદ સહિત ૬ ગામોના અરજદારોએ વિવિધ યોજનાઓનો લાભ લીધો હતો. આ તકે મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિધવા સહાયના હુકમોનું વિતરણ પણ કરાયું હતું.

## લોકોને યોજનાના મળ્યા ઘરઆંગણે લાભ



નવસારી જિલ્લાના બિલીમોરા નગરપાલિકા વિસ્તારમાં આદિજાતિ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા મંત્રી શ્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ લોકોને વ્યક્તિગત લાભો ઘરઆંગણા સુધી મળી રહે તેવા ઉમદા હેતુથી સેવાસેતુના કાર્યક્રમો કરવામાં આવે છે. તેમ જણાવી સરકારશ્રીના ૧૨ વિભાગો દ્વારા ૫૬ જેટલી સેવાઓને લાભ તાલુકા મથકે ગયા વગર ઘરઆંગણે મળી રહ્યો છે ત્યારે મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર, ચેક, જન્મના દાખલા, આવકના દાખલા લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યા હતા.

## મોરબીના બગથળા ગામેથી સેવાસેતુના સાતમા ચરણનો શુભારંભ



રાજ્ય વ્યાપી સેવાસેતુના સાતમા ચરણનો મોરબી જિલ્લામાં મોરબી તાલુકા બગથળા ગામેથી શ્રમ અને રોજગાર, પંચાયત (સ્વતંત્ર હવાલો) ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈએ પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, લોકોને વ્યક્તિગત લાભો ઘરઆંગણા સુધી મળી રહે તેવા ઉમદા હેતુથી સેવાસેતુના કાર્યક્રમો કરવામાં આવે છે. ૫૬ જેટલી સેવાઓને લાભ તાલુકા મથકે ગયા વગર ઘરઆંગણે મળી રહ્યો છે ત્યારે

મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં મંત્રીશ્રીના હસ્તે સ્થળ પર જ આધાર કાર્ડ, આવકના દાખલા, E-sharm કાર્ડના લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યા હતા.

## ઓલપાડના ૧૩ ગામોના નાગરિકોએ ઘરઆંગણે યોજનાકીય લાભો મેળવ્યા



ઓલપાડ તાલુકાના કરમલા ગામે પ્રાથમિક શાળામાં કૃષિ, ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૩ ગામોના નાગરિકોએ ઘરઆંગણે ૭-૧૨/૮-અ પ્રમાણપત્રો, વિધવા સહાય, આધારકાર્ડ, રાશનકાર્ડ, જાતિ પ્રમાણપત્રો, આયુષ્માન કાર્ડ, રેશનકાર્ડ સુધારા જેવી સેવાઓનો લાભ લઈને અરજીઓનું સ્થળ પર જ નિરાકરણ મેળવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'નાગરિકોની સુવિધા માટે રાજ્ય સરકાર પ્રજાના દ્વારે આવી છે. રાજયમાં ૧૦૦ દિવસના સમયગાળામાં ૨૫૦૦ જેટલા સેવા સેતુનું આયોજન કરી માનવીના રોજબરોજના સરકારી યોજનાકીય લાભો, પ્રમાણપત્રોની સુવિધા આપવાનો સંકલ્પ છે. સેવા સેતુના કારણે લોકોને તાલુકામથક સુધી ધક્કા ખાવામાંથી મુક્તિ મળી છે એમ જણાવી તેમણે સેવાસેતુ થકી સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા અનુરોધ કર્યો હતો.

## આરોગ્યમંત્રીશ્રીનો લાભાર્થીઓ સાથે સંવાદ

સેવાસેતુના સાતમા ચરણનો પંચમહાલ જિલ્લામાં મોરવા હડફ તાલુકાના ડાંગરિયા ખાતેથી આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ તબીબી શિક્ષણ રાજ્યમંત્રી શ્રી નિમિષાબહેન



સુથારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમમાં મંત્રીશ્રીના હસ્તે સ્થળ પર જ લાભાર્થીઓને વિવિધ દાખલા-પ્રમાણપત્રોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્યમંત્રીશ્રીએ વિવિધ વિભાગોના સ્ટોલની મુલાકાત લઈ અપાઈ રહેલી સેવાઓ અંગે લાભાર્થીઓ સાથે સંવાદ કરી ઉપલબ્ધ સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું.

## સાબરકાંઠાના લાભાર્થીઓને સહાયના હુકમ-પત્રો એનાયત




સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના મહાદેવપુરા (ઘડી)માં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારની ઉપસ્થિતિમાં સેવાસેતુ કાર્યક્રમના સાતમા તબક્કાનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે રૂ. ૯.૨૮ લાખના ખર્ચે સુવિધાયુક્ત ગ્રામ પંચાયત ભવનનું મંત્રીશ્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ ક્લસ્ટરના ગામોના લાભાર્થીઓને સહાયના હુકમ-પત્રો તથા નવા રેશનકાર્ડ એનાયત કરવામાં આવ્યાં હતાં.

## એક પણ લાભાર્થી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ

ભાવનગર જિલ્લામાં સેવા સેતુના સાતમો તબક્કાનો કાર્યક્રમ મહુવા તાલુકાના વાઘનગર ગામે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ રાજ્યમંત્રી શ્રી આર.સી.મકવાણાની અધ્યક્ષતામાં યોજાયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારની સહાયથી એક પણ લાભાર્થી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. સેવા સેતુએ અમારા માટે શાસન માટેની પ્રતિબદ્ધતાનો દ્યોતક છે. પારદર્શી રીતે સંવેદનશીલતાથી લોકોને સેવા પૂરી પાડવી એ અમારા માટે સેવા કરવાનો ઉપક્રમ છે.

આ અગાઉ યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં લાખો લોકોને ઘર - આંગણે રાશન કાર્ડ, આધાર કાર્ડ, વિધવા સહાય, આવકનો દાખલો વગેરે જેવી સેવાઓ પૂરી પાડી છે. મંત્રીશ્રીએ સામાન્ય નાગરિકની જેમ પોતાના બ્લડ-પ્રેશરનું ચેકિંગ કરાવી પોતાની



સાદગીનો પરિચય આપ્યો હતો. તેમને તેમ કરતાં જોઈને અન્ય લોકો પણ પોતાનો ડર દૂર કરતાં પોતાનું હેલ્થ ચેક અપ કરાવ્યું હતું. તેમણે ઊભા કરવામાં આવેલાં વિવિધ સ્ટોલોની મુલાકાત લઈ આપવામાં આવતી સેવાઓ વિશેની તલસ્પર્શી માહિતી પણ મેળવી હતી. તેમણે લોકોને સરળતાથી તમામ સેવાઓ પૂરી પાડવા માટેનું માર્ગદર્શન પણ કર્મચારીઓને પૂરું પાડ્યું હતું.

## સેવાસેતુ પ્રજાલક્ષી પ્રશ્નો ઝડપી ઉકેલનું માધ્યમ



સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જિલ્લામાં સાતમા તબક્કાના સેવાસેતુનો પ્રારંભ કરાયો છે. કેશોદના અગતરાય તેમજ જૂનાગઢ ખાતે આયોજિત સેવાસેતુમાં પશુપાલન અને ગૌ-સંવર્ધન મંત્રી શ્રી દેવાભાઈ માલમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પશુપાલન રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સેવાસેતુ પ્રજાલક્ષી પ્રશ્નો ઝડપી ઉકેલનું માધ્યમ છે. સેવાસેતુમાં લોકોને રાજ્ય સરકારની વિવિધ ૫૬ સેવાનો લાભ એક જ સ્થળે આપવામાં આવે છે. સેવાસેતુ રાજ્ય સરકારની પારદર્શી વ્યવસ્થાની પ્રતિબદ્ધતા છે તેમ જણાવી મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, અહીં અરજદારને જુદી-જુદી કચેરીએ જવાના બદલે એક જ સ્થળે સુવિધા આપવામાં આવે છે. ●

## અમરેલી જિલ્લામાં ૧૦,૩૫૯ અરજીઓનો હકારાત્મક નિકાલ

*સરકાર આપને દ્વારના સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા આધાર કાર્ડ, રેશન કાર્ડ, બેન્કિંગ સેવાઓ, આવક અને જાતિના દાખલાઓ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્રો જેવી અનેકવિધ પ્રજાલક્ષી સેવાઓ સ્થળ પર જ આપવાના હેતુથી સેવા સેતુ કાર્યક્રમના સાતમા તબક્કાની શરૂઆત કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળોએ યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં ૧૦,૩૬૯ જેટલી અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.*



## ઘરે બેઠાં મળેલા શ્રમિકકાર્ડથી મારો વધારાનો શ્રમ બચ્યો છે - મુકેશભાઇ

*ભુજ તાલુકાના કોડકી ગામે ખેતમજૂરી અને કડિયાકામ કરતા મુકેશભાઈ દેવજીભાઈ વરસાણી જણાવે છે કે, મને ઘેર બેઠાં મળેલા શ્રમિક કાર્ડથી મારો વધારાનો શ્રમ સરકારે બચાવ્યો છે. શાળામાં એક જ જગ્યાએ મારી જેમ બીજા બધાને પણ જુદી જુદી યોજનાના લાભ મળી રહ્યા છે. ઘર આંગણે સરકાર અને વહીવટી તંત્ર દ્વારા મળતી યોજનાના લાભો દ્વારા અમારો સમય અને નાણાં બન્ને બચે છે.*



# પ્રાકૃતિક કૃષિના માધ્યમથી ક્રાંતિકારી પરિવર્તન આવશે

રાસાયણિક ખાતરથી થતી ખેતીને પરિણામે માનવીય આરોગ્ય પર ગંભીર અસરો જોવા મળી રહી છે. જેનો એક માત્ર ઉકેલ પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક કૃષિથી જ ખેતી ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય છે. ગુજરાત સરકાર પણ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં પ્રાકૃતિક ખેતી વધુને વધુ ખેડૂતો કરે તે માટે અભિયાન ચલાવી રહી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રીમંડળના સદસ્યોની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ અંગે વિચારગોષ્ઠિમાં માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિના માધ્યમથી દેશમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં મોડલ સ્ટેટ બની પ્રેરણારૂપ કાર્ય કરશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કર્મઠ નેતૃત્વમાં રાજ્ય સરકારના સહયોગથી રાજ્યમાં બે લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિના અભિયાનમાં જોડાયા છે, ત્યારે મંત્રીશ્રીઓ પણ પોતાના વિસ્તારમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરે. કૃષિ અપનાવવાથી લોકોને ઝેરમુક્ત સ્વાસ્થ્યપ્રદ આહાર પણ ઉપલબ્ધ બનશે.

પદ્મશ્રી સુભાષ પાલેકર પ્રેરિત પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયના છાણ-ગૌમૂત્ર, બેસન, ગોળ અને માટીની મદદથી તૈયાર થતા જીવામૃત અને ઘન જીવામૃત પ્રાકૃતિક ખાતરનું કાર્ય કરે છે. અળસિયામાં પણ તે વૃદ્ધિ કરે છે. સરવાળે ખેતરના પાકને પૂરતું પોષણ મળે છે અને ઉત્પાદન વધુ થાય છે.



રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં મોડલ સ્ટેટ બની પ્રેરણારૂપ કાર્ય કરશે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ડાંગ જિલ્લાને સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ આધારિત જિલ્લો જાહેર કરવાનો સંકલ્પ લીધો છે. એટલું જ નહીં ગાંધીનગર ખાતે સેક્ટર -21 શાક-માર્કેટમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ માટેનું કેન્દ્ર પણ શરુ કરાયું છે. અને રાજ્યના પ્રત્યેક જિલ્લા મથકે આવાં વેચાણ કેન્દ્રો ઊભાં કરાશે, જેથી ખેડૂતોને માર્કેટ મળી રહેશે.

આ વિચારગોષ્ઠિમાં મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીમંડળના તમામ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા અને વિચારગોષ્ઠિમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીઓએ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રદર્શનને પણ નિહાળ્યું હતું. ●

# ગુજરાતના સર્વાંગી વિકાસની પ્રશંસા કરતા કઝાકિસ્તાનના રાજદૂત

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરવાનું કાર્ય રાજ્યપાલશ્રી કરી રહ્યા છે. તેમણે રાજ્યના પ્રત્યેક જિલ્લામાં કૃષિશિબિર યોજીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો અનુરોધ કરવા સાથે તેના ફાયદા અને માનવીય સમાજ માટે તેની ઉપયોગિતા સમજાવી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સ્વાનુભવ વર્ણવીને પ્રાકૃતિક ખેતીની ઉપયોગિતા સિદ્ધ કરી છે. તાજેતરમાં તેમની મુલાકાતે આવેલા કઝાકિસ્તાનના રાજદૂતે પણ ગુજરાતના કૃષિ સહિતના સર્વાંગીણ વિકાસની પ્રશંસા કરી હતી.



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ભારત સ્થિત કઝાકિસ્તાનના રાજદૂત શ્રીમાન નુરલાન ઝલગાસબાયેવ (Mr. Nurlan Jhalgasbayev)એ રાજભવન ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસની પ્રશંસા સાથે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિને વર્ણવી ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે થયેલી કામગીરીથી તેમણે માહિતગાર કર્યા હતા. જેનાથી ભારત સ્થિત કઝાકિસ્તાનના રાજદૂત શ્રીમાન નુરલાન ઝલગાસબાયેવ ખૂબ જ પ્રભાવિત થયા હતા. રાજ્યપાલશ્રીએ સ્મૃતિ ભેટ અર્પણ કરીને તેમનું અભિવાદન કર્યું હતું. ●


## ગૂજરાત વિદ્યાપીઠનો ૩૦મો યુનિવર્સલ હીલિંગ પ્રોગ્રામ યોજાયો




ગુજરાત વિદ્યાપીઠ ખાતે ૩૦માં યુનિવર્સલ હીલિંગ દિવસની રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજયપાલશ્રીએ જણાવ્યું હતુ કે, ગાંધીજીનું જીવન એ વ્યાપક દૃષ્ટિએ ચિંતન વાળું હતું અને તેઓ સંપૂર્ણપણે પ્રાકૃતિક ચિકિત્સાના ઉપાસક હતા. ભારતીય દિનચર્યા અને જીવનશૈલીનું મહત્ત્વ સમજાવતાં રાજ્યપાલશ્રી કહ્યું હતું કે, આપણી ભારતીય જીવનશૈલી એ સ્વાસ્થ્ય હિતને પોષનારી છે, જેમાં આહાર, વિહાર અને સાત્ત્વિક ખાન - પાનનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડૉ. રમેશ કાપડિયા લિખિત સ્વાસ્થ્યલક્ષી જનઉપયોગી "હાર્ટ ડિસઓર્ડર" પુસ્તકનું વિમોચન કર્યું હતું. તદ્ઉપરાંત તેઓએ હિન્દી ભાષામાં અનુવાદિત "હૃદય ધમની વિકાર" અને ગુજરાત ભાષામાં અનુવાદિત "હૃદય રોગ" પુસ્તકનું પણ આ પ્રસંગે વિમોચન કર્યું હતુ. આ કાર્યક્રમમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ રાડીયા, ગુજરાત વિદ્યાપીઠના કુલનિયામક શ્રી ડૉ. રાજેન્દ્ર ખીમાણી, રજિસ્ટ્રાર શ્રી નિખિલ ભટ્ટ, વિવિધ ફેકલ્ટીના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## મુખ્યમંત્રીશ્રીએ અશોક શર્મા લિખિત 'મોહન સે મોહન' પુસ્તકનું વિમોચન








જાણીતા કટાર લેખક અને પોરબંદરના કલેક્ટર શ્રી અશોક શર્મા લિખિત 'મોહન સે મોહન' પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તાજેતરમાં વિમોચન કરવામાં આવ્યું હતુ. કલેક્ટર શ્રી અશોક શર્મા લિખિત આ પુસ્તકમાં ભગવાન શ્રી કૃષ્ણથી લઈને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના પ્રસંગોનું આલેખન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં પોરબંદર જિલ્લાની ઐતિહાસિક, સાંસ્કૃતિક યાત્રાને રોચક રીતે રજૂ કરવામાં આવી છે. રુકમણી વિવાહ, જાંબુવતિ ગુફા, શ્રી કૃષ્ણ સુદામા પ્રસંગ, ઘુમલી, સ્વામી વિવેકાનંદની પોરબંદર યાત્રા વગેરે પ્રસંગો - સ્થળોને આ પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે. આ પુસ્તકના વિમોચન પ્રસંગે શહેરના પ્રબુદ્ધ નાગરિકો, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે શ્રી શર્મા કુશળ વહીવટકર્તા ઉપરાંત ચિંતક, વિચારક લેખક અને વક્તા છે. ●

## ગાંધીધામમાં ઓવરબ્રિજ માટે રૂ. ૫૯ કરોડ મંજૂર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છના ગાંધીધામમાં ફ્લાય ઓવરબ્રિજના નિર્માણ કામ માટે કુલ ૫૯.૨૫ કરોડ રૂપિયાની મહાનગરપાલિકાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ અંગેની રાજ્ય ફાળાની રકમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આપવામાં આવશે.

રાજયનાં નગરો - મહાનગરોમાં રેલવે ઓવરબ્રીજ-અંડરબ્રીજના નિર્માણ દ્વારા નાગરિકોને વાહન યાતાયાત અને અવર-જવરમાં સરળતા રહે તેમજ સમય અને ઈંધણની પણ બચત થાય તેવો ઉદાત આશય આવાં કામોને મંજૂરી આપવા પાછળ રાખવામાં આવેલો છે.

તદઅનુસાર, મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આ ફ્લાય ઓવરબ્રિજના જનસુવિધા વૃદ્ધિ કામની ભેટ ગાંધીધામ નગરને આપી છે.

ફાટકમુકત ગુજરાતની નેમને સાકાર કરતાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં રેલવે ઓવરબ્રિજ - રેલવે અંડરબ્રિજના કુલ ૩૦ પ્રોજેક્ટ માટે રૂ. ૮૯૦ કરોડની રકમની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ગુજરાતનાં નગરો-મહાનગરોમાં આવા રેલવે ઓવરબ્રિજ-રેલવે અંડરબ્રિજના વિવિધ કામો માટે નગરપાલિકાઓ માટે કુલ ૭૮ કરોડ રૂપિયા તેમજ મહાનગરપાલિકાઓ માટે પણ ૭૮ કરોડ રૂપિયા મળી સમગ્રતયા ૧૫૬ કરોડ રૂપિયાની જોગવાઈ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે કરવામાં આવી છે. ●

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સચોટ અમલીકરણથી
# ગુજરાત વૈશ્વિક સ્તરે જ્ઞાનની મહાસત્તા બનશે





રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ માટેના રોડમેપ સંદર્ભે રાજ્યની તમામ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે બેઠક યોજાઇ હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બેઠકમાં ઉપસ્થિત યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને સંબોધતાં કહ્યું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સચોટ અમલીકરણથી ગુજરાત વૈશ્વિક સ્તરે જ્ઞાનની મહાસત્તા બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો હેતુ દેશભરમાં શિક્ષણ માટે એક વ્યાપક માળખું સ્થાપિત કરવાનો છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત શિક્ષાવિદો સાથે મુક્તમને ચર્ચા કરી અને ગુજરાતના શિક્ષણને વધુ સમૃદ્ધ અને વૈશ્વિક બનાવવા સૌના સહકારની અપેક્ષા અને અભિલાષા વ્યક્ત કરી હતી.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના ભાવિ માટે અગત્યનું પરિબળ સાબિત થશે. શિક્ષણથી માત્ર સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું નહીં પણ સાથોસાથ ઉચ્ચ સ્તરીય તાર્કિક અને સમસ્યા સમાધાન સંબંધી બૌદ્ધિક ક્ષમતાઓનો વિકાસ થવો જોઈએ તેવું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રત્યેક વિદ્યાર્થીને ભાવપૂર્ણ આવકાર મળે, તેની વ્યક્તિગત કાળજી લેવાય અને પ્રેરણાત્મક શૈક્ષણિક વાતાવરણ હોય જ્યાં તમામ વિદ્યાર્થીઓને શીખવા માટે વિવિધ પ્રકારના અનુભવો ઉપલબ્ધ કરાવવામાં આવતા હોય તે જરૂરી છે અને આ બધું પ્રાપ્ત કરવું એ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાનું લક્ષ્ય હોવું જોઈએ.

રાજ્ય શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે માત્ર પરીક્ષાલક્ષી અધ્યયનને બદલે સંકલ્પનાત્મક સમજ પર ભાર મૂકતાં કહ્યું હતું કે, તાર્કિક નિર્ણય શક્તિ અને નવાચારને પ્રોત્સાહિત કરવા સર્જનાત્મક તથા વિવેચનાત્મક ક્ષમતાનો વિકાસ જરૂરી છે.

આ ચર્ચા - બેઠકમાં આગામી સમયમાં નેશનલ એજ્યુકેશન પૉલિસીનું સત્વરે અમલીકરણ કરવાની વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ઉપસ્થિત કુલપતિશ્રીઓએ પોતાનાં મંતવ્યો અને સૂચનો રજૂ કરી સંસ્થાનાં કાર્યો વિશે માહિતી આપી હતી. ઉપરાંત નવી એજ્યુકેશન પૉલિસી-૨૦૨૦ના ટૂંકાગાળા (૦-૩ વર્ષ), મધ્યમગાળા (૩-૬ વર્ષ) અને લાંબાગાળા (૬-૧૦ વર્ષ)ના એક્શન પ્લાન અંગે ગહન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ટૂંકાગાળાના પ્લાન (૦-૩ વર્ષ) અંતર્ગત વિવિધ મુદ્દાઓ જેવા કે સંશોધન અથવા શિક્ષણ ઇન્ટેન્સિવ યુનિવર્સિટી, એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ, મલ્ટિપલ એન્ટ્રી-એક્ઝિટ સિસ્ટિમ, મલ્ટિ ડિસિપ્લિનરી પ્રોગ્રામ in HEI, ક્રેડિટ બેઇઝડ કોર્સ તથા મધ્યમગાળાના પ્લાન (૩-૬ વર્ષ) Multidisciplinary Education & Research University, Gross Enrolment Ratioમાં સુધારો તથા પરીક્ષા પદ્ધતિમાં સુધારા-વધારા તેમજ લાંબાગાળાના પ્લાન (૬-૧૦ વર્ષ) અંતર્ગત કોલેજોનું ડી-એફિલિએશન, ગવર્નન્સ બાબતે યુનિવર્સિટી એક્ટમાં સુધારો, ઓટોનોમસ ડિગ્રી તથા ગ્રાન્ટિંગ કોલેજ પરત્વે ધ્યાન કેંદ્રીત કરવા નિર્ધાર કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર, ઉચ્ચ શિક્ષણ નિયામક શ્રી એમ. નાગરાજન, ટેકનિકલ શિક્ષણ નિયામક શ્રી જી. ટી. પંડ્યા તેમજ વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, શિક્ષણવિદો અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ●

# પ્રોપર્ટી એક્સપો




અમદાવાદનો ચોતરફો વિકાસ થઇ રહ્યો છે. અમદાવાદમાં ઘરનું ઘર હોય તેવું સ્વપ્ન સૌ કોઇનું હોય. આ મહાનગર તેની અફલાતૂન સુવિધાઓને લીધે સૌને આકર્ષતું રહ્યું છે. ત્યારે પ્રોપર્ટી એક્સપો એક એવું માધ્યમ છે જ્યાં એક છત્ર હેઠળ વિવિધ પ્રોપર્ટી સ્કીમ્સ જોવા મળે છે. જ્યાં વિશાળ પસંદગીને પણ અવકાશ રહે છે. તાજેતરમાં આવા જ એક પ્રોપર્ટી એક્સપોનો પ્રારંભ મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ કરાવ્યો હતો.

આ પ્રસંગે મહેસૂલ મંત્રીશ્રીએ જણાવ્યું કે, આ પ્રકારના પ્રોપર્ટી એક્સપોનું આયોજન મિલકત ખરીદવાની ઇચ્છા સેવતા લોકો માટે મદદરૂપ બની રહેશે. સરકાર દ્વારા પણ રેરા નો કાયદો લાવીને નાગરિકો અને ખરીદદારોનું હિત સચવાય તે માટેના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે જે સફળ રહ્યા છે. મંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે, પ્રજાના પ્રશ્નોના નિકાલ લાવવા તેમજ તેમના સૂચનો પર વિચાર વિમર્શ કર્યા બાદ ત્વરિત અમલવારી કરાવવા સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે.

શાયોના ગ્રૂપના અમદાવાદ મિરર અને નવગુજરાત સમયના સંયુક્ત ઉપક્રમે આયોજિત પ્રોપર્ટી એક્સપોમાં મંત્રીશ્રીએ વિવિધ બિલ્ડર ગ્રૂપની મુલાકાત લઈ પ્રોપર્ટીના નમૂના, વિવિધ સાઇટ્સની જાત માહિતી મેળવી હતી. આ પ્રસંગે શાયોના ગ્રૂપના ચેરમેન શ્રી સુરેશભાઈ પટેલ, અમદાવાદ મિરર અને નવગુજરાત સમયના ગ્રૂપ એડિટર શ્રી અજય ઉમટ સહિતના મહાનુભાવો, બિલ્ડરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

✎ કિશોર જિકાદરા

## પ્રજાકીય પ્રશ્નોને સંવેદનાપૂર્વક હલ કરવા

# રાજય સરકાર મક્કમ

નાગરિકોને જનસુખાકારીના લાભો સમયસર મળી રહે એ માટે પ્રજાકીય પ્રશ્નોનો સંપૂર્ણ સંવેદના સાથે નિકાલ કરવા રાજય સરકાર મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહી છે. મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જિલ્લા કલેકટરશ્રીઓ અને પ્રાંત અધિકારીશ્રીઓની સંયુક્તપણે વીડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં મહેસૂલ મંત્રીશ્રીએ નાગરિકોના પ્રશ્નોનો સત્વરે નિકાલ આવે અને બાકી તમામ કામો સમયસર પૂર્ણ થાય તે માટે સૂચનાઓ આપી હતી.

મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ ઉમેર્યું કે, જે મહેસૂલી પ્રશ્નોમાં પ્રજાજનો સીધી રીતે સંકળાયેલા છે તેવી તમામ બાબતો અંગે અધિકારીશ્રીઓને સંવાદ કરીને તેનો ઉકેલ લાવવા સૂચનાઓ આપી હતી. RTS-મહેસૂલી બાબતોના કેસોની સુનાવણીમાં થતો વિલંબ નિવારવો અને અઠવાડિયામાં મંગળ અને ગુરુવાર એમ બે દિવસ અપીલોની સુનાવણી કરવા તથા દિન-૩ માં જજમેન્ટ આપવું અને શક્ય હોય ત્યાં સુધી ૩ થી વધુ દિવસની મુદત ન આપવા તેમજ મહેસૂલી વિભાગને લગતા પ્રજાજનો પ્રશ્નોના સ્થળ ઉપર નિકાલ માટે ટૂંક સમયમાં "મહેસૂલી સેવા મેળા" કે કેમ્પનું જિલ્લાવાર આયોજન કરવા પણ તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં ગ્રામીણ વિસ્તારના પ્રજાજનોને ઘર માટે સરળતાથી પ્લોટ મળી શકે તે માટે ગામતળની દરખાસ્તો ૧૦ દિવસમાં નિકાલ કરવા અને જ્યાં ગામતળ ન હોય ત્યાં ૧૫ દિવસમાં દરખાસ્તો મંગાવવા જણાવાયું હતુ. પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૨૦૨૪ સુધીમાં સૌના માટે ઘરનો લક્ષ્યાંક નિયત કરાયો છે. જે સંદર્ભે પડતર શહેરી વિસ્તારની દરખાસ્તોનો ઝુંબેશ સ્વરૂપે નિકાલ કરવા જણાવ્યું હતુ.

આ ઉપરાંત બેઠકમાં રિ-સર્વેના કામમાં જિલ્લાવાર મુશ્કેલીઓ અને તેના ઉકેલ માટેના ઉપાયો દરેક કલેકટરશ્રી પાસેથી દિન-૭માં મંગાવવામાં આવ્યા ત્યારબાદ વિભાગ દ્વારા એક ઉચ્ચસ્તરીય અધિકારીશ્રીઓ/ એક્સપર્ટ્સની મિટિંગ કરી તે જ ઉકેલ માટેનું આયોજન કરવાનું નક્કી થયું હતું. તેમજ તમામ પ્રકારની ધાર્મિક સંસ્થાઓના રખ-રખાવ માટે અપાયેલ જમીનોમાં જો જમીનોની કોઇ બિનઅધિકૃત વેચાણ/તબદીલી થઇ હોય તો દરેક કલેકટરશ્રી સુઓમોટો કાર્યવાહી કરી નિયમોનુસાર કરી અત્રે રિપોર્ટ કરવા મંત્રીશ્રીએ સૂચનાઓ આપી હતી.

સરકારી ગૌચર જમીનોમાં થયેલ દબાણોની નિયમિત સમીક્ષા થાય અને નવા દબાણો ઉપસ્થિત ન થાય તેમજ શહેરી વિસ્તારના પ્રજાજનોને આપવાના પ્રોપર્ટી કાર્ડના કામમાં ઢીલાશ આવી છે. તેમાં ઝડપ લાવવા અને ૧૫ વર્ષે નવી શરતની ખેતીની જમીનમાં સુઓ મોટો જૂની શરતમાં ફેરવવાના હુકમોમાં દર માસે રિવ્યૂ થાય અને દરેકને સમયસર હુકમો મળે તેવી સૂચના પણ તેમણે આપી હતી.

આ બેઠકમાં ગાંધીનગર ખાતે મહેસૂલ મંત્રીશ્રી સહિત મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા તમામ જિલ્લા કલેકરશ્રીઓ તથા પ્રાંત અધિકારીશ્રીઓએ વીડિયો કોન્ફરન્સ દ્વારા સહભાગી બનીને વિચાર વિમર્શ કર્યો હતો. ●

## લોકોપ્રશ્નોનું નિરાકરણ લાવવાનું લોકપ્રતિનિધિનું દાયિત્વ છે : મંત્રીશ્રી વાઘાણી



સમાજ અને વિસ્તારની સમસ્યાને વાચા આપવાનું અને સમયસર ઉકેલવાનું કાર્ય જનપ્રતિનિધિનું છે. લોકો પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ આવશે તેવી આશાએ રજૂઆત કરતા હોય ત્યારે લોકપ્રતિનિધિનું દાયિત્વ છે કે જનહિતમાં કાર્ય કરે.

શિક્ષણ મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ તેમના કાર્યાલય ખાતે જિલ્લા તથા શહેરમાંથી આવેલા નાગરિકોની રજૂઆતો સાંભળી હતી. કાળુભા રોડ પર આવેલા તેમના લોકપ્રતિનિધિ તરીકેના કાર્યાલય ખાતે તેમણે લોકરજૂઆતો સાંભળી તેના ઉકેલ અને નિરાકરણની ખાતરી આપી હતી.

તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ મંત્રીની જવાબદારી મળ્યા બાદ નાગરિકો માટે એટલો સમય ફાળવી શકાતો નથી છતાં બનતી રીતે લોકોને કઇ રીતે મદદરૂપ થાય તે જ તેમનો ઉદ્દેશ છે. લોકોને પીડતી સમસ્યાઓ વિશેની વિગતો જાણી તેનો ઉકેલ આવે તેવા નિર્ધાર સાથે તેમજ નીતિ-નિયમોમાં પડતી અડચણો દૂર થાય તેવા પગલાં ઉઠાવવામાં આવે છે.

## ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીમાં ફ્રીડમ રન

દેશને વિશ્વગુરુ બનાવવા અને ઐતિહાસિક ભારતની ભવ્યતા અને દિવ્યતાને પુનઃ જાગૃત કરવાનો સંકલ્પ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લીધો છે. ભારતના ભવ્ય ઇતિહાસને ઉજાગર કરવા સાથે નવી પેઢી સુધી તેનું હસ્તાંતરણ માટે આઝાદી કા અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તાજેતરમાં ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી ખાતે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત અને “આઝાદ હિંદ સરકાર દિવસ” નિમિત્તે "ફ્રીડમ દોડ" યોજાઇ હતી. જેમાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી સ્વયં પણ આ દોડમાં જોડાયા હતા.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં “આઝાદી કા અમૃત મહોત્સવ” અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આઝાદીનો આ મહોત્સવ એ કોઈ ઉજવણી નથી પરંતુ સમગ્ર દેશના નાગરિકો એકબીજા સાથે પરસ્પર રીતે જોડાય, ભારતીય પરંપરાગત. સંસ્કૃતિ સંસ્કાર. અને મૂલ્યો વિશે જાણે - સમજે તે માટે છે.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ નેતાજી સુભાષચન્દ્ર બોઝ જીવનચરિત્રના દીવાલચિત્રનું ઉદ્ઘાટન કર્યું હતું. ફ્રીડમ દોડ કાર્યક્રમમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનુ મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ●

## મહેમદાવાદના ૮૮ ગામના સરપંચ પાસે વિકાસલક્ષી અભિપ્રાય મંગાવાયા

ગ્રામવિકાસથી જ તાલુકા, જિલ્લા અને રાજયનો વિકાસ સંભવ છે. માળખાગત, શિક્ષણ સહિતની પ્રાથમિક જરૂરિયાતોની આપૂર્તિ ઉપરાંત જનસુખાકારીનાં પગલાં દ્વારા ગ્રામવિકાસ શક્ય છે. તાજેતરમાં રાજયના નાગરિકોને જનસુખાકારીના લાભો સત્વરે મળે અને પ્રજાની ઇચ્છાનુસાર વિકાસકામોનું આયોજન થાય એ માટે ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે નવતર અભિગમ દાખવી મહેમદાવાદના ૪૪ ગામના સરપંચો પાસે વિકાસલક્ષી અભિપ્રાય મંગાવવામા આવ્યા હતા.

મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે વિકાસકામોના આયોજન માટે તથા લોકપ્રશ્નો સંદર્ભે મહેમદાવાદ ૮૮ ગામોના સરપંચશ્રીઓને પત્ર લખી અભિપ્રાય મોકલવા જણાવ્યું હતું. જે તે ગામોના પ્રશ્નો જેવા કે પીવાના પાણી, ચેકડેમ મરામત, વીજળી, મ.ન.રે.ગા. નિરાધાર વૃદ્ધ, વિધવા સહાય, આરોગ્ય, રોડ-રસ્તા, શાળાઓના ઓરડા, ખેડૂતોને ખેતીવાડીના વીજકનેકશન, વીજલાઇન બદલવી, ૧૦૦ ચો. વાર પ્લોટ ફાળવણી, પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભો માટેની માંગણીની અરજીઓ સહિતના પ્રજાલક્ષી પ્રશ્નો ત્વરિત તેમને મોકલી આપવા તમામ સરપંચોને પત્રથી જણાવ્યું હતું.●

## 'સાપુતારાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી' પ્રવાસન સર્કિટ વિકસાવાશે

# શ્રી રામ જન્મભૂમિની યાત્રા માટે પાંચ હજારની સહાય






વનબંધુઓ વનની જાળવણી કરે છે.વન પર તેઓ નભે છે.રાજ્ય સરકાર દ્વારા વન અને વનબંધુઓનાં કલ્યાણ માટે અનેકવિધ પગલાઓ લેવામાં આવ્યાં છે. ગુજરાતના આદિવાસી વિસ્તારના માતા શબરીના વંશજો એવા, આદિવાસી સમાજના પ્રજાજનોને, શ્રી રામ જન્મભૂમિ અયોધ્યાની યાત્રા માટે પ્રત્યેક યાત્રાળુ દીઠ રૂપિયા પાંચ હજારની આર્થિક સહાય આપવામા આવશે, તેવી 'શબરી ધામ' ખાતેથી જાહેરાત કરતાં રાજ્યના પ્રવાસન અને યાત્રાધામ વિકાસ મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ કૈલાશ માનસરોવર યાત્રા, સિંધુ દર્શન યાત્રા સહિત શ્રવણ તીર્થ યાત્રા જેવી યોજનાઓમા અપાતી આર્થિક સહાયનો ખ્યાલ આપ્યો હતો.

દંડકારણ્યની પાવન ભૂમિ ઉપર વિજયા દશમીની ઉજવણીની સાથે હવેથી પ્રતિવર્ષ પ્રભુ શ્રીરામ સાથે જોડાયેલાં ગુજરાતનાં તીર્થ સ્થાનો ઉપર 'દશેરા મહોત્સવ'નું આયોજન કરવાની નેમ વ્યક્ત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત વર્ષની ઉચ્ચત્તમ શાસ્ત્રોક્ત પદ્ધતિ, અને યુગ યુગાન્તરની ગણના પદ્ધતિનો ખ્યાલ આપી, પ્રભુ શ્રી રામ, રામાયણ અને રામસેતુને કાલ્પનિક કહેનારા લોકોને વૈજ્ઞાનિક પ્રમાણો મળી ચૂક્યા છે.

શબરી ધામ ખાતે મહાઆરતી અને રાવણ દહનના કાર્યક્રમમા ભાગ લેતા મંત્રીશ્રીએ ખાસ કરીને આદિવાસ વિસ્તારોમા દશેરા મહોત્સવની ઉજવણી અધર્મ પર ધર્મના વિજયના નારાને બુલંદ કરવા સાથે, પવિત્ર સ્થાનોની ગરિમા વધારીને, સાંસ્કૃતિક તથા ઐતિહાસિક વિરાસતને ઉજાગર કરશે તેમ જણાવ્યુ હતુ.

શબરી ધામનું માહાત્મ્ય વર્ણવતાં રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ સાથે સ્થાનિક રોજગારીનું પણ વિપુલ માત્રામા સર્જન કરવામા આવી રહ્યું છે તેમ જણાવી ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી વિસ્તારોમાં શ્રેણીબદ્ધ વિકાસ કામો હાથ ધરીને પ્રજાજનોના સર્વગ્રાહી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમ તેમના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું.

ડાંગ જિલ્લાના પ્રજાજનો સુખી અને સમૃદ્ધ બને તેવા સુભાશિષ આપતા વલસાડ-ડાંગના સાંસદશ્રી ડૉ. કે. સી. પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારે અયોધ્યામા રામ મંદિરનું નિર્માણ, જમ્મુ કાશ્મીરની ૩૭૦ની કલમ નાબુદી સહિતના સાહસિક પગલાઓની જાણકારી આપી બિલીમોરા-વઘઇ નેરોગેજ ટ્રેનને પુનઃ શરૂ કરી આ વિસ્તારના વિકાસ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર પ્રયાસરત છે તેમ જણાવ્યું હતું.

ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે દશેરા પર્વની સૌને શુભેચ્છા પાઠવી હતી. તેમણે શબરીધામ ખાતે આયોજિત વિજયા દશમીપર્વની રાજ્ય કક્ષાની ઉજવણી કરવા બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

'દશેરા મહોત્સવ'ના રાજ્ય કક્ષાના 'શબરી ધામ' ખાતેના કાર્યક્રમમાં આદિવાસી સંસ્કૃતિના પ્રતીકરૂપ સોનગઢ (તાપી)નું ઢોલ નૃત્ય, છોટા ઉદેપુરનુ દીવા નૃત્ય, સાગબારા (નર્મદા)નું હોલી નૃત્ય, અને ડાંગના ડાંગી નૃત્ય સહિત આદિવાસી નૃત્યએ પ્રેક્ષકોના મન ડોલાવ્યાં હતાં. કાર્યક્રમના મુખ્ય સ્ટેજ ઉપર થી રજૂ થયેલા આ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ડાંગની પાવરીની સુરાવલીઓ વચ્ચે મહાનુભાવોનું ભાવભીનું સ્વાગત કરાયું હતું.

'પૂર્ણેશ મોદી એપ' અને 'વેબસાઇટ'ના માધ્યમથી જુદા જુદા વિભાગોની સેવાઓ ઉપલબ્ધ કરાવતા, સોશિયલ મીડિયાના આ પ્લેટફોર્મ ઉપરથી, પ્રજાજનોને ઘરબેઠાં એક જ ક્લિક કરવાથી જુદી જુદી સેવાઓ પ્રાપ્ત થશે, જેનાથી જરૂરિયાતમંદ પ્રજાજનોના સમય અને ઈંધણની બચત સાથે, સરકારી સેવાઓ મેળવવી વધુ સુગમ બનશે. ગુગલ પ્લેસ્ટોર પરથી વડાપ્રધાનશ્રીની 'નમો એપ' ડાઉનલોડ કર્યા બાદ 'પૂર્ણેશ મોદી એપ' પ્રજાજનો ડાઉનલોડ કરી શકશે. ●

# જામનગર જિલ્લાની જનસુખાકારીને પ્રાધાન્ય



ગુજરાતના સૌથી લાંબા દરિયા કિનારા પૈકી વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ભૌગોલિક સ્થિતિ અને દરિયા બંદરો ધરાવતા જામનગર જિલ્લામાં માળખાગત સુવિધા વધારવામાં આવી રહી છે. અંતરિયાળ ગામડાઓને નવા માર્ગો સાથે જૂના માર્ગોને દુરસ્ત કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જામનગર જિલ્લામાં વિવિધ સ્થળે આવાં જનસુખાકારી તેમજ વિકાસકાર્યો કરવામાં આવ્યાં હતાં.

જામનગર-લાલપુર બાયપાસ પર આવેલા ચેલા ખાતેના કોટડીના ઢાળીયાથી નારણપુરના અંદાજે રૂ.3 કરોડના ખર્ચે નિર્મિત થનારા રોડનું કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે વિવિધ ગામના લોકો સાથે સંવાદ સાધ્યો હતો. તેની સાથે સાથે આરોગ્ય કેમ્પ, પીસીવી કેમ્પને પણ ખુલ્લો મૂક્યો હતો. તેઓ જામનગરમાં માતાની સંભાળ સંબંધિત ગર્ભોત્વસ પ્રશિક્ષણ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા.

કોટડીના ઢાળીયાથી નારણપુર રોડના ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ચેલાના ગ્રામજનોની નારણપુર જવાના સીધા રસ્તાની માંગણી સરકારે ગ્રાહ્ય રાખી છે અને આગામી સમયમાં પણ પાણી, બાંધકામ, વીજળી, કૃષિ, રસ્તા, પુલ, નાળા સહિતના નાના મોટા તમામ પ્રશ્નો પરત્વે સરકાર તબક્કાવાર હકારાત્મક અભિગમ દાખવી તેને પરિપૂર્ણ કરવા કટિબદ્ધ છે.

મંત્રીશ્રીએ જામનગર તાલુકાના સૂર્યપરા, અલિયા તથા બાળા ગામની રૂબરૂ મુલાકાત લઈ લોકો સાથે સંવાદ સાધી લોકોપ્રશ્નોની ચર્ચા તેમજ રજૂઆતો સંબંધિત ચર્ચા કરી હતી. તેમણે સૂર્યપરા ખાતે રૂ.ચાર લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું.

તદઉપરાંત ખીમરાણામાં આયોજિત સર્વરોગ નિદાન કેમ્પ, માં કાર્ડ કેમ્પ તથા PCV વૅક્સિનેશન કેમ્પ સહિતના ત્રિવિધ કાર્યક્રમોને મંત્રીશ્રીએ ખુલ્લા મૂકી વધુમાં વધુ લોકોને તેનો લાભ લેવા આગ્રહપૂર્વક જણાવ્યું હતું.

જામનગરની ગાયત્રી શક્તિ પીઠ કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તેમજ ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં ગર્ભોત્સવ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કર્યું હતુ. આ પ્રકારના આયોજન સમાજ માટે હિતકારી અને જરૂરી છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે મનુષ્ય અવતાર માત્ર સ્વાર્થ માટે નહીં પરંતુ પરમાર્થ માટે ઉપયોગમાં લેવાય તે જરૂરી છે. એકવીસમી સદીમાં આર્થિક ઉપાર્જનની સાથે સાથે ધર્મ અને સંસ્કાર પણ જળવાઈ તે જરૂરી છે તેમ જણાવી ગાયત્રી શક્તિ પીઠ દ્વારા થઈ રહેલા દેશવ્યાપી ધાર્મિક કાર્યોને ધારાસભ્યશ્રીએ બિરદાવ્યા હતા.

આમ, માત્ર રોડ, રસ્તાના કામના ખાતમુહૂર્ત જ નહીં પરંતુ જનસુખાકારીનાં કામો તેમજ આરોગ્યલક્ષી કાર્યક્રમો દ્વારા જામનગરની જનતાને વધુને વધુ સુવિધા આપવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે તે આવાં વિકાસકાર્યોથી સાબિત થાય છે. ●

## કૃષિમંત્રીશ્રીની વડાપ્રધાન સાથે કૃષિ વિકાસ અંગે ચર્ચા



ગુજરાતના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે દિલ્હીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત કરી હતી. કૃષિમંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલી કામગીરીની સવિસ્તર માહિતી વડાપ્રધાનશ્રીને આપી હતી. વડાપ્રધાનશ્રી સાથેની શુભેચ્છા મુલાકાત દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની પરિસ્થિતિ તેમજ રાજ્યના ખેડૂતોની સમસ્યા અંગે વિગતે ચર્ચા કરી હતી.

# સુરેન્દ્રનગર જિલ્લામાં પરિવહન સુવિધામાં વધારો

રાજ્ય સરકારે અનેકવિધ વિકાસકામો કરીને લોકો માટે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનાવી છે. તાજેતરમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાના કેરાળામાં સાયલા-કેરાળા-વડીયા રોડ તેમજ થોરીયાળી-જસાપર રસ્તાનું તેમજ ધાંધલપુરમાં રસ્તાના રિસરફેસિંગના કામનું વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, સાયલા- કેરાળા-વડીયા તેમજ થોરીયાળી- જસાપર રસ્તાનું નિર્માણ થવાથી આજુબાજુના ગામ લોકોની પરિવહન સુવિધામાં વધારો થશે.

તદઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ધાંધલપુર ખાતે વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં રસ્તાના રિસરફેસિંગ કામોનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રૂપિયા ૩૧૭ લાખથી વધુના ખર્ચે સોખડા એપ્રોચ રોડ, ગોસળ-મદારગઢ, સોરીંભડા એપ્રોચ રોડ, કાનપુર -દરિયાલાલ રોડ, નિનામા-શેખડોદ રોડ અને નાના સખપર એપ્રોચ રોડના રિસરફેસિંગ કામનું મંત્રીશ્રી દ્વારા ખાતમુહૂર્ત કરાયું હતું.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતાં વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, આ રસ્તાના રિસરફેસિંગનું કામ થવાથી આ વિસ્તારના લોકોની આવન-જાવન સુવિધામાં વધારો થશે. લોકો માગને ધ્યાને રાખીને વિકાસનાં કામોને રાજ્ય સરકાર અગ્રતા આપી રહી છે. જેથી આ વિસ્તારના લોકોની રજૂઆતોને અગ્રતા આપી, આ રસ્તાના રિસરફેસિંગ કામોનું આજે ખાતમુહૂર્ત કરાયું છે. આ વિસ્તારમાં પાણી રસ્તા જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા રાજ્ય સરકાર તત્પર હોવાનું પણ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. ●



## લીંબડી-ધંધુકા રોડ પર નિર્માણ પામશે વૈકુંઠધામ

આજના જમાનામાં નિરાધારનો આધાર બનવું, એ ખૂબ જ મોટી વાત છે. લીંબડીમાં નિરાધાર વૃદ્ધોને આધાર આપતા વૃદ્ધાશ્રમનું નિર્માણ થવા જઇ રહ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાના હસ્તે ધંધુકા રોડ પર નવનિર્માણ પામનાર વૈકુંઠધામ વૃદ્ધાશ્રમ - અનાથાશ્રમના નવા ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આશરે ૧૨૫ વ્યક્તિઓ વસવાટ કરી શકે તેવા આયોજન સાથે વૃદ્ધાશ્રમ, ગૌશાળા બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વૃદ્ધો શાંતિમય જીવન જીવી શકે તે હેતુસર આ વૃદ્ધાશ્રમનું નિર્માણ થવા જઈ રહ્યું છે. ૧૦૦ મંદિરો બનાવવા જેટલું જ પુણ્ય એક વૃદ્ધાશ્રમ બનાવવાથી મળે છે. આ ઉપરાંત તેમણે વૃદ્ધાશ્રમનું નિર્માણ ઝડપથી પૂર્ણ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો પૈકી મહંતશ્રી લલિતકિશોર શરણદાસજી, મહંતશ્રી મુક્ત સ્વરૂપદાસજી, મહંતશ્રી પ્રફુલ્લ મહારાજ અને લીંબડી નગરપાલિકા પ્રમુખ શ્રી બેલાબહેન વ્યાસે પણ વૃદ્ધાશ્રમ નિર્માણના કાર્યને બિરદાવ્યું હતું, તેમજ લીંબડીના નાગરિકોને આ નેક કાર્યમાં જોડાવવા માટે આહવાન કર્યું હતું. ●

## રાજપૂત સમાજના શિક્ષણ વિકાસ ઉપર વિશેષ ભાર મૂક્તા વન મંત્રીશ્રી

સુરેન્દ્રનગરના લીંબડીમાં ઝાલા માંગુજી શાખા ક્ષત્રિય સમાજ, લીંબડી અને ચુડા રાજપૂત સમાજ, શ્રી દિગ્વિજયસિંહજી રાજપૂત છાત્રાલય-લીંબડી, શ્રી દિગ્વિજયસિંહજી રાજપૂત છાત્રાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ સહિતની સંસ્થાઓ તેમજ રાજપૂત સમાજના વિવિધ આગેવાનો દ્વારા દશેરા પર્વની ઉજવણી દરમિયાન વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાનું સન્માન કરાયું હતું.

રાજપૂત સમાજને સંબોધતા મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, હવે સમય છે કલમ ઉઠાવવાનો, એટલે કે શૈક્ષણિક ક્ષેત્રે આગળ આવવાનો. રાજપૂત સમાજની વિવિધ સંસ્થાઓએ આજ સુધીમાં અનેક અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ આપ્યા છે. આવનાર સમયમાં પણ આ સંસ્થાઓ અને સમાજના યુવાનો શિક્ષણ બાબતે જાગૃત થઈ, દેશના વિવિધ ક્ષેત્રોમાં આગળ જાય અને સમાજ સાથે દેશનું નામ પણ રોશન કરે તેવી આશા મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

આ સન્માન સમારોહમાં લીંબડી રાજવી પરિવારના જયદીપસિંહજી રાણા, તમામ સંસ્થાઓ તેમજ રાજપૂત સમાજના આગેવાનશ્રીઓ સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વિકાસ કામો 100 દિવસમાં પૂર્ણ કરવાનો સંકલ્પ

કોરોનાકાળમાં ધીમી પડેલી વિકાસની ગતિને વેગ આપવા અને તીવ્ર ઝડપે કામ પૂર્ણ કરી નિર્ધારિત લક્ષ્યાંકો હાંસલ કરવા રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાતના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં પણ વિકાસકાર્યોને 100 દિવસમાં પૂર્ણ કરવાના લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવ્યાં છે. રાજ્યમાં જનસુખાકારીને પ્રાધાન્ય આપીને પૂર્ણ થયેલા વિકાસ કાર્યોના લોકાર્પણ કરવામાં આવી રહ્યાં છે. તાજેતરમાં દક્ષિણ ગુજરાતના અંતરિયાળ તાપી જિલ્લામાં પણ વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યાં. રાજ્યમંત્રીશ્રીએ વિકાસના કામો સો દિવસમાં પૂર્ણ કરવાના એજન્ડા સાથે રાજ્ય સરકાર કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું.



કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે તાપી જિલ્લામાં રૂ.૨૮ લાખના કામોનું લોકાર્પણ અને રૂ.૩૭.૮૪ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. લોકાર્પણ થયેલા કામોમાં વ્યારાના બેડકુવાદુર ગ્રામ પંચાયત અને ડોલવણ બેહેડારાયપુર ગ્રામ પંચાયતનાં બિલ્ડીંગનો સમાવેશ થાય છે. જયારે વ્યારા, સોનગઢ, ડોલવણ, નિઝર, કુકરમુંડા અને ઉચ્છલમાં વિકાસ કામોનાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં.

આ કામોમાં માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ તાપી વર્ષ ૨૦૨૦-૨૧ માં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના (MMGSY) અંતર્ગત તાપી જિલ્લાના તમામ તાલુકાઓમાં કુલ ૩૦૦.૧૭ કિ.મી. લંબાઈના ૧૩૬ કામો રૂા.૫૧.૪૪ કરોડના મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી રૂા.૩૭.૮૪ કરોડના ખર્ચે નવનિર્માણ થનાર ૧૧૭ રસ્તાઓને રસ્તાઓનું ઈ-ખાતમુહૂર્ત મંત્રીશ્રીના હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું.

તદઉપરાંત અન્ય એક કાર્યક્રમમાં કૃષિ રાજ્યમંત્રીશ્રીએ ઓલપાડ તાલુકાના કોબા ગામે ૫૦૦૦ લીટર સંગ્રહ ક્ષમતા ધરાવતા નવનિર્મિત બીસીયુ પ્લાન્ટનું પણ લોકાર્પણ કર્યું હતું. ઓલપાડ તાલુકાના કોબા ગામે શ્રી કોબા દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને સુમુલ ડેરીના સંયુક્ત પ્રયાસોથી રૂ.૧૧.૭૪ લાખના ખર્ચે બીસીયુ (બલ્ક ચિલીંગ યુનિટ) પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે. આ પ્રસંગે મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'મહિલાઓને પશુપાલનના પરિશ્રમી વ્યવસાયમાં મદદરૂપ થવા તેમજ દૂધને શહેરીજનો સુધી સુરક્ષિત અને ઝડપભેર પહોંચાડવાના હેતુ સાથે સહકારી મંડળી અને સુમુલે બી.સી.યુ. પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે.

કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે રૂ.૫.૨૧ કરોડના ખર્ચે ઓલપાડ તાલુકાના વિવિધ ગામોને જોડતા ૯ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રૂ.૧.૨૦ કરોડના ખર્ચે વિહારાથી મોરથાણ રોડ, રૂ.૩૯ લાખના ખર્ચે વિહારાથી કાછબ રોડ, રૂ.૩૭ લાખના ખર્ચે કંથરાજથી ઓભલા રોડ, રૂ.૫૭ લાખના ખર્ચે કંથરાજથી સિથાણા રોડ, રૂ.૩૯ લાખના ખર્ચે કાછબથી સ્યાદલા રોડ, રૂ.૩૯ લાખના ખર્ચે ઓભલાથી સ્યાદલા રોડ, રૂ.૭૭ લાખના ખર્ચે સ્યાદલાથી ભારૂંડી રોડ, રૂ.૬૩ લાખના ખર્ચે માધરથી કારેલી રોડ, રૂ.૫૦ લાખના ખર્ચે માધર-કારેલી સબ માઈનોર કેનાલ રોડના કામનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે કૃષિમંત્રીશ્રીએ પોતે મંત્રી પછી, પહેલા સામાન્ય કર્મયોગી હોવાનું જણાવતા ઓલપાડ તાલુકાનો વધુમાં વધુ વિકાસ કરવાની નેમ વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, સાયણના વિકાસ માટે રૂ.૧.૫૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના મોર અને જીણોદ ગામે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૪.૧૩ કરોડના ખર્ચે ૭ રસ્તા સુધારણા કામગીરીનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીએ વેલુક ગામની 'વેલુક મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી'ના મકાનનું ખાતમુહૂર્ત કર્યું હતું.

આયુષમાન આપકે દ્વાર કાર્યક્રમ અંતર્ગત વ્યારામાં મંત્રીશ્રીના હસ્તે PM JAY MA કાર્ડ વિતરણ કરાયા. તાપી જિલ્લાના કુલ ૧,૦૭,૪૩૦ પરિવારોના કુલ ૪,૬૨,૧૫૭ લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં હાલ ૧,૭૯,૫૨૯ આયુષમાન કાર્ડ બની ગયા છે. તાપી જિલ્લામાં કુલ ૪૩૦ સેન્ટરોમાં કાર્ડ કાઢવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આમ, ગુજરાત સરકાર દિવસરાત એક કરીને રાજ્યની જનતાને વધુને વધુ સુવિધા મળે તે માટે પ્રયાસો કરી રહી છે. ●

# દેવભૂમિ દ્વારકામાં 'નલ સે જલ' યોજનાનું ખાતમુહૂર્ત



લોકોને અપુરતા- અનિયમિત ક્ષારયુક્ત પાણીની સમસ્યામાંથી મુક્તિ મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અંતરિયાળ વિસ્તારના લોકોને પણ પીવાના પાણીની તકલીફ ન પડે તે માટે રાજ્ય સરકાર કાર્યશીલ છે. સંવેદનશીલ અને પ્રગતિશીલ રાજ્ય સરકારે નલ સે જલ યોજના દ્વારા આ કાર્યને વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાની નેમ ઉપાડી છે. તાજેતરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધરમપુર, શક્તિનગર, હર્ષદપુર અને રામનગર ગામ માટે રૂ.૧૮.૦૨ કરોડના ખર્ચે તૈયાર થનાર “નલ સે જલ” યોજનાનું ખાતમુહૂર્ત તાજેતરમાં પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ કર્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દ્વારકા જિલ્લામાં નલ સે જલની યોજના કાર્યાન્વિત થવાથી ચાર ગામોનાં ૮૪૦૧ ઘરોને પાણીના જોડાણ આપવામાં આવશે. જેનો લાભ બાવન હજારથી વધુ વસ્તીને આ યોજનાનો લાભ મળશે. જિલ્લામાં કુલ એક લાખથી વધુ ઘરોને નળ જોડાણની સુવિધા પૂરી પાડવામા આવી છે, અને જિલ્લામાં અત્યાર સુધીમાં હાલ કુલ ૮૮.૨૪ ટકા ઘરોમાં પાઈપલાઈન મારફત પાણી પહોચાડવાનાં કામો પૂર્ણ કરાયાં છે. નલ સે જલ યોજનાના લાભાર્થે હવે આ ચારેય ગામોના લોકોને પાણીની સમસ્યાનો સામનો નહીં કરવો પડે. આ તકે સાંસદ શ્રી પૂનમબહેન માડમ, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના ચેરમેન શ્રી મુળુભાઈ બેરા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●


## મોરબીમાં શ્રમજીવીઓ માટે હોસ્ટેલ શરૂ કરાશે

ઔદ્યોગિક પ્રવૃત્તિ અર્થતંત્રનો પ્રાણ છે. આર્થિક રીતે સક્ષમતા હાંસલ કરવા ઉદ્યોગોને સુવિધા મળે તે આવશ્યક છે. રાજ્યમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા એવા લોકો પણ છે જેમને રહેવા તથા આહારની સમસ્યા સતાવતી હોય છે. જેનો ઉકેલ રાજ્ય સરકાર લાવી છે.

રાજ્ય સરકારે મોરબી જિલ્લાનો ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ હસ્તકની મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી અને ઈન્ડસ્ટ્રિયલ હાઉસિંગ આવાસ (મસીહા) યોજનામાં સમાવેશ કર્યો છે. આ યોજનાનો સુચારુ અમલ કરવા શ્રમ રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ અધિકારીઓને જણાવ્યું હતું. મુખ્યમંત્રી ઔદ્યોગિક શ્રમયોગી અને ઈન્ડસ્ટ્રિયલ હાઉસિંગ આવાસ (મસીહા) યોજનાથી શ્રમજીવીઓને ઔદ્યોગિક વસાહત ખાતે જ રહેવા તથા જમવાની વ્યવસ્થા થતાં જવા-આવવાના સમય તથા ભાડા ખર્ચમાં બચત, શિફ્ટમાં કામ દરમિયાન ભોજન મેળવવાની સરળતા તથા અન્ય પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેથી શ્રમયોગીઓના માસિક ખર્ચમાં અંદાજે ૫૦ ટકા સુધીનો ઘટાડો થશે. મસીહા યોજના અંતર્ગત હોસ્ટેલ શરૂ કરવાની પ્રાથમિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ●

## પોરબંદરના વરિષ્ઠ અધિકારીઓએ પાડ્યો અનોખો ચીલો

દિવાળીના તહેવારોમાં ભેટ સોગાદો આપવાની પ્રથા સામાન્ય છે ત્યારે ખાસ કરીને પોરબંદરના દરિયાઇ પટ્ટીના વિસ્તારોમાં ખાણ ઉદ્યોગકારો અને વેપારીઓ દ્વારા જિલ્લા સેવા સદનમાં ગીફ્ટ આપવાની બાબત આ વર્ષે બિલકુલ નામશેષ થઇ ગઇ હોય એમ જોવા મળે છે. પોરબંદરના કલેક્ટર શ્રી અશોક શર્માના






અધ્યક્ષસ્થાને પોરબંદર જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓની બેઠકમાં શ્રી શર્માએ તમામ અધિકારીઓ સાથે કોઈપણ ગીફ્ટ નહી સ્વીકારવા માટે શપથ લીધા હતા. પોરબંદરની ચોપાટી ઉપર લેવાયેલા આ શપથમાં દારૂ અને ડ્રગ્સ કરતા પણ ખતરનાક એવું ભ્રષ્ટાચારના દુષણથી દૂર રહેવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. અધિકારીઓએ શુભેચ્છા સંદેશો રૂબરૂમાં મળવાના સ્થાને મેસેજ દ્વારા મોકલી આપવાની શપથ લીધી હતી. કોઈપણ રોકડ રકમ કે ભેટ ન સ્વીકારીને રચનાત્મક રીતે જન સેવામાં લાગી જવા માટે આ એક અદભુત આગે કદમ પોરબંદર જિલ્લા સેવા સદન દ્વારા લેવામાં આવ્યું છે. ●

## કંડલા પોર્ટમાં રૂ.૨૭૭ કરોડનાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત



ભારતના અર્થતંત્રમાં દરિયાઈ વ્યાપારની પણ મહત્ત્વની ભૂમિકા છે. તેથી જ દેશના જળમાર્ગોની માળખાકીય સુવિધાઓ વધારી બંદરીય વ્યાપાર ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. કચ્છના કંડલા સ્થિત દીનદયાળ પોર્ટમાં રૂ.૨૭૭ કરોડના ખર્ચે ચાર જેટલી વિવિધ માળખાકીય સુવિધાઓનું ખાતમુહૂર્ત કેંદ્રીય જહાજ, બંદર અને જળમાર્ગ મંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલ કર્યું હતું.

આ તકે કેંદ્રીય મંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલે જણાવ્યું હતુ કે, રાષ્ટ્રીય ગતિ શક્તિ યોજના અંતર્ગત દરિયાઈ વ્યાપાર ક્ષેત્ર સાથે દેશનાં ૧૨ મહાબંદરો સાથે સંકળાયેલી માળખાકીય સુવિધાઓ પૂર્ણ કરવા સરકાર મક્કમ છે. તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ.૧૦૦ લાખ કરોડ ખર્ચ કરવાનું મહાઅભિયાન હાથ ધર્યું છે. તેમણે દીનદયાળ પોર્ટ કંડલાને દેશનું નંબર વન મહાબંદર ગણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય શ્રી માલતીબહેન મહેશ્વરી, દીનદયાળ પોર્ટના ચેરમેન શ્રી એસ. કે. મહેતા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## અંકલેશ્વરની નવા કાંસીયા શાળામાં સોલાર પેનલનું લોકાર્પણ



શિક્ષણને લીધે જ માનવીની ઉન્નતિ થઇ છે. જ્ઞાનવર્ધન એ પ્રગતિનો પાયો છે. તેથી જ ગુજરાત સરકાર શિક્ષણ અને તેને સંલગ્ન સુવિધાઓ દ્વારા વિદ્યાર્થીને વધુ સક્ષમ બનાવી રહી છે. તાજેતરમાં અંકલેશ્વરની નવા કાંસીયા ગામની સરકારી શાળામાં સોલાર પેનલનું નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલની ઉપસ્થિતિમાં શાળાની વિદ્યાર્થિની પાસે રીબિન કાપીને લોકાર્પણ કરાયું હતું. આ સોલાર પેનલ UPL કંપની દ્વારા આપવામાં આવ્યું હતું.

નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, શાળામાં સોલાર પેનલ નાખવામાં આવતા વીજળીની બચત થશે. તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દીના ઘડતર માટે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતી તૃપ્તિબહેન જાની, શાળાના આચાર્ય શ્રી નગીનભાઇ રાઠવા તેમજ UPL કંપનીના ઉચ્ચ અધિકારીઓ, આગેવાન પદાધિકારીઓ, સરપંચશ્રી, ગ્રામજનો, શાળા પરિવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## ઓલપાડમાં માર્ગ મરામતનો શુભારંભ

ગ્રામીણ અને શહેરી નાગરિકોની સુખ-સુવિધા માટે રાજય સરકારે વિકાસકામોની ગતિ અટકે નહીં એવું લક્ષ્ય સેવ્યું છે. તાજેતરમાં કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના મોર અને જીણોદ ગામે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૪.૧૩ કરોડના ખર્ચે ૭ રસ્તા સુધારણા કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીએ વેલુક ગામની 'વેલુક મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી'ના મકાનનું ખાતમુહૂર્ત કર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક ગામથી બીજા ગામને જોડતા રસ્તાઓના નિર્માણથી ગ્રામીણ જનતાની યાતાયાતની સુવિધામાં વધારો થશે, તેમજ બાકી રહેલાં કામોને આગામી સમયમાં પ્રાથમિકતા આપી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે.

મંત્રીશ્રીના હસ્તે ONGC તરફથી અનુદાનિત ૨૫૦ સેફટી કિટનું વિતરણ કરાયું હતું, તેમજ ૩૫૦ આયુષ્માન કાર્ડના લાભાર્થીઓ પૈકી પ્રતીકરૂપે એક લાભાર્થીને કાર્ડ એનાયત કરીને લાભાન્વિત કરાયા હતા.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અમિતભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી જસુબહેન, જીણોદના સરપંચ શ્રી દિનેશભાઈ, વેલુકના સરપંચ શ્રી જીતુભાઈ સુરતી, અગ્રણીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ચીખલીમાં રસ્તા અને આંગણવાડીનાં ખાતમુહૂર્ત - લોકાર્પણ



ગુજરાતનાં તમામ ગામડાઓનો સર્વાંગી વિકાસ કરવામાં આવ્યો છે. તમામ ગામોને રોડ કનેક્ટિવિટીથી જોડવામાં આવ્યાં છે. છેવાડાના લોકોની ચિંતા કરી તમામ સુખ સુવિધા ઉપલબ્ધ કરવા તમામ પ્રયાસો આદર્યા છે. તાજેતરમાં નવસારીમાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે ચીખલી તાલુકાના ૭ ગામોમાં અંદાજિત કુલ રૂા.૩.૮૦ કરોડના ખર્ચે રસ્તાઓ, આંગણવાડી કામોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતાં.

મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર જનજનને સાથે રાખીને પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે. પ્રજાની સમસ્યા અને મુશ્કેલીઓને ધ્યાને રાખીને મદદરૂપ થવાના સેવાભાવ સાથે વિકાસ કામો કરી રહ્યા છીએ.

મંત્રી શ્રી નરેશભાઈ પટેલે ચીખલી તાલુકાના મજીગામ, સમરોલી, થાલા, દેવસર, વંકાલ અને ઘેકટી ગામે રસ્તાઓ તથા આલીપોર ગામે આંગણવાડી કામોનાં ખાતમુહૂર્ત/લોકાર્પણ કર્યાં હતાં. આ અવસરે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કલ્પનાબહેન ગાંવિત, અગ્રણી ડૉ.અમિતાબહેન પટેલ, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# કાયાવરોહણમાં ગુજરાત રાજ્ય યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ



યુવાનોના ઘડતરમાં રમતગમત અને યોગનું સવિશેષ મહત્ત્વ છે. રમતગમત અને યોગથી તેમનું વ્યક્તિત્વ ખીલવા સાથે કપરા સંજોગોમાં આત્મસૂઝથી માર્ગ કાઢવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તાજેતરમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કાયાવરોહણમાં ગુજરાત રાજ્ય યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપનો પ્રારંભ કરાવ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના બાળકો અને યુવાનો આવનારા દિવસોમાં ગુજરાત અને રાષ્ટ્ર નહિ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકશે. યોગાસન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા પ્રયાસોને લીધે યુવાનો યોગ તરફ વળ્યા છે. યોગાસનને વિશ્વ સ્તરે નવી ઊંચાઈ આપી, વિશ્વભરમાં યોગાચાર્યની માંગ વધી છે.

રાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, યોગની પ્રવૃત્તિઓ માટે ખૂટતી તમામ જરૂરી કામગીરી રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવશે. તેમણે યોગ કરતા બાળકો અને યુવાનોને સફળતાની નવી ઊંચાઈઓ સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

# જૂનાગઢના પાંચ ગામને નલ સે જલ યોજનાનો લાભ

પ્રત્યેક ઘરમાં નળથી જળ પહોંચેએ ભારત સરકારની પ્રતિબધ્ધતા છે. ગુજરાત સરકાર પણ નલ સે જલ યોજનાનું સુદ્રઢ અમલીકરણ કરી રહી છે. તાજેતરમાં જૂનાગઢના છોડવડી, ભેંસાણ, રાણપુર, ઢોળવા અને ખંભાળિયા એમ પાંચ ગામ માટે વાસ્મો પુરસ્કૃત નલ સે જલ યોજનાનું વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ છોડવડી ગામે ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે પાંચ ગામનાં ૫૭૪૭ ઘરોમાં રૂા.૫ કરોડ ઉપરાંતના ખર્ચે નલ સે જલ યોજનાના માધ્યમથી નળ વાટે પાણી મળતું થશે તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું કે, આ સરકારે હંમેશાં લોકોની ચિંતા કરી છે. પ્રજાલક્ષી કામગીરીને પ્રાધાન્ય આપવું એ જ ગુજરાત સરકારની પ્રાથમિકતા છે.

આ સમારોહમાં સાસંદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, જૂનાગઢ માર્કેટિંગ યાર્ડના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલ, છોડવડીના સરપંચ રમેશભાઈ કોઠીયા, અન્ય ગામના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# મોરવા હડફ ખાતે PMJAY-MA કાર્ડ અને મેગા હેલ્થ કેમ્પ



પૈસાના અભાવે ખાનગી કે એડવાન્સ સારવાર ન મેળવી શકતા નાગરિકોના લાભાર્થે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અમલી બનાવેલ મા યોજનાને આગળ વધારતા જરૂરતમંદ એવા તમામ લોકોને આવરી લેવાના ઉદેશ્ય સાથે કામગીરી કરવામાં આવી રહી છે. આ યોજના લાભાર્થીઓને અનુકૂળ બનાવવા અને મહત્તમ લોકોને આવરી લેવા સરકારે પરિવારના બદલે વ્યક્તિદીઠ મા કાર્ડ આપવા, તબીબી સહિતના કારણોસર થમ્બ ઈમ્પ્રેશન અને આઈરિસ સ્કેનિંગ શક્ય ન હોય તેવા કિસ્સાઓમાં ઓટીપીના આધારે લાભ આપવા, આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય ગણવા સહિતનાં જનહિતકારી પગલાં સરકારે લીધાં છે.

પંચમહાલ જિલ્લામાં મોરવા હડફ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં PMJAY-MA કાર્ડ અને મેગા હેલ્થ કેમ્પનું ઉદ્ઘાટન કરતાં આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી નિમિષાબહેન સુથારે જણાવ્યું હતું કે દરેક જિલ્લા અને તાલુકા મથકે આપ કે દ્વાર આયુષ્માન અંતર્ગત પીએમજેએવાય-મા કાર્ડ અને મેગા હેલ્થ કેમ્પો યોજીને 2 કરોડથી વધુ વ્યક્તિગત કાર્ડ ઈસ્યૂ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. PMJAY-MA કાર્ડ ધારકોને હોસ્પિટલમાં અગ્રિમતાના ધોરણે સારવાર મળી રહે તે માટે ગ્રીન કોરિડોરની વ્યવસ્થા ઊભી કરવાનું પણ આયોજન છે અને 80 લાખથી વધુ પરિવારો આ યોજના હેઠળ વર્લ્ડ ક્લાસ મેડિકલ ફેસિલિટી મેળવશે. હેલ્થ કેમ્પમાં સ્તન કેન્સરની ચકાસણી કરવાના મેમોગ્રાફી અને સર્વાઈકલ કેન્સર માટેના પેપ સ્મીયર ટેસ્ટ વિનામૂલ્યે કરવાની સુવિધા સંજીવની રથના માધ્યમથી કરવામાં આવી છે તેનો સ્થાનિક બહેનો મહત્તમ માત્રામાં લાભ લે તેવી આગ્રહભરી વિનંતી તેમણે કરી હતી. ●

# સાબરકાંઠા જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક



સાબરકાંઠા જિલ્લા સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ કચેરી ખેડબ્રહ્મા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ ગુજરાત પેટર્નની નાણાકીય જોગવાઇ સામે કરવામાં આવેલ આયોજન અંગે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને હિંમતનગરમાં યોજાયેલી બેઠકમાં વિકાસકામોને મંજૂર કરવામાં આવ્યાં હતાં. મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, પોતાની કર્મભૂમિ સાબરકાંઠા જિલ્લાના વિકાસ કામોને વેગ આપવા સાથે આદિજાતિ વિસ્તારના કામો સમયસર કરવા અમલીકરણ અધિકારીઓને તાકીદ કરી છે.

આ બેઠકમાં આદિજાતિ વસતિ ધરાવતા ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર અને ઈડર, વડાલીના છુટાછવાયા પોકેટ વિસ્તારના કામો રજૂ કરવામાં આવ્યા હતા.

જેમાં વસ્તી પ્રમાણે જોગવાઇ કરાયેલા, ૧૫૯૩.૩૮ લાખમાં જોગવાઇ સામે કરેલા આયોજન રૂ. ૧૭૦૭.૫૭ લાખ મળી કુલ ૯૧૮ કામોનો સમાવેશ થાય છે. જે અંતર્ગત ૧૮૫૯૧ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા છે. આમ ૧૦૭.૧૭ ટકાનું આયોજન કરવામાં આવ્યું. જેને પ્રભારી મંત્રીશ્રીએ મંજૂર કર્યું હતું. ખેડબ્રહ્મા ૨૬૯ કામો પોશિનાના ૩૭૮ કામો વિજયનગર ૨૨૨ કામો ઇડરના ૩૫ કામો છૂટાછવાયા આદિજાતિ વિસ્તારના ૧૪ કામોનો સમાવેશ થાય છે અને સ્પીલ ઓવર કામોની સમીક્ષા કરાઈ હતી અને રજૂ થયેલા કામોની મંજૂર કર્યા હતા.

આ પ્રસંગે સાંસદ લોકસભા શ્રી દિપસિંહ રાઠોડ, રાજ્યસભાના સાંસદ શ્રીમતી રમીલાબહેન બારા ઉપસ્થિત રહ્યા હતા. ●

# લાડવેલની મહિલાઓએ આત્મસૂઝથી મેળવી આત્મનિર્ભરતા

જે.કે.રાવલ

ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખવા માટે મહિલાઓનું સશક્તીકરણ આવશ્યક છે. મહિલાઓ ઘરકામની સાથે ઘર ચલાવવામાં પણ મદદરૂપ થઈ શકે છે. મહિલાઓના ઉત્થાન અને મહિલા સશક્તીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા ગામેગામ મિશન મંગલમ્ યોજના અંતર્ગત સખીમંડળોની રચના કરી છે. મહીસાગર જિલ્લામાં લાડવેલના પવનપુત્ર સખીમંડળની મહિલાઓએ રાજ્ય સરકારના પ્રયાસો થકી મહિલાઓ આત્મસૂઝથી આત્મનિર્ભરતા મેળવી ગૃહ સજાવટની અનેકવિધ વસ્તુઓ તૈયાર કરી આર્થિક સદ્ધરતા હાંસલ કરી છે.



સખી મંડળના પ્રમુખ પટેલ મંજુલાબહેન પટેલે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, સૌ પ્રથમ રાજય સરકારની મિશન મંગલમ્ યોજનામાં જોડાવા માટે ગામના અલગ અલગ કુટુંબના ૧૨ જેટલા સભાસદો મળી નવીન મંડળની રચના વર્ષ ૨૦૧૮ માં કરી હતી ત્યારબાદ મંડળ નિયમિત અને સારી રીતે ચાલતું હોવાથી તાલુકા પંચાયત લુણાવાડા હેઠળની મિશન મંગલમ્ શાખા દ્વારા ગ્રેડિંગ થતા રૂા. ૧૫ હજારનું રિવોલ્વિંગ ફંડ આપવામાં આવ્યું હતું. બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક લાડવેલ દ્વારા પ્રથમ અમારા મંડળને રૂા.૧લાખનું કેશ ક્રેડિટ ધિરાણ આપવામાં આવ્યું છે. જેની મદદથી મંડળના સભ્યોને આર્થિક રોજગારી મળે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

મંડળના મંત્રી સવિતાબહેન જણાવ્યું હતું કે, 'અમારો મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી અમે છુટક પશુપાલન કરતા હતા ત્યારે અમને માંડ દૈનિક ૧૫૦ થી ૨૦૦ રૂપિયા અનિયમિત મજૂરી મળતી હતી. ગામમાં બીજો કોઈ ધંધો ન હોવાથી આર્થિક પરિસ્થિતિ ખૂબ જ કથળેલી હતી ત્યારે દોરીવણાટ મારફતે સારી એવી આવક મેળવી શકાય છે. તે માટે ગૃહ સજાવટની અનેકવિધ વસ્તુઓનો ઉદ્યોગ સ્થાપવાનું સ્વપ્ન પૂરું થયું છે. અમે સૌ મળી મંડળના સભાસદો હાલ મોટા પ્રમાણમાં તોરણ, બેગ, હિંચકા વગેરે વસ્તુઓનું મોટા જથ્થામાં ઉત્પાદન કર્યું છે. આ વસ્તુઓના વેચાણ માટે સરકારશ્રી મારફતે આયોજિત મેળાઓ તે સિવાય મોટા માર્કેટ, છૂટક માર્કેટ, હાટ બજાર વગેરે સ્થળોએ વેચાણ કરી હાલમાં અમે ૫૦૦ જેટલી દૈનિક આવક મેળવીએ છીએ.'

'અમારા કુટુંબમાં સવિશેષ પરિવર્તન આવ્યું છે, અને અમારું જીવનધોરણ ઘણું ઊંચું આવ્યું છે તે માટે અમો સૌ સરકારનો, એન.આર.એલ.એમ યોજનાના આભારી છીએ અને સરકાર સાથે અમોએ આ કામગીરી થકી આજીવિકા મળતા પરિવર્તન તરફ પ્રયાણ કર્યુ, તે મુજબ સમાજની દરેક મહિલા આ પ્રકારનાં કાર્યો હાથ ધરી તેઓનું જીવનધોરણ પરિવર્તિત કરી શકે છે. સૌ બહેનોએ આવા કાર્યમાં જોડાવા પ્રયત્નશીલ બનવું જોઈએ.'

**સમાજની દરેક મહિલા આ પ્રકારનાં કાર્યો હાથ ધરી તેઓનું જીવનધોરણ પરિવર્તિત કરી શકે છે. સૌ બહેનોએ આવા કાર્યમાં જોડાવા પ્રયત્નશીલ બનવું જોઈએ.**

પવન પુત્ર મિશન મંગલમ્ મંડળની વાત કરતા મહીસાગર ડી.આર.ડી.એ ડાયરેકટરશ્રી પાટીદાર જણાવે છે કે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના સરસ મેળાઓમાં સ્ટોલ ઊભા કરી આ મંડળએ વર્ષ -૨૦૧૮ ૧૯ સમય દરમિયાન દિલ્હી ખાતે મેળામાં સ્ટોલ પ્રદર્શન મારફતે ૬૫ હજારનું વેચાણ કર્યુ હતું. વર્ષ -૨૦૧૮-૧૯ સમય દરમિયાન જૂનાગઢ ખાતે મેળામાં સ્ટોલ પ્રદર્શન મારફત ૧૮૦૦૦નું વેચાણ કર્યું હતું. ચાલુ વર્ષ- ૨૦૨૧-૨૨ સમય દરમિયાન ગાંધીનગર ખાતે મેળામાં સ્ટોલ પ્રદર્શન મારફતે ૪૫૦૦૦નું વેચાણ કર્યું હતું. તદઉપરાંત સ્થાનિક લેવલના મેળાઓમાં વેચાણ અને પ્રદર્શન કરી સારી રીતે કામગીરી કરવામાં આવેલ છે. જેના થકી આ મંડળના સભાસદો સારી આવક મેળવી રહ્યા છે. આગામી સમયમાં દીપાવલી પર્વમાં મોતીના તોરણ, જુટની પ્રોડકટ, નારિયેળના કૂચામાંથી બનતી વસ્તુઓ, વેસ્ટ માંથી બેસ્ટ, હેંગિંગ તોરણ, સ્ટોનમાંથી બનતી વસ્તુઓ અને લાઈટિંગવાળી પ્રોડકટ સહિતના અનેક સુશોભનના આર્ટિકલની માંગ જોવા મળતા મંડળમાં અનેરો ઉત્સાહ છે જે અન્ય મહિલાઓ માટે પ્રેરક બની રહ્યો છે. મહિલાઓની સામૂહિક સંગઠન શકિત થકી મહીસાગરના પવન પુત્ર મિશન મંગલમ્ મંડળે સુશોભનની ચીજવસ્તુઓમાં મહારથ મેળવી આર્થિક સમૃદ્ધિનાં દ્વાર ખોલ્યાં છે. ●

# કૌશલાચાર્ય એવોર્ડ માટે ગુજરાતના ૪ સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરની પસંદગી

✎ વિપુલ ચૌહાણ

ભારત સરકાર દ્વારા કૌશલાચાર્ય ઍવૉર્ડ માટે દેશની ૧૪ હજાર આઈટીઆઈમાંથી શ્રેષ્ઠ કામગીરી કરનાર ૧૧ સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની પસંદગી કરવામાં આવી છે જેમા ગુજરાતના ચાર સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરનો સમાવેશ થયો છે જે ગુજરાત માટે ગૌરવપૂર્ણ બાબત છે. સુરેન્દ્રનગર આઈટીઆઈના વેલ્ડર ટ્રેડના સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર શ્રી દીપકકુમાર રાઠોડે સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. એટલું જ નહિ, પ્રથમવાર કોલ સેન્ટરના માધ્યમથી રાજ્યનો કોઇપણ યુવાન જિલ્લા રોજગાર કચેરી સાથે સીધો સંવાદ કરી અભ્યાસલક્ષી, રોજગારલક્ષી તથા સરકારી યોજનાની માહિતી મેળવી શકે તે માટે રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા "રોજગાર સેતુ" પ્રોજેક્ટ શરૂ કરાયો છે. અત્યાર સુધીમાં ૮૧,૬૧૫ યુવાનોએ આ સેવાનો લાભ લીધો છે. વિભાગના આ પ્રકારના વિવિધ પ્રયાસોથી દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા નોકરી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે છે. ઉપરાંત રાજ્યનો બેરોજગારી દર પણ અન્ય રાજ્યોની સરખામણીએ સૌથી નીચો છે.

**કૌશલાચાર્ય ઍવૉર્ડ માટે દેશભરમાંથી માત્ર ૧૧ સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરની પસંદગી કરવામાં આવી હતી જેમાં ગુજરાતના જ ચાર સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરની પસંદગી થવા પામી છે જે ગૌરવની બાબત છે**

સૌના જીવનમાં શ્રમ અને કૌશલ્ય બંનેનું મહત્ત્વ છે. વ્યક્તિ થકી સમાજ અને સમાજ થકી રાષ્ટ્ર બને છે. શ્રમ અને રોજગાર વિભાગના શિરે આ વ્યક્તિ ઘડતરની જવાબદારી છે. રાષ્ટ્રના કૌશલ્ય યુવાનોને ગૌરવપૂર્ણ રોજગારીની તકો ઊભી કરવી સરકારની પ્રાથમિક જવાબદારી છે. શ્રમ-રોજગાર ક્ષેત્ર વધુ સુદઢ અને સરળ બને તેવી નવી ઘણી જ ભવિષ્યલક્ષી યોજનાઓ રાજ્યની પ્રગતિશીલ સરકાર દ્વારા ઘડવામાં આવી છે. રાજ્યના સર્વાંગી વિકાસમાં, ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ પૂરું પાડવામાં શ્રમ અને રોજગાર વિભાગનું મહત્ત્વનું પ્રદાન છે.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એન્ટરપ્રિનિયોરશિપ ડિપાર્ટમેન્ટ દ્વારા દેશની ૧૪,૦૦૦ આઈટીઆઈમાંથી શ્રેષ્ઠ કામગીરી અંગે સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરને કૌશલાચાર્ય ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવે છે. કૌશલાચાર્ય ઍવૉર્ડ માટે દેશભરમાંથી માત્ર ૧૧ સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની પસંદગી કરવામાં આવી હતી જેમાં ગુજરાતના જ ચાર સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની પસંદગી થવા પામી છે જે ગૌરવની બાબત છે. ગુજરાતના ચારેય સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરને આ ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તા ૧૭-૦૯-૨૧ના રોજ નવી દિલ્હી ખાતે વર્ચુઅલ પ્રોગ્રામ યોજી ગુજરાતમાં NIC સેન્ટર, અમદાવાદ ખાતે કૌશલાચાર્ય ઍવૉર્ડ ૨૦૨૧ એનાયત કરાયા હતા.

રાજ્ય સરકાર દ્વારા યુવાનોને રોજગારીની વિપુલ તકો પ્રાપ્ત થાય તથા યુવાનોને રોજગારી-અભ્યાસલક્ષી મુંઝવતા પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ આવે તે આશય સાથે "રોજગાર સેતુ" કોલ સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે. રાજ્યનો યુવાન ટેલિફોનિક માધ્યમથી કોઈપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી તથા સરકારી યોજનાની માહિતી મેળવી શકે તે માટે "રોજગાર સેતુ" પ્રોજેક્ટ જાન્યુઆરી-૨૦૨૧થી શરૂ કરવામાં આવ્યો છે. દેશમાં પ્રથમવાર કોલ સેન્ટરના માધ્યમથી રાજ્યનો કોઇ પણ ઉમેદવાર જિલ્લા રોજગાર કચેરી સાથે સીધો સંવાદ કરે છે. આ સુવિધા ફક્ત એક સિંગલ નંબર ૬૩-૫૭-૩૯૦-૩૯૦ ડાયલ કરવાથી ઉપલબ્ધ કરાવાઇ છે. જાન્યુઆરી-૨૧થી અત્યાર સુધીમાં ૮૧,૬૧૫ યુવાનોએ આ સેવાનો લાભ લીધો છે.

"રોજગાર સેતુ" પ્રોજેક્ટના પરિણામલક્ષી માધ્યમ દ્વારા તથા મહત્તમ યુવાનોને મળેલા માર્ગદર્શનના ફળસ્વરૂપે યુવાનો યોગ્ય રોજગારી મેળવવા સક્ષમ બન્યા. રાજ્યભરના વિવિધ કાર્યક્રમો હેઠળ સરકારી વિભાગોમાં વિવિધ સંવર્ગમાં પસંદગી પામેલા તથા રોજગાર કચેરીઓ દ્વારા યોજાતા ઓનલાઇન ભરતી મેળામાં ખાનગીક્ષેત્રમાં પસંદગી પામેલા ઉમેદવારોનો સમાવેશ કરી કુલ ૫૭,૬૩૬ યુવાનોને નિમણૂકપત્રો આપવામાં આવ્યા. જેમાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા મહત્તમ ૩૧,૦૮૪ યુવાનોને નિમણૂકપત્રો આપવામાં આવ્યા છે.

રોજગાર કચેરીઓ મારફતે રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળથી પ્રસિદ્ધ થયેલા અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૮ માટે રોજગાર કચેરીઓ દ્વારા સમગ્ર દેશમાં આપેલ ૪ લાખ અને ૪ હજાર યુવાનોને રોજગારીમાંથી ગુજરાત રાજ્યએ ૩ લાખ ૪૨ હજાર યુવાનોને રોજગારી આપી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યુ છે. એટલુ જ નહિ, ગુજરાતનો બેરોજગારીનો દર પણ અન્ય રાજ્યોની સરખામણીએ સૌથી નીચો છે. ભારત સરકારના આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળથી પ્રસિદ્ધ થયેલ જુલાઈ-૨૦૧૯ થી જૂન-૨૦૨૦ સમયગાળામાં હાથ ધરાયેલ સર્વે અનુસાર ભારતનો બેરોજગારીનો દર ૪.૮ ટકા છે જ્યારે ગુજરાતમાં માત્ર ૨.૦ ટકા જ છે જે દેશનાં તમામ રાજ્યો કરતાં સૌથી નીચો છે. ●



# ગુજરાતનું છલકાતું પાણિયારું 'સરદાર સરોવર યોજના'

દિલીપ ગજ્જર

'સાચી વાત કરીએ તો સદીઓમાં પણ આવું કામ ન થાય તેવું અદ્‌ભુત કાર્ય આ સરકારે કર્યું છે. જ્યારે અમે ભીમડાદના ગામના પાદરમાં નર્મદા મૈયાના ધસમસતા પ્રવાહને નિહાળ્યો ત્યારે ખરેખર અમારી આંખમાં હર્ષનાં આંસુ હતાં. આજે જે દૃશ્ય અમે નિહાળીએ છીએ, ગામના પાદરમાં નર્મદા મૈયાના ધસમસતા પ્રવાહને જોઈને અમે અમારી લાગણી કયા શબ્દોમાં વર્ણવવી તેની અમને ખબર પડતી નથી. ગામમાં એટલી તો ખુશી હતી કે, જ્યારે ગામમાં પાણી આવ્યાં ત્યારે ગામ સમસ્તમાં ઘરેઘરે લાપસીનાં આંધણ મુકાયેલાં. તે રાત્રે બહેનોએ રાસગરબા ગાઈને પોતાની ખુશી વ્યક્ત કરેલી.'

ગઢડા તાલુકાના ભીમડાદ ગામના દેવરાજભાઈ સુરાણીની આ પ્રતિક્રિયા સ્વાભાવિક છે. કારણ નર્મદાનું અવતરણ છેક ૪૦૦ કિલોમિટર દૂરથી ભૂગર્ભ પાઈપલાઈન દ્વારા અને નર્મદા શાખા નહેરના માધ્યમથી જ્યારે એક સૂકાભઠ્ઠ વિસ્તારમાં પહોંચ્યું હોય ત્યારે કયા ગ્રામજનને ખુશી ન હોય?

આવા હરખનાં આંસુ અનેકની આંખોમાં આવ્યાં છે. તેનું કારણ છે સરદાર સરોવર યોજના. ગુજરાતનું છલકાતું પાણિયારું એટલે સરદાર સરોવર યોજના. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર પ્રોજેક્ટ અનેક અડચણો પાર કરીને વર્ષ ૨૦૧૭માં રાષ્ટ્રાર્પણ કરાયો છે. જેમાં વિવિધ કેનાલોના નેટવર્કમાં ૯૦ ટકા કામગીરી પૂર્ણ કરાઈ છે. જેના દ્વારા રાજ્યનાં ૯૧૦૪ ગામો અને ૧૬૯ શહેરોને પીવાના પાણી અને ઘર વપરાશના પાણીનો લાભ પૂરો પાડવામાં આવી રહ્યો છે. ખેડૂતોને પણ સિંચાઈ સુવિધા પૂરી પાડીને ૧૬.૯૦ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ ક્ષમતા વિકસિત કરાઈ છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા જણાવ્યાનુસાર કુલ આયોજિત નહેર માળખાના ૯૦ ટકા લંબાઈનાં કામો પૂર્ણ થયાં છે. જેમાં મુખ્ય નહેરના ૪૫૮.૩૨ કિ.મિ., શાખા નહેરના ૨,૬૬૧.૫૫૪ કિ.મિ., વિશાખા નહેરના ૪,૪૩૪.૨૭ કિ.મિ., પ્રશાખા નહેરના ૧૪,૪૧૫.૨૮૪ કિ.મિ., પ્ર-પ્ર શાખાના ૪૦,૮૦૪.૯૬૧ કિ.મિ. મળી કુલ ૬૨,૭૭૪.૪૫ કિ.મિ. લંબાઈના કામોનો સમાવેશ થાય છે.

ખેડૂતોને સિંચાઈની સુવિધા પૂરી પાડવા માટે આ પ્રોજેક્ટ દ્વારા વિપુલ પ્રમાણમાં સિંચાઈ સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે, જે અંતર્ગત કુલ ૧૬.૯૦ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ ક્ષમતા વિકસિત થઈ છે તે પૈકી ૧૫.૧૯ લાખ હેક્ટર વિસ્તારમાં પ્ર-પ્રશાખા નહેરનાં કામો પણ પૂર્ણ કરાયાં છે. ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓઈન્ફોર્મેટિક્સ (BISAG) દ્વારા જાન્યુ-૨૦૨૧માં સેટેલાઈટ ઈમેજના અભ્યાસ મુજબ ૧૨.૦૯ લાખ હેક્ટર પિયત વિસ્તારને નર્મદાના પાણીથી સિંચાઈનો લાભ પૂરો પડાયો છે. જેના પરિણામે ખેડૂતોને પાક પસંદગીમાં, પાક ઉત્પાદન તેમજ આવકમાં વિપુલ પ્રમાણમાં વધારો થતા ખેડૂતો આર્થિક રીતે સધ્ધર થયા છે અને જીવનધોરણમાં પણ સુધારો નોંધાયો છે. ૪૫૮ કિલોમિટર લાંબી નર્મદા મુખ્ય નહેરમાં નર્મદાનાં નીર અવિરતપણે વહન કરીને રાજ્યના લાભાર્થી વિસ્તારો સહિત રાજસ્થાનને પાણી પહોંચાડવામાં આવે છે.

છેલ્લાં બે વર્ષ દરમિયાન સરદાર સરોવર ડેમ તેની પૂર્ણ જળસપાટી એટલે કે ૧૩૮.૬૮ મીટર સુધી ભરવામાં આવ્યો જેના કારણે પાણીની ઉપલબ્ધતા તથા જળ વિદ્યુત ઉત્પાદનમાં પણ વધારો થયો છે.

રાજ્યનાં ૯૪૯૦ ગામો તથા ૧૭૩ શહેરોને પીવાનું પાણી/ઘર વપરાશનું પાણી પૂરું પાડવાનું આયોજન છે. જે હેઠળ ઓગષ્ટ-૨૦૨૧ સુધીમાં ૯૧૦૪ ગામો તથા ૭ મહાનગર પાલિકા સહિત ૧૬૯ શહેરોને આવરી લેવાયાં છે. જેનાથી અંદાજે ૩ કરોડ નાગરિકોને નર્મદાનું પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં નર્મદાના વિશાળ નહેર માળખા થકી જળરાશિમાં પણ વિપુલ માત્રામાં વધારો થતાં ગુજરાત માટે પીવા/ઘરવપરાશના પાણીની તંગી ભૂતકાળ બની ગઈ છે. વિવિધ નદીઓમાં નહેરોના જોડાણ થકી રિચાર્જ માટે પાણી છોડવામાં આવ્યું જેના લીધે ભૂગર્ભ જળનાં સ્તર ઊંચાં આવ્યાં છે.

નર્મદા યોજના અંતર્ગત કુલ ૧૪૫૦ MW સ્થાપિત વીજ ક્ષમતાવાળા બે જળ વિદ્યુત મથક મારફતે અત્યાર સુધીમાં ૫,૦૭૭ કરોડ યુનિટનું વીજ ઉત્પાદન કરાયું છે જેની બજાર કિંમત અંદાજે રૂ. ૨૦,૩૦૮ કરોડ જેટલી થાય છે. ●

# સિંચાઈ અને પીવાના પાણીની પાણીદાર વ્યવસ્થા

✎ જનક દેસાઈ

'જળ છે તો જીવન' તેમ 'જળ છે તો જ વિકાસ' પણ છે. પાણી એ કોઈ પણ રાષ્ટ્ર-સમાજના સર્વાંગી વિકાસની પાયાની જરૂરિયાત છે. આ સત્યને કેન્દ્રસ્થાને રાખીને જ ગુજરાત સરકારે રાજ્યના તમામ ખૂણે ખૂણે સિંચાઈ અને પીવાનું પાણી પહોંચાડવા અનેકવિધ પાણી-સિંચાઈ યોજનાઓ અમલી બનાવી કાર્યાન્વિત કરી છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે કૃષિ-પશુપાલન, રોજગારી, ઉદ્યોગો, વિદેશી રોકાણ તેમજ પ્રવાસન સહિતનાં ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રિમ રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે.

ગુજરાત સરકારની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિના પરિણામે "મા" નર્મદાના પાણી છેક ભારતની આંતરરાષ્ટ્રીય સીમા એટલે કચ્છના છેવાડા વિસ્તારોમાં પહોંચાડીને સાચા અર્થમાં "નેવાના પાણી મોભે ચડાવ્યાં"ની ઉક્તિની સાચી ઠેરવી છે.

તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે ઉત્તર ગુજરાતના લોકો - ખેડૂતો માટે સુજલામ્ સુફલામ્ જળ અભિયાન, સૌરાષ્ટ્રની જનતાને નર્મદાનું સમુદ્રમાં વહી જતું વધારાનું પાણી સિંચાઈ અને પીવા માટે મળી રહે તે હેતુથી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજના - સૌની યોજના કાર્યરત કરીને ગુજરાતની સૂકી ધરાને લીલી- હરિયાળી બનાવી છે.

જેમાં ઉત્તર ગુજરાત માટેની "સુજલામ્ સુફલામ્ જળ અભિયાન" થકી ૩.૬૫ લાખ એકરથી વધુ વિસ્તારને, સૌરાષ્ટ્રની ધરા માટેની "સૌની યોજના" થકી ૫૩ જળાશયો, ૮૬૩ ચેકડેમો અને ૧૩૧ તળાવો ભરાયાં જ્યારે આદિજાતિના ૧૪ જિલ્લા માટેની વનબંધુ કલ્યાણ યોજના દ્વારા ૧૪.૭૫ લાખ એકરથી વધુ વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈનો લાભ મળી રહ્યો છે.

## સુજલામ્ સુફલામ્ જળ અભિયાન

પંચમહાલ જિલ્લામાં મહી નદી ઉપર આવેલા કડાણા બંધના વધારાના પૂરના પાણી ઉત્તર ગુજરાતના સૂકા વિસ્તારને



નવપલ્લવિત કરવા માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૧માં સુજલામ્ સુફલામ્ યોજના અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો હતો. સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ નહેર, કડાણા જળાશયમાંથી ૧૧૮ મી. લેવલે જમણા કાંઠા ઉપર બનાવેલ એચ.આર.માંથી શરૂ થાય છે. જે રાજયના જુદાજુદા ૮ જિલ્લાઓમાંથી પસાર થાય છે.

આ યોજનામાં કડાણા જળાશયથી બનાસકાંઠા જિલ્લાના રાહ ગામ સુધીની ૩૩૨ કિ.મિ. લંબાઈની સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ નહેર અને નર્મદા મુખ્ય નહેર આધારીત ૧૪ ઉદવહન પાઈપલાઈન યોજનાઓનો સમાવેશ થાય છે. આ યોજના પાછળ અત્યાર સુધીમાં કુલ મળીને રૂ. ૬,૨૩૭ કરોડનો ખર્ચ થયો છે. ૧૪ ઉદવહન પાઈપલાઈન યોજનાઓ પૈકી ૧૨ ઉદવહન પાઈપલાઈન યોજનાઓની કામગીરી પૂર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવી છે. થરાદથી સીપુ પાઈપલાઈનનું કામ પ્રગતિ હેઠળ છે. જેનાથી બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાઓનાં ૩૯ ગામોનાં કુલ ૧૦૬ તળાવો જોડવામાં આવનારાં છે. જેના થકી કુલ ૬,૦૦૦ હેકટર વિસ્તારને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે સિંચાઈનો લાભ થનાર છે અને કસરાથી દાંતીવાડા પાઈપલાઈનની કામગીરી પણ આયોજન હેઠળ છે. આ પાઈપલાઈનોથી અત્યાર સુધી રાજ્યનાં ૭ જળાશયો જેમાં, વાત્રક, માઝમ, મેશ્વો, હાથમતી, ગુહાઇ, ધરોઇ, દાંતીવાડાને જોડવામાં આવ્યાં છે.

આ યોજના અંતર્ગત ગુજરાતના મહીસાગર, અરવલ્લી, ખેડા, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા એમ કુલ ૮ જિલ્લાના ૩૨ તાલુકાનાં ૪૫૯ ગામોમાં સુજલામ્ સુફલામ્ નહેરથી ૩૭૪ અને પાઈપલાઈનથી ૭૦૯ તળાવ/ચેક્ડેમ જોડીને ભરવામાં આવેલાં છે. જેનાથી અંદાજે ૩,૬૫,૭૫૯ એકર જમીનને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સિંચાઈનો લાભ મળે છે. ઉપરાંત યોજનાથી ૮ શહેરો અને ૬૬૧ ગામડાઓમાં પીવા તથા સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે.

**વર્ષ ૨૦૦૪-૦૫થી અત્યાર સુધીમાં ઉદવહન પાઇપલાઇનો દ્વારા નર્મદા મુખ્ય નહેરમાંથી ૨,૩૮,૪૯૧ મિલિયન ઘન ફૂટ પાણી ઉપાડવામાં આવ્યું છે. કડાણા જળાશયમાંથી સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ નહેરમાં ૧,૨૦,૮૩૦ મિલિયન ઘન ફૂટ પાણી છોડવામાં આવ્યું છે. આમ કુલ ૩,૫૯,૩૨૧ મિલિયન ઘન ફૂટ પાણીનો જથ્થો સુજલામ્ સુફલામ્ નહેર તથા તળાવો ભરવા માટે આપવામાં આવ્યો છે.**

વર્ષ ૨૦૦૪-૦૫થી અત્યાર સુધીમાં ઉદવહન પાઈપલાઈનો દ્વારા નર્મદા મુખ્ય નહેરમાંથી ૨,૩૮,૪૯૧ મિલિયન ઘન ફૂટ પાણી ઉપાડવામાં આવ્યું છે. કડાણા જળાશયમાંથી સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ નહેરમાં ૧,૨૦,૮૩૦ મિલિયન ઘન ફૂટ પાણી છોડવામાં આવ્યું છે. આમ કુલ ૩,૫૯,૩૨૧ મિલિયન ઘન ફૂટ પાણીનો જથ્થો સુજલામ્ સુફલામ્ નહેર તથા તળાવો ભરવા માટે આપવામાં આવ્યો છે.

ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળ દર વર્ષે ૩ થી ૪ મીટર જેટલાં નીચાં જતાં હતાં. આ યોજનાના અમલ દ્વારા ભૂગર્ભ જળસંચય થવાથી ભૂગર્ભ જળનાં સ્તર નીચાં જતાં અટકયાં છે એટલું જ નહીં પણ ૪ થી ૫ મીટર જેટલા ઊંચાં આવ્યાં છે. જેના પરિણામે ખેડૂતોને સિંચાઇ માટે થતા વીજળીના ખર્ચમાં નોંધપાત્ર બચત થઈ રહી છે.

## સૌની યોજના

સૌરાષ્ટ્રની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે સૌની યોજના અંતર્ગત નર્મદા ડેમનું પાણી નર્મદા મુખ્ય કેનાલ અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે કુલ ૧૩૭૧ કિ.મિ. લંબાઈની ચાર લીન્ક દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારના વિવિધ ડેમો તેમજ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાનાં ૧૧૫ જળાશયો સુધી પહોંચાડવાની કામગીરીનાં મીઠા ફળ-પરિણામો પાણી સ્વરૂપે નાગરિકો સુધી પહોંચી રહ્યાં છે.

સૌની યોજનાનો પહેલો તબક્કો (ફેઝ 1) સંપૂર્ણ રીતે પૂરો થઈ ચૂક્યો છે અને બીજો તબક્કો (ફેઝ 2) પૂર્ણતાના આરે છે, જ્યારે ત્રીજા તબક્કાના કામો કોવિડ-૧૯ની પરિસ્થિતિ હોવા છતાં ઝડપથી પૂર્ણતા તરફ આગળ વધી રહ્યો છે.

આ યોજનામાં સરદાર સરોવર ડેમથી ૬૩૦ કિ.મિ. દૂર આવેલ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડેમો સુધી પાણી પહોંચાડવામાં આવનાર છે. જેના માટે ૭૯૨ ફૂટ એટલે કે ૮૦ માળ ઊંચી ઇમારત જેટલું પાણીનું ઉદવહન કરવામાં આવશે.

આ યોજનાની ફેઝ ૧અને ફેઝ-૨ ની પૂર્ણ થયેલી કામગીરીના કારણે વર્ષ 2021 સુધીમાં ૫૩ જળાશયો, ૮૬૩ ચેકડેમો અને ૧૩૧ તળાવોમાં ૪૦૦૦૦ મિલિયન ઘનફૂટ કરતાં વધુ પાણી આપવામાં આવ્યું છે.



આ ઉપરાંત વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ના ચોમાસા અગાઉ પાણીની તીવ્ર તંગીમાં પણ રાજકોટ, જામનગર, મોરબી, વાંકાનેર, જેતપુર, ગોંડલ, બોટાદ, રાણપુર જેવા શહેરોને પીવાનું પૂરતું પાણી આપી શકાયું છે જેના પરિણામે આ શહેરોમાં પીવાના પાણીની સમસ્યાનું મહદઅંશે નિરાકરણ થવા પામ્યું છે. ઉપરાંત આ વિસ્તારનાં તળાવો અને ચેકડેમોમાં પાણી ભરીને ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવાથી ભૂગર્ભ જળ રિચાર્જ થવાના કારણે મોટાભાગના વિસ્તારોમાં પાણીનાં સ્તર ઊંચાં આવ્યાં છે.

આ યોજના પૂર્ણ થતાં ૧૨૮૨ ગામો અને ૩૧ શહેરોના ૧૧૨ લાખ લોકોને પીવાનું પાણી આપી શકાશે. સૌની યોજના થકી હવે સૌરાષ્ટ્રની જળ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

## આદિવાસી વિસ્તારમાં સિંચાઇ અને પીવાના પાણીની સુદૃઢ વ્યવસ્થા

આદિજાતિ કુટુંબો મોટેભાગે રાજ્યના પૂર્વ ભાગનાં ડુંગરાળ અને ખડકાળ વિસ્તારમાં છૂટાછવાયાં અને નાના સમૂહોમાં વસતાં હોવાથી પરંપરાગત રીતે સિંચાઈની સવલતો પૂરી પાડવી મુશ્કેલ છે. આથી આદિજાતિ વિસ્તારમાં ખેતી માટે સિંચાઈની તકો ઉપલબ્ધ થાય એ માટે વિભાગે ચેકડેમ બાંધવા, તળાવો ઊંડાં કરવાં, ઉદવહન સિંચાઇ યોજનાઓ, હાઇ લેવલ કેનાલ વગેરે કામો મોટે પાયે કરવામાં આવ્યાં છે.

રાજ્યમાં ઉમરગામથી અંબાજી સુધીના પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લા જેમાં સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, મહીસાગર, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, ડાંગ, સુરત, તાપી, નવસારી, વલસાડના ૫૩ તાલુકાના વિકાસ માટે એપ્રિલ-૨૦૦૭માં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત નાના-મોટા ચેકડેમ, તળાવો ઊંડાં કરવાની કામગીરી, ઉદવહન સિંચાઇ યોજના, જૂથ સિંચાઇ યોજના, વોટરશેડ આધારિત જળસંગ્રહ સ્થાનો, નહેર સુધારણા, પી.આઇ. એમ. અને મોટી ઉદવહન પાઇપલાઇન સિંચાઇ યોજનાઓ થકી અંદાજે ૧૪.૭૫ લાખ એકરથી વધુ વિસ્તારમાં સિંચાઈનો લાભ મળી રહ્યો છે.

આદિવાસી વિસ્તાર મોટે ભાગે ઊંચા લેવલે તથા ડુંગરાળ વિસ્તાર હોઈ, મોટા ભાગના વિસ્તારમાં સિંચાઇ માટે હયાત સિંચાઇ યોજનાઓમાંથી વહનથી પાણી આપી શકાય તેમ નહોતું. આથી આવા દુર્ગમ અને વિષમ પરિસ્થિતિ ધરાવતા વિસ્તારમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરવા માટે સરકાર દ્વારા રૂ.૫,૦૪૨ કરોડના ખર્ચે ૧૩ મોટી ઉદવહન સિંચાઇ યોજનાઓને મંજૂરી આપી છે જે પૈકી પાંચ યોજનાઓની કામગીરી પૂર્ણ કરી યોજનાઓ કાર્યાન્વિત કરી છે અને વિવિધ આઠ યોજનાઓમાં રૂ. ૨,૧૦૯ કરોડનાં કામો પૂર્ણ કર્યાં છે. જેમાં ૪ જિલ્લાના ૧૦ તાલુકાનાં ૪૪૮ ગામો અને ૮૧,૨૮૦ વિસ્તારને સિંચાઈનો લાભ મળી રહ્યો છે. જયારે વધુ ૮ સિંચાઈ યોજનાના રૂ. ૨,૯૩૩ કરોડનાં કામો પ્રગતિ હેઠળ છે જેના થકી ૭ જિલ્લાના ૨૩ તાલુકાનાં ૫૫૪ ગામો અને ૨.૬૭ લાખ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

વનબંધુ કલ્યાણ-૨માં અંદાજે રૂ. ૧૪,૨૦૦ કરોડના ખર્ચે અમલમાં આવનાર વિવિધ યોજનાઓ થકી અંદાજે ૧૦ લાખ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

નલ સે જલ યોજના હેઠળ ગુજરાતમાં બોટાદ, આણંદ, મહેસાણા, ગાંધીનગર અને પોરબંદર જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦ ટકા ઘરોને નળથી શુદ્ધ પાણી આપવાની સુવિધાથી આવરી લેવાયાં છે. નીતિ આયોગ તરફથી ઉત્કૃષ્ટ જળ વ્યવસ્થાપન માટે કોમ્પોઝિટ વોટર મેનેજમેન્ટ ઇન્ડેક્સ (CWMI) વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માટે ગુજરાતને પ્રથમ ક્રમ મળ્યો છે.

કેન્દ્ર સરકારના MoWR દ્વારા વર્ષ ૨૦૧૮માં જળસંચય અને સિંચાઈ વ્યવસ્થાપન માટે ગુજરાત સરકારને બીજા ક્રમે બેસ્ટ સ્ટેટ કેટેગરી ઍવૉર્ડ મળ્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર (CBIP) દ્વારા વર્ષ ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦માં વિભાગની જુદી જુદી યોજનાઓ માટે ઍવૉર્ડ એનાયત કરાયા છે. આ ઉપરાંત સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ૨૦૧૯ તથા અન્ય કામગીરી માટે ગુજરાત સરકારને સ્કોચ પ્લેટિનમ ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયો છે જે ગુજરાતની જળવ્યવસ્થાપનની શ્રેષ્ઠ કામગીરીને આભારી છે. ●



# બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત દેશભરમાં મોખરે

✎ ધવલ શાહ

વર્તમાન સમયમાં ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિને પહોંચી વળવા વિશ્વમાં બિનપરંપરાગત ઊર્જા સ્રોતોનું મહત્ત્વ વધતું જાય છે. આ સંદર્ભે ગુજરાત સરકારે બિનપરંપરાગત ઊર્જા સ્રોતો પર સવિશેષ ધ્યાન કેંદ્રીત કર્યુ છે. જે અંતર્ગત રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં વર્ષ ૨૦૦૯માં ક્લાઈમેટ ચેન્જ અંગે અલાયદો વિભાગ શરૂ કરી ગુજરાત એશિયામાં પ્રથમ સ્થાને રહ્યું છે. આજે રાજ્યમાં બિનપરંપરાગત ઊર્જા સ્રોત જેવા કે પવન ઊર્જા, સૌર ઊર્જા, જૈવિક ઊર્જા, હાઇડ્રો પાવર વગેરે દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે રાજ્યમાં ૧૪,૯૬૩ મેગાવૉટ ક્ષમતાના પ્રોજેક્ટોની સ્થાપના કરવામાં આવી છે. જે દેશની કુલ સ્થાપિત ક્ષમતાની ૧૫ ટકા જેટલી છે અને આ ક્ષમતા સાથે ગુજરાત દેશમાં તૃતીય સ્થાન ધરાવે છે.




ખાનગી રહેણાક ઉપર સોલાર રૂફટોપ સિસ્ટિમ સ્થાપવાની યોજના વર્ષ ૨૦૧૬-૧૭થી કાર્યરત છે. આ યોજના હેઠળ ૨,૮૪,૦૦૦ ખાનગી રહેણાકીય ઈમારતો ઉપર ૧,૦૮૧ મેગાવૉટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટિમ સ્થાપવામાં આવી છે. ખાનગી રહેણાક ઉપર સોલાર રૂફટોપ સિસ્ટિમ સ્થાપિત કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઔદ્યોગિક, વાણિજ્યિક અને રહેણાક ક્ષેત્રે કુલ ૧,૪૪૪ મેગાવૉટ સોલાર રૂફટોપ સિસ્ટિમની સ્થાપના સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે.



ગુજરાતમાં દેશની પ્રથમ 'સોલાર પાવર' પૉલિસીની જાહેરાત બાદ વર્તમાન પરિસ્થિતિએ રાજ્યની સોલાર પાવર પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા ૫,૯૪૭ મેગાવોટ છે. આમ, આ સોલાર પાવર પ્રોજેક્ટની સ્થાપના સાથે ગુજરાત દેશમાં તૃતીય સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૧થી પાટણના ચારણકા ગામે ૮૫૦ મેગાવૉટ ક્ષમતાનો સોલાર પાર્ક કાર્યરત છે.

ગુજરાતે દેશમાં સૌ પ્રથમ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના કરી છે. હાલ ગુજરાતમાં કુલ ૩૭ મેગાવૉટના કેનાલ ટોપ સોલાર પાવર પ્રોજેક્ટ કાર્યરત છે. દુનિયાના સૌથી વિશાળ



૩૦ ગીગાવૉટ ક્ષમતાના હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રિન્યૂએબલ એનર્જી પાર્કનું કચ્છના ખાવડા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લાં દસ વર્ષમાં ૨૬૮ ગૌશાળા/ પાંજરાપોળ/ શૈક્ષણિક સંસ્થાઓમાં કુલ ૧૯,૪૬૦ ઘનમીટર પ્રતિદિવસની ક્ષમતાના સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે.

છેલ્લાં દસ વર્ષમાં સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, વિશ્રામગૃહો ઉપર ૭૬,૪૫૦ વિદ્યાર્થીઓ માટે કુલ ૧૯,૦૬,૦૦૦ લિટર પ્રતિદિવસની ક્ષમતાની સોલાર હોટ વોટર સિસ્ટિમ બેસાડવામાં આવી છે. રાજ્યના ૧૩,૫૭૨ વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ઈલેક્ટ્રિક દ્વિચક્રી વાહનો માટે સબસિડી આપવામાં આવી છે.

વર્ષ ૧૯૯૩માં ગુજરાતમાં દેશની પ્રથમ 'વિન્ડ પાવર' પૉલિસીની જાહેરાત બાદ વર્તમાન પરિસ્થિતિએ રાજ્યની વિન્ડ પાવર પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા ૮,૮૬૦ મેગાવૉટ થવા પામી છે. આમ, ગુજરાત વિન્ડ પાવર પ્રોજેક્ટની સ્થાપના કરવામાં દેશમાં દ્વિતીય સ્થાન ધરાવે છે.

આજે ગુજરાતે ઊર્જાની પંચશકિતઓ સોલાર, થર્મલ, હાઇડ્રો, ગેસ અને ન્યૂક્લિયરનો વીજ ઉત્પાદનમાં વિનિયોગ કરવાની નવતર પહેલ કરી છે અને ઊર્જા ઉત્પાદન-વિતરણમાં અગ્રેસરતા પ્રાપ્ત કરી છે. ગુજરાતે વીજ ઉત્પાદનમાં અનેક સુધારાલક્ષી ઉપક્રમ હાથ ધરીને આત્મનિર્ભરતા સાથે દેશના એનર્જી હબ બનવાની દિશામાં વર્તમાન શાસનની રાજકીય ઇચ્છાશકિત સાબિત કરી છે. આમ, ગુજરાતના ઊર્જા ક્ષેત્રની નવતર પહેલૉ વિશ્વ માટે પથદર્શક બની રહેશે. ●




# સુદૃઢ પરિવહન ગુજરાતના આર્થિક વિકાસની ધોરીનસ

**નીરવ રાવલ**

ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ અર્થે ગુજરાતના ખૂણે ખૂણામાં વસતા લોકોને વિકાસનો અનુભવ કરાવવા જનહિતલક્ષી અનેકવિધ પ્રકલ્પોને ખંતપૂર્વક પાર પાડવામાં આવી રહ્યા છે. વિવિધ વિભાગો દ્વારા થતી ઉત્કૃષ્ટ કામગીરીથી ગુજરાતની કાયાપલટ થવા પામી છે. તેમાંનું એક છે પરિવહન. પરિવહન આર્થિક વિકાસની ધોરીનસ છે. જાહેર રસ્તા પર દોડતાં વાહનો વિકાસનું બેરોમીટર છે ત્યારે આ વાહનોનું નિયંત્રણ, નોંધણી, વગેરે વિષયોની કાળજી માટેનું તંત્ર પણ અત્યંત અનિવાર્ય છે. રાજ્યના બંદરો અને વાહન વ્યવહાર વિભાગની વાત કરીએ તો ભારત સરકાર નિર્મિત અને NIC સંચાલિત SARATHI સૉફ્ટવેર અને VAHAN સૉફ્ટવેરના માધ્યમથી વાહન વ્યવહાર સંબધિત સેવાઓ આપવામાં આવે છે. આ સેવાઓ પૈકી અનેક સેવાઓ તો ફેસલેસ પ્રકારની છે. જેમાં અરજદારોને કચેરીઓમાં આવવાની જરૂર પડતી નથી. જેને પ્રગતિશીલતા સાથે પારદર્શિતાનું ઉત્તમ ઉદાહરણ કહી શકાય.

સેવાઓના સરળીકરણ માટે રાજ્ય સરકારે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કર્યો છે. રાજ્યની તમામ આરટીઓ/એઆરટીઓ કચેરીઓમાં પેપર લેસ, ફેસલેસ અને ડિજિટાઇઝેશનને પ્રોત્સાહિત કરવા માટે વાહન સંબધિત સેવાઓ માટે વાહન 4.0 સૉફ્ટવેર તથા લાઇસન્સ સંબધિત સેવાઓ માટે સારથી 4.0 સૉફ્ટવેરનું અમલીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં વાહન સંબધિત ૧૦ સેવાઓ તથા લાઇસન્સ સંબધિત ૮ સેવાઓ પણ ફેસલેસ છે. જેનો વાર્ષિક અંદાજિત ૪૧ લાખ અરજદારો લાભ લીધો છે અને હજુ પણ વધુને વધુ નાગરિકો આ સેવાઓનો લાભ લઈ રહ્યા છે. રાજયમાં તા.૨૦-૧૧-૨૦૧૯થી ચેકપોસ્ટ નાબુદી બાદ ઓવરડાયમેન્શન મોડ્યૂલ (ODC MODULE)નું અમલીકરણ કરવામાં આવ્યું છે. જેના દ્વારા વાહન માલિકો જાતે જ તેઓના વાહનના ઓવરડાયમેન્શન અંગેની વિગતો તથા તેના ઉલ્લંઘન બદલ ભરવાપાત્ર દંડની રકમ ઓનલાઇન માધ્યમથી ભરે છે. આરટીઓ એન્ફોર્સમેન્ટની ઓનલાઇન ઇ-ચલણની વ્યવસ્થાથી વાહન ચાલકો/ માલિકો પાસેથી સ્થળ પર ઓનલાઇન પેમેન્ટ દ્વારા માંડવાળ ફી સ્વીકારવાની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

ઓનલાઇન પેમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજયમાં VAHAN સંબધિત સેવાઓ તથા SARATHI સંબધિત સેવાઓ માટે ફીનું ચૂકવણું ઓનલાઇન માધ્યમથી શરૂ કરવામાં આવ્યું છે. રાજયમાં PUC અને વીમાના પ્રમાણપત્ર અને પૉલિસીને પેપરલેસ કરાઇ છે. mParivahan અને Digilockerમાં ઉપલબ્ધ આરસી અને ડ્રાઇવિંગ લાઇસન્સને

એન્ફોર્સમેન્ટની કામગીરી માટે દસ્તાવેજ તરીકે માન્ય ગણવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

શિખાઉ લાઈસન્સની કામગીરી ડિસેન્ટ્રલાઇઝ કરી જિલ્લા તથા તાલુકા કક્ષાના કુલ ૨૨૧ આઈટીઆઈ અને ૨૯ પોલિટેક્નિક ખાતે ઈસ્યૂ કરવામાં આવ્યા છે. ડ્રાઈવીંગ લાયસન્સ રિન્યૂ કોઈપણ જિલ્લામાં કરવાની વ્યવસ્થા કરાઈ છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ સમગ્ર રાજ્યમાં રોજના અંદાજિત ૩૪ લાખ કિ.મિ.નું સંચાલન કરી દૈનિક ૨૫.૧૮ લાખ મુસાફરોને પરિવહનની સેવા પૂરી પાડે છે. એસ.ટી નિગમ દ્વારા ગુજરાતના કુલ ૧૮,૬૭૬ ગામડા પૈકી ૧૮,૫૫૪ ગામડાને પરિવહનની સેવા થકી આવરી લેવામાં આવ્યાં છે.

લગ્ન પ્રસંગોએ મધ્યમ અને ગરીબ લોકો માટેની વિશેષ કેજ્યુઅલ કોન્ટ્રાક્ટ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો ૧૧,૯૮૦ વાહનો થકી રાજ્યના ૯,૬૬૫ કુટુંબોએ લાભ લીધો છે. ગ્રામીણ વિદ્યાર્થીઓને ૮૨.૫૦% તેમજ વિદ્યાર્થિનીઓને ૧૦૦% રાહત દરે મુસાફરીની સુવિધા આપવામાં આવે છે. જેનો ચાલુ નાણાકીય વર્ષમાં ૩ લાખ વિદ્યાર્થીઓ તેમજ ૩.૪૩ લાખ વિદ્યાર્થિનીઓએ લાભ લીધો છે. નાગરિકોની સેવામાં છેલ્લાં ૫ વર્ષમાં ૫,૭૮૫ નવી બસો સંચાલનમાં મૂકવામાં આવી છે.

વર્ષ ૨૦૨૦-૨૧ માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૦૦ નવીન BS-VI વાહનો ખરીદવાની મંજૂરી મળી હતી જે પૈકી ૬૮૫ વાહનો સંચાલનમાં મૂકવામાં આવ્યાં છે. લોકડાઉન દરમિયાન શ્રમિકો, કામદારો, વિદ્યાર્થીઓ, યાત્રાળુઓ, કોરોના વૉરિયર્સ જેવા કે મેડિકલ સ્ટાફ, પોલીસકર્મીઓ વગેરેને પરિવહન સેવા પૂરી પાડી ૨૨,૯૫૩ બસ ટ્રીપ દ્વારા કુલ ૬,૯૯,૩૫૭ લોકોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોચાડવામાં ગુજરાત સરકાર અગ્રેસર રહી છે. ડિજિટલ સેવાસેતુ અંતર્ગત નિગમની બસ ટિકિટ અને મુસાફર પાસ ગ્રામીણકક્ષાએ જ આમ જનતાને મળતા થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. નિગમના ૮૭ બસ સ્ટેશનો ખાતે મુસાફરોને ઇન્ટરનેટની સુવિધા મળી રહે તે હેતુથી ફ્રી વાઇ-ફાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મુસાફરો ઘેરબેઠાં ઓનલાઈન બસ ટિકિટ બુક કરી શકે તે માટે નવીન ફીચર્સ સાથે Android અને iOS મોબાઇલ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે.





રાજ્ય સરકારની શ્રવણ તીર્થ યોજના અંતર્ગત એસ.ટી. નિગમ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની વેબસાઇટનું લિન્કિંગ કરવામાં આવ્યું છે. નિગમની આ યોજનાનો કુલ ૧૦,૮૫૦ લાભાર્થીઓ દ્વારા લાભ પણ લેવામાં આવ્યો છે. ૧૧૧ બસ સ્ટેશનોને તેમજ સેન્ટ્રલ ઓફિસ સી.સી.ટી.વી. બેઇઝડ સર્વેલન્સ સિસ્ટિમથી સજ્જ કરવામાં આવી છે. વહીવટી કામગીરી ઝડપી બનાવવા નિગમમાં મધ્યસ્થ કચેરી તેમજ ૧૬ વિભાગીય કચેરીઓને વીડિયો કોન્ફરન્સથી જોડવામાં આવી છે.

મુસાફરોની પરિવહન સુવિધામાં વધારો કરવા નિગમ દ્વારા પીપીપી ધોરણે રૂ.૧૨૪.૩૪ કરોડના ખર્ચે અમદાવાદમાં ગીતામંદિર અને રાણીપ, વડોદરામાં સેન્ટ્રલ બસ સ્ટેશન અને મકરપુરા, મહેસાણા, સુરતમાં અડાજણ, રાજકોટ ખાતે નવીન બસપોર્ટ બનાવવામાં આવ્યાં છે. પીપીપી ધોરણે રૂ. ૧૪૩.૪૯ કરોડના ખર્ચે ૮ આધુનિક બસ પોર્ટ ભરુચ, મોડાસા, પાલનપુર, અમરેલી, પાટણ, નડિયાદ, ભુજ, નવસારી ખાતે બાંધકામ પ્રગતિમાં છે. મુસાફરોની સેવામાં છેલ્લાં ૫ વર્ષમાં કુલ ૧૧૧ બસ સ્ટેશન/૦૫ ડેપો વર્કશોપ લોકાર્પણ કરવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય કક્ષાએ રોડ સેફટી ક્ષેત્રે એસોસિયેશન ઓફ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ અંડર ટેકિંગ (ASRTU) દ્વારા સૌથી ઓછો અકસ્માત દર હાંસલ કરવા માટે કેંદ્ર સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તરફથી "ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર રોડ સેફટી ઍવૉર્ડ" વર્ષ ૨૦૧૯-૨૦ તથા વર્ષ ૨૦૨૦-૨૧ માટે જાન્યુઆરી-૨૦૨૧માં એનાયત કરવામાં આવ્યા છે.

મહત્તમ કે.એમ.પી.એલ. (કિલોમીટર પ્રતિ લિટર) ઈમ્પ્રુવમેન્ટ માટે PCRA (Petroleum Conservation Research Association) દ્વારા ભારતના સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં ૧૦૦થી વધુ ડેપો ધરાવતા રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં નિગમના ૬ બેસ્ટ ડેપો ધોરાજી, અમદાવાદ, રાજુલા, ધોળકા, દાહોદ અને ધરમપુરને સ્ટેટ લેવલ ઉપર રૂ. ૦.૫૦ લાખ અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા છે. "Response to COVID-19" અંતર્ગત કોરોના મહામારી દરમિયાન નિગમ દ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ કામગીરી માટે નિગમને પ્રતિષ્ઠિત "સિલ્વર સ્કોચ ઍવૉર્ડ-૨૦૨૦" પ્રાપ્ત થયો છે. GeM ઉપર રાજ્યમાં સૌથી વધુ મૂલ્યની ખરીદી અન્વયે નિગમને "ઉત્તમ પ્રશંસનીય કામગીરી"નો ઍવૉર્ડ પણ વર્ષ ૨૦૨૦માં એનાયત થયો છે. ●

# બોડેલીમાં નવનિર્મિત બરોડા ડેરીનો મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ જનસમર્પિત






સહકારી પ્રવૃત્તિ ગુજરાતમાં ખૂબ વિકસી છે. ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે નવા સુધારા દ્વારા સહકારી માળખાને મજબૂતી આપી છે.

ડેરી ઉદ્યોગ એ સહકારિતાની નાભી જેવો ઉદ્યોગ છે. જે લાખો પશુપાલકોને આત્મનિર્ભર બનાવે છે. સહુનો સાથ, સહુનો વિકાસ અને સહુનો વિશ્વાસ એ વડાપ્રધાનશ્રીનું સૂત્ર સહકારી ડેરી ઉદ્યોગને ખૂબ લાગુ પડે છે. આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાત જરૂરી છે. ગુજરાતને આત્મનિર્ભર બનાવવામાં સહકારિતા ઉદ્દીપકનું કામ કરે છે.

આ દિશામાં ડગ માંડતા મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીક અલ્હાદપુરા દૂધ શીત કેન્દ્ર ખાતે રૂ.૧૨૦ કરોડના ખર્ચે વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટને ખુલ્લો મૂક્યો હતો.

મુખ્યમંત્રીશ્રી દ્વારા ઉદ્‌ઘાટિત નવ નિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટમાં દૂધ પ્રોસેસ ક્ષમતામાં ૩ થી ૬ લાખ લિટર પ્રતિ દિન વધારો થશે. દૂધની પેકિંગ ક્ષમતા પ્રતિ દિન ૩ લાખ થવા સાથે સ્ટોરેજ ક્ષમતા ૪ લાખ લિટર થશે. એટલું જ નહિ ભવિષ્યમાં ૧૧ લાખ લિટર પ્રતિ દિવસ દૂધ સંપાદન પહોંચે ત્યાં સુધીની ક્ષમતા ઊભી થઈ છે. આ નૂતન પ્લાન્ટ આદિવાસી વિસ્તારમાં સ્થપાયેલો હોવાથી રાજ્ય સરકારની દૂધ સંજીવની યોજના વધુ સરળ અને સુલભ બનશે.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સિંહ જેવી દૃઢતાથી લોકકલ્યાણનાં કામો કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું છે કે રાજ્યમાં દરેક ઉદ્યોગને સહુલિયત રહે અને ક્યાંય કનડગત ન થાય તેની રાજ્ય સરકાર દરકાર લેશે.

સ્વરાજની ચળવળ વખતે ગુજરાતમાં સહકારિતાના પાયા નંખાયા ત્યારે પૂ. મહાત્મા ગાંધી અને સરદાર પટેલ બેલડી દ્વારા તેમને પ્રોત્સાહન અપાયું હતું. ગુજરાતની સહકારી પ્રવૃત્તિ વટવૃક્ષ બની દેશના સીમાડા વટાવી ગઈ છે. હવે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેંદ્રિય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ સમગ્ર દેશને સહકારથી સમૃદ્ધિનો નવો રાહ ચીંધે છે.

તેમણે જણાવ્યું કે, વહીવટમાં શક્ય તેટલી સરળતા દ્વારા લોકોનાં કામો સરળ બનાવવા એ અમારો સંકલ્પ છે. અમે લોકોની મુશ્કેલીઓ નિવારવા બનતા બધા જ પ્રયત્નો કરીશું.

સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, બરોડા ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોના પ્રશ્ન સૌને સાથે લઈને ઉકેલવામાં આવ્યો છે. બરોડા ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને રૂ. ૨૭ કરોડ ચૂકવવામાં આવશે. તેમાંથી રૂ. ૧૮ કરોડ જેટલી માતબર રકમ ચૂકવવામાં આવી છે અને બાકીની રકમ આગામી માર્ચ સુધીમાં ચૂકવી દેવાનું ડેરીનું આયોજન છે.

આ વિસ્તારમાં રૂ. ૫૫૦ કરોડના ખર્ચથી ૧૯૧ જેટલાં વિકાસનાં કામો રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જે પૈકી રૂ. ૧૮૦ કરોડનાં વિકાસ કામો પૂર્ણ થઈ ગયાં છે. બોડેલી ફાટકનું કામ પણ ઝડપથી મંજૂર કરવામાં આવશે.

બરોડા ડેરીની મૃત્યુ સહાય યોજના હેઠળ ડેરીના મૃતક કર્મચારી નીતિનભાઇ પટેલનાં ધર્મપત્ની દીપિકાબહેન પટેલને રૂ.૧૦ લાખનો ચેક મુખ્યમંત્રીશ્રીએ અર્પણ કર્યો હતો.


બરોડા ડેરીના પ્રમુખ શ્રી દિનુભાઈ પટેલ જણાવ્યું હતું કે ૧૯૫૭ માં માત્ર છ મંડળી અને ૫૦૦ લિટર દૂધથી શરૂ થયેલી બરોડા ડેરી આજે ૧૨૦૦ દૂધ મંડળી સાથે રોજનું ૬.૫૦ લાખ લિટર દૂધ એકત્ર કરે છે.બરોડા ડેરીને મજબૂત કરવામાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના પશુપાલકોનો સિંહ ફાળો રહ્યો છે .

આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રીમતી ગીતાબહેન રાઠવા, ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવી, બરોડા ડેરીના ઉપપ્રમુખ શ્રી જી.બી. સોલંકી અગ્રણી શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબહેન પટેલ, વડોદરા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ પટેલ સહિત વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાની દૂધ ડેરીઓના પ્રમુખ, મંત્રી અને વિશાળ સંખ્યામાં સભાસદો હાજર રહ્યાં હતાં. ●

## વનબંધુ વિસ્તાર ઉચ્છલમાં નવનિર્મિત

# સરકારી વિનયન કોલેજનું ઈ-લોકાર્પણ





શિક્ષણ સમાજનો પાયો છે એટલે જ રાજ્યના બજેટમાં ૩૧ હજાર કરોડ જેવી માતબર રકમ શિક્ષણ વિભાગ માટે ફાળવી છે. એટલું જ નહિ, રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વધે તથા યુવાશક્તિને સરળતાથી ઉચ્ચશિક્ષણ મળે તે માટે જે તાલુકાઓમાં એક પણ કોલેજ નથી તેવા ૧૦ તાલુકાઓમાં સરકારી કોલેજો શરૂ કરવામાં આવી છે. ગુજરાતના યુવાનોને વધુ એક કોલેજની ભેટ મળી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વનબંધુ વિસ્તાર તાપી જિલ્લાના ઉચ્છલમાં રૂ. ૬.૮૨ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી વિનયન કોલેજનું ઇ-લોકાર્પણ કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણને સમાજ અને રાષ્ટ્રના વિકાસ તથા સમૃદ્ધિનો પાયો ગણાવતાં કહ્યુ કે, શિક્ષણ ચેતનાની ખેતી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાતમાં મુખ્યમંત્રીપદના કાર્યકાળ દરમિયાન જ્ઞાનશક્તિના મહિમાથી શિક્ષણનો જે મજબૂત પાયો સિંચ્યો તેના પરિણામ સ્વરૂપે અઢી દાયકામાં રાજ્ય સરકારે કે.જી થી પી.જી સુધીના શિક્ષણમાં સમયાનુકૂળ સગવડો અને ટેકનોલોજિ અપનાવી યુવાશક્તિને ગ્લોબલ યુથ બનાવી છે.ગુજરાતમાં વિશ્વના પ્રવાહોને અનુરૂપ સેક્ટરલ યુનિવર્સિટીઓ શરૂ કરીને રાજ્યના યુવાઓને વિશ્વકક્ષાના જ્ઞાન અવસર સરકારે ઘરઆંગણે પૂરા પાડ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ વનબંધુ વિસ્તારમા શરૂ થયેલી આ નવીન વિનયન કોલેજનું "દેવમોગરા સરકારી વિનયન કોલેજ" નામાભિધાન કરાવ્યું હતું. વનબંધુ યુવાઓના શિક્ષણ રોજગાર માટે સરકારે વિશેષ ધ્યાન આપ્યું છે. વનબંધુ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ પાંચ આદિજાતિ જિલ્લામાં PPP ધોરણે મેડિકલ કોલેજ તથા આદિજાતિ યુવાઓને પાઇલટ બનવાની તાલીમ સુધીની સમયાનુકૂળ સુવિધા સરકારે આપી છે.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ આ નવીન કોલેજ ભવનને વધુ વૃક્ષો-ફૂલ છોડ વાવીને હરિયાળું ભવન બનાવવાનું આહવાન કર્યું હતું. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની આ સરકાર યુવાશક્તિની સ્કિલને બહાર લાવી તેને નિખારવા સ્ટેજ અને પ્લેટફોર્મ પૂરા પાડવાના નિર્ધાર સાથે કાર્યરત છે.

આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, મુકેશભાઈ પટેલ ઉચ્છલ ખાતે કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત રહ્યા હતા. આ ઈ-લોકાર્પણ અવસરે ધારાસભ્ય શ્રી સુનિલભાઈ, તાપી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરેશભાઈ વસાવા, આદિજાતિ વિકાસ નિગમના નિયામકશ્રી સહિત અગ્રણીઓ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ યુવા વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવાર પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

## પ્રધાનમંત્રી આયુષ્યમાન સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર મિશન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતેથી "પ્રધાનમંત્રી આયુષ્યમાન સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન"નો શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી સહભાગી થયા હતા. સમારોહને સંબોધિત કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યુ હતુ કે કોરોના મહામારી સામેની લડાઈમાં દેશે રસીના 100 કરોડ ડૉઝનું મોટું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. પીએમ આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશનનો ઉદ્દેશ આ ઊણપને હાથ ધરવાનો છે. એનો ઉદ્દેશ ગામથી લઈને તાલુકા અને જિલ્લાથી લઈને પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે આગામી 4-5 વર્ષોમાં ક્રિટિકલ હેલ્થ નેટવર્કને મજબૂત કરવાનો છે. આ નવા મિશન હેઠળ સરકાર દ્વારા લેવાયેલી આ પહેલને વર્ણવતા પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશના આરોગ્ય ક્ષેત્રમાં વિવિધ ઊણપ અને તફાવતોને દૂર કરવા આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશનનાં ત્રણ મુખ્ય પાસાં છે. પહેલું પાસું નિદાન અને સારવાર માટે પૂરતી વ્યવસ્થાઓના સર્જન સંબંધી છે. આ હેઠળ, આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો ગામો અને શહેરોમાં શરૂ થઈ રહ્યા છે જ્યાં રોગને વહેલો શોધી કાઢવા માટેની સગવડો હશે. નિઃશુલ્ક તબીબી સલાહ, નિઃશુલ્ક ટેસ્ટસ, નિઃશુલ્ક દવાઓ જેવી સુવિધાઓ આ કેન્દ્રોમાં ઉપલબ્ધ હશે. ગંભીર માંદગી માટે, 600 જિલ્લા અને રેફરલ સુવિધાઓમાં 35 હજાર નવા ક્રિટિકલ કેર સંબંધી બૅડ્સ ઉમેરાઇ રહ્યા છે જે 125 જિલ્લાઓમાં અપાશે. ●




# ખમીરવંતું ખેડા

**ઇલાબહેન વ્યાસ, દિવ્યેશ આચાર્ય**

૧૫મી ઓગષ્ટ, ૧૯૪૭ના રોજ ભારત દેશમાંથી બ્રિટિશ શાસનનો અંત આવ્યો અને સ્વરાજય સ્થપાયું. નવી સરકારે દેશી રાજ્યોને એક કરીને નવા મુંબઇ રાજયમાં ભેળવી દીધાં અને તા.૧લી ઓગષ્ટ, ૧૯૪૯થી ખેડા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. સમયાનુસાર કેટલાક તાલુકાઓના ગામોમાં ફેરફાર થતા ગયા અને તા.૧૫મી ઓક્ટોબર, ૧૯૫૦થી જિલ્લાના તાલુકાઓના ગામો નિયત કરાયાં એ મુજબ ખેડા જિલ્લામાં નડિયાદ, માતર, મહેમદાવાદ, કપડવંજ, ઠાસરા, બાલાસિનોર, ખંભાત, પેટલાદ અને આણંદ તાલુકાઓનો સમાવેશ થતો ગયો.

રાજય સરકારે તા. ૦૧-૧૦-૧૯૯૭થી રાજયમાં છ નવા જિલ્લા બનાવતા ખેડા જિલ્લાનું વિભાજન થતા ખેડા જિલ્લામાં નડિયાદ, ખેડા, માતર, મહેમદાવાદ, મહુધા, કઠલાલ, કપડવંજ, ઠાસરા, બાલાસિનોર અને વિરપુર એમ કુલ ૧૦ તાલુકાઓની રચના કરવામાં આવી હતી.

ત્યારબાદ રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ તા.૧૫મી ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ રાજયમાં નવા ૭ જિલ્લા અને ૨૩ તાલુકાઓ કાર્યરત કરવાની જાહેરાત કરાતા ખેડા જિલ્લામાં પણ ગળતેશ્વર અને વસો બે નવા તાલુકાની રચના કરવામાં આવી હતી. આમ ખેડા જિલ્લામાં હાલ નડિયાદ, ખેડા, માતર, મહેમદાવાદ, મહુધા, કઠલાલ, કપડવંજ, ઠાસરા, ગળતેશ્વર અને વસો એમ કુલ ૧૦ તાલુકાઓ કાર્યરત છે.

ચરોતરના નામે ઓળખાતો ખેડા જિલ્લો ખરેખર હરિયાળો પ્રદેશ છે. ઉત્તમ ખેતી અને રમ્ય વૃક્ષોથી શોભતો રમણીય પ્રદેશ છે. મહાત્મા ગાંધી બાપુએ આઝાદીની ચળવળનો શુભારંભ ખેડા જિલ્લામાંથી કર્યો હતો અને ૧૯૧૮ની ૨૨મી માર્ચે મહાત્મા ગાંધીજીએ નડિયાદમાં ખેડૂતોની સભાને સંબોધી સત્યાગ્રહ શરૂ કર્યો હતો. મહાત્મા ગાંધીએ







સુંદર વૃક્ષોવાળા મનોહર ઉપવનની ઉપમા આપી હતી. જ્યારે રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે ભારત ખંડનો ભવ્ય બગીચો કહ્યો હતો. આ ચરોતર પ્રદેશ સૌથી વધુ ઘઉં, બાજરી, ડાંગર અને મકાઈનું ઉત્પાદન કરતો પ્રદેશ છે. ચારૂતર એટલે સોનામહોરથી ભરેલો ચરૂ પણ છે. આણંદ જિલ્લાના વાસદથી શરૂ થતા મહી કાંઠા અને મહેમદાવાદ નજીકના વાત્રક કાંઠાની વચ્ચેનો પ્રદેશ ચરોતર કહેવાય છે. આ પ્રદેશ ઘણો ફળદ્રુપ અને રળિયામણો હોવાથી તેને ચારૂતર કહ્યો છે.

આ જિલ્લો અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ છે. તદુપરાંત રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક જેવા લોકસેવકોની પણ જન્મભૂમિ છે. જ્યારે પૂ. મોટાની આધ્યાત્મિક ભૂમિ, પૂ. સંતરામ મહારાજની તપોભૂમિ છે. સરસ્વતી ચંદ્રકના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી, કવિ બાલાશંકર કંથારિયા તથા હાસ્યલેખક બકુલ ત્રિપાઠીએ ખેડા જિલ્લાને ગૌરવવંતો બનાવ્યો છે.

## ગળતેશ્વર શિલ્પ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો

ગુજરાતના ઐતિહાસિક પર્યટન અને ધાર્મિક સ્થળોમાંના ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાનું ગળતેશ્વરનું પણ ખૂબ મહત્ત્વ છે. તાલુકાના સરનાલ ગામ પાસે મહિસાગર અને ગળતી નદીના સંગમસ્થાને આ ધાર્મિક સ્થળ આવેલું છે. સુપ્રસિદ્ધ ડાકોરના ઠાકોરજીના ધામથી ૧૦ થી ૧૨ કિ.મિ.ના અંતરે આવેલા આ ગળતેશ્વર મહાદેવ ખાતે વર્ષે દહાડે ૨૫ લાખથી વધુ ભાવિક ભક્તો અને પર્યટકો આવતા હોય છે.

## વસોની અદ્દભુત હવેલી

નડિયાદથી ૧૬ કિ.મિ. વસો નામનું પાટીદારોનું ગામ છે. આ ગામ દરબાર ગોપાલદાસ તથા મહેન્દ્રભાઈની હવેલીના કારણે વિશેષ જાણીતું છે. આ હવેલી ૨૫૦ વર્ષ જૂની છે. આજે ગુજરાતમાં પ્રાચીન સંસ્કૃતિ અને ખરા અર્થમાં હવેલીના દર્શન કરાવતાં મકાનો ભાગ્યે જ બચ્યાં છે. લાકડામાંથી બનાવવામાં આવેલી આ અદભુત હવેલીના દરેક ખૂણામાંથી કલા ટપકે છે.

મધ્યયુગની સંસ્કૃતિની ઝાંખી કરાવતી કાષ્ઠની કોતરણીવાળી હવેલી આજે પણ પર્યટકો માટે અદ્દભુત આકર્ષક રૂપ બની રહી



છે. કેટલાંક વર્ષો જૂની કુદરતી રંગોનો ઉપયોગ કરી બનાવેલી ફેસ્કો પેઇન્ટિંગની અત્યંત મૂલ્યવાન અસ્મિતા અહીં જળવાઈ છે.

## સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રાજા રણછોડરાયજીનું મંદિર

ફાગણ સુદ પુનમને હોળી પુનમ કે ધૂળેટી પૂનમ તરીકે ઓળખે છે પરંતુ હવે ફાગણી પૂનમને ડાકોરના પદયાત્રી પૂનમ તરીકે ઓળખ ઊભી થઈ છે. કાળઝાળ ગરમીમાં પણ લાખો પદયાત્રીઓ ડાકોર પહોંચે છે. જેમાં અમદાવાદ બાજુથી આશરે પાંચ લાખ પદયાત્રીઓ ડાકોર પહોંચે છે અને એટલી જ સંખ્યામાં વડોદરા, આણંદ, નડિયાદ, ગોધરા, સેવાલીયા, કપડવંજ, મોડાસાથી બીજા પાંચ લાખ પદયાત્રીઓ પહોંચશે.

## શ્રી સંતરામ મહારાજ, નડિયાદ

મૂળ સંતરામ મહારાજ અવધૂત શ્રેણીના મહાન સંત હતા. ગિરનારથી નડિયાદ આવ્યા જેથી તેઓ ગિરનાર બાવા, વિધાય બાવા અથવા સુખ-સાગજી તરીકે ઓળખાતા. તેઓ અહીં સંવત ૧૮૭૨માં આવ્યા હતા, ૧૫ વર્ષ સુધી લોકોના આધ્યાત્મિક ઉપાય માટે જીવ્યા હતા અને સંવત ૧૮૮૭ના મહિનાના માહના પૂરા ચંદ્ર દિવસ પર જીવંત-સમાધિ લીધી હતી. નડિયાદ મંદિરની શાખાઓ બરોડા, ઉમરેઠ, પાદરા, કરમસદ, કોયલી અને રાધુમાં હતી. તેઓ નડિયાદના મુખ્ય મંદિરના શ્લોક મુજબ તેમના કાર્યને ચાલુ રાખે છે. એક ભક્તએ બનારસમાં સંતરામ મહારાજના દર્શન કર્યા પછી તેમણે જીવત-સમાધિ લીધી. યોગનું એક હસ્તપ્રત પુસ્તક નડિયાદ મંદિરની કલાશા (ટોચની પરિપત્ર જહાજ) માં રાખવામાં આવે છે. લક્ષ્મણજી સંતરામ મહારાજના મુખ્ય શિષ્ય હતા. તેમણે મુખ્ય નડિયાદ મંદિરના મહંતના નિયમોનું નિર્દેશન કર્યું છે કે તે મંદિરની હદની બહારથી બંધ નહીં કરે, અને તે કોઈ પણ પાસેથી કશું પણ કદી પૂછશે નહીં, પરંતુ દેવોની ઈચ્છા પર આધાર રાખે છે.

## પંખીઓનું પિયર - પરીએજ તળાવ

પરીએજમાં મોટું તળાવ, નાનું તળાવ અને રાતડેશ્વર તળાવ આવેલાં છે. ખંભાતના અખાતની નજીકમાં, પરીએજ જળપ્લાવિત વિસ્તારમાં ખૂબ મોટી સંખ્યામાં પક્ષીઓ જોવા મળે છે. સામાન્ય, પાયવર અને યાયાવર ત્રણેય પ્રકારના પંખીઓ તળાવની આજુબાજુના વિસ્તારમાં નજરે પડે છે. ગુજરાતના ગૌરવ સમા સારસ પક્ષીઓનાં ઝૂંડ જોવાં મળે છે.

ખેડા જિલ્લાના માતર તાલુકાના પરીએજ ગામનું તળાવ પ્રચલિત છે. થોડાં વર્ષો પહેલાં સમગ્ર સૌરાષ્ટ્રને પીવાનું પાણી આ તળાવ દ્વારા પૂરું પાડવામાં આવતું હતું અને હાલ પણ કેટલાક વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહયું છે. સરદાર





સરોવરના પાણી કેનાલના માધ્યમ દ્વારા સૌરાષ્ટ્રમાં પહોંચતા આ તળાવમાંથી સૌરાષ્ટ્રને પીવાનું પાણી પૂરું પાડવાનું ભારણ ઓછું થયું છે.



## રાજ્યનું સૌથી મોટું વણાકબોરી તાપવિદ્યુત મથક

૨૧૦ મેગાવોટના ૭ યુનિટ ધરાવતું વણાકબોરી તાપવિદ્યુત મથકમાં રાજયની કુલ ઉત્પાદિત વીજળીના ૫૦ ટકા જેટલી વીજળી ઉપન્ન થાય છે. આ વિદ્યુત મથકની ક્ષમતા ૧૪૭૦ મેગાવૉટ છે. રૂપિયા ૧૧૦૬ કરોડના આ વિદ્યુત મથકમાં રોજિંદો આશરે ૨૨,૦૦૦ મેગા ટન કોલસો વપરાય છે. બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢની ખાણોમાંથી આ કોલસો આવે છે. વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન વીજ ઉત્પાદન તથા ખર્ચમાં કરકસર જેવાં વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓ માટે સતત વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૩-૦૪ દરમ્યાન યુનિટ નં. ૭ને રાષ્ટ્રીય સ્તરે સુવર્ણચંદ્રક તથા યુનિટ નં. ૧ થી ૬ ને રજતચંદ્રક હાંસલ કર્યા છે. યુનિટ નં. ૧ થી ૭ને આ વર્ષો દરમ્યાન ઓઇલના વપરાશમાં ઘટાડો કરવા બાબતે પણ વર્ષ ૨૦૦૨-૦૩માં રાષ્ટ્રીય પ્રમાણપત્રો મળેલ છે. વણાકબોરી તાપ વિદ્યુત મથકનો પ્લાન્ટ લોડ ફેક્ટર વર્ષ ૨૦૦૩-૦૪માં ૮૩.૧૯ ટકા, વર્ષ ૨૦૦૪-૦૫માં ૮૪.૫૨ ટકા, ૨૦૦૫-૦૬માં ૭૯.૦૭ ટકા અને વર્ષ ૨૦૦૬-૦૭માં ૮૫.૮૩ ટકા રહ્યો છે. વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનના યુનિટ નં. ૧ થી ૭ એ કાર્યક્ષમ રીતે કામગીરી બજાવી છે. અને મહત્તમ ઉત્પાદકતા હાંસલ કરી આગવું યોગદાન આપ્યું છે.

## કુંડવાવ અને બત્રીસ કોઠાની વાવ

સિદ્ધરાજ જયસિંહ જયારે ખેડા જિલ્લામાં આવ્યો ત્યારે કપડવંજમાં લશ્કરને સહીસલામત રહેવા માટે અનુકૂળતા દેખાઈ. રમ્ય વનરાજીથી ભરપૂર આ પ્રદેશ હતો. એમ કહેવાય છે કે, સિદ્ધરાજના સોમદત પંડિતને રકતપિત્તનો રોગ હતો. જયાં કુંડવાવ છે ત્યાં અગાઉ એક પાણીનું ખાબોચિયું હતું. તેમાં તે લપસી પડયા અને તેનો રોગ મટી ગયો. તેથી આ ચમત્કાર જોઈ, ધર્મિષ્ઠ રાજાએ સહસ્રલિંગની અનુકૃતિને કુંડવાવ તથા બાજુમાં બત્રીસ કોઠાની વાવ બંધાવી. ખોદકામ કરતાં નારાયણદેવ, મહાલક્ષ્મી તથા ફૂલબાઈની મૂર્તિઓ નીકળી, જે આજે પણ કપડવંજમાં જોવા મળે છે.



## ગરમ પાણીના કુંડ, લસુન્દ્રા

ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામમાં આવેલા ગરમ પાણીના કુંડ વિશિષ્ટ પ્રકારના છે. ગામને પાદરે સોમનાથ મહાદેવનું ભવ્ય મંદિર છે. બાજુમાં તળાવ છે. મહાદેવની વિખરાયેલી જટામાંથી ગંગા વહેતી હોય તેવું નિર્મળ જળ વહે છે ત્યાં પ્રકૃતિના સુંદર દર્શન થાય છે.

## ચાંદા સૂરજના મહેલ - રોઝારોઝી, મહેમદાવાદ

મહેમદાવાદથી લગભગ પશ્ચિમ દિશામાં વાત્રક નદીને કિનારે ચાંદા સૂરજના મહેલનાં ખંડિયરો મળી આવેલાં છે. મહેમદાવાદથી અમદાવાદ જતાં રેલવે ટ્રેનમાંથી તે જોઈ શકાય છે. મહેમુદ બેગડાને બે બેગમ હતી.એકનું નામ ચંદા અને બીજીનું નામ સૂરજ તેમનાં નામ પરથી ચાંદાસૂરજના મહેલ નામે તે ઓળખાય છે. ઈ.સ.૧૪૭૯માં મહેમુદ બેગડાએ બંધાવેલ ચાંદાસૂરજના મહેલ, રોઝારોઝી, વિશાળ વાવ, નગરની ચારે તરફ કોટ અને કિલ્લાના અવશેષો ઐતિહાસિક સ્થાપત્યકલાની ઝાંખી કરાવે છે.



## તીર્થરાજશ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ

સંવત-૧૮૭૮ માં ચૈત્ર સુદમાં સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે આ મંદિરનું ખાતમુહૂર્ત કર્યુ અને સંવત ૧૮૮૧ ના કાર્તિક માસમાં બાંધકામ પૂર્ણ થયું. મજૂરોને બદલે સાધુ સંતો તથા સત્સંગીઓએ જાતે ઈંટો તથા ચૂનો ઉપાડવાનું, પકવવાનું, તમામ કામ તથા બાંધકામ સેવાભાવથી કર્યુ. આ મંદિરના પાયામાં અને પગથારમાં નવલાખ ઈંટો વપરાઈ છે. સહજાનંદ સ્વામી પોતે ૩૭ ઈંટો સ્વમસ્તક પર ઉપાડી લાવેલા તેમાંથી ૩૫ ઈંટો લક્ષ્મીનારાયણની મૂર્તિ નીચેની બેઠક (પડઘી)માં ચણી છે.

## વિકાસની વાત

**ગુજરાતની સાથે ખેડા જિલ્લાએ પણ વિવિધ ક્ષેત્રોમાં સીમાચિહ્નરૂપ કામગીરી કરી છે.**

- ખેડા જિલ્લામાં રાજય સરકાર દ્વારા દિવ્યાંગોની પણ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. જિલ્લામાં ૧૩૨૯ દિવ્યાંગ વિદ્યાર્થીઓને રૂા.૧૫.૭૫ લાખની શિષ્યવૃતિ ચૂકવવામાં આવી છે. ૨૪૩ દિવ્યાંગોને રૂા.૩૭.૫૪ લાખના સ્વરોજગારી સાધન સહાય, સંત સૂરદાસ યોજના હેઠળ ૩૩ લાભાર્થીઓને રૂા.૨.૧૭ લાખ તેમજ જિલ્લાના ૧૦૯૨ દિવ્યાંગોને એસ.ટી. માં મફત મુસાફરી માટે ઓળખકાર્ડ આપવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૧ દિવ્યાંગ વ્યક્તિઓને લગ્ન સહાય પેટે રૂા.૧૦.૫૦ લાખની રકમ, ઈન્દિરા ગાંધી નેશનલ પેન્શન સ્કીમ અન્વયે રૂ.૦.૭૨ લાખની સહાય અને ગુજરાત મેન્ટલી ડિસેબલ પેન્શન સ્કિમ અન્વયે ૧૬૮ લાભાર્થીઓને રૂા.૧૧ લાખની સહાય આપવામાં આવી છે.
- ખેડા જિલ્લામાં કોરોના વેકિસનેશન યોજના અન્વયે ૯૦ ટકા વસ્તીને આવરી લેવામાં આવેલી છે.
- કોરોના મહામારીના કારણે સિવિલ હોસ્પિટલમાં દાતાઓની મદદથી ૨૧ ટન લિકવિડ સ્ટોરેજની ક્ષમતાની સ્ટોરેજ ટેન્ક બનાવી જિલ્લાને ઓકિસજનની અછતમાંથી મુકત કરવામાં આવ્યો છે.
- જિલ્લા પંચાયત, નડિયાદ હસ્તકની સમાજ કલ્યાણ શાખા દ્વારા વ્યકિતલક્ષી યોજનાઓમાં ડૉ.આંબેડકર આવાસ યોજના અન્વયે રૂા.૧૮ લાખના ખર્ચે ૪૦ આવાસ માટે પ્રથમ હપતો, ૩૨ આવાસ માટે રૂા.૧૯.૨ લાખનો બીજો હપતો, કુંવરબાઇનું મામેરું સહાય યોજના અન્વયે ૪૯ લાભાર્થીઓને રૂા.૪.૯૮ લાખની સહાય, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના અન્વયે ૮૦ લાભાર્થીઓને રૂા. ૪ લાખની સહાય, ૨૬૩૦ લાભાર્થીઓને રૂા.૬૯.૯૧ લાખની શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તથા ૧૫૮ લાભાર્થીઓને જાતિના દાખલાઓ









આપવામાં આવેલા છે.

- રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ ચાલુ વર્ષે જિલ્લામાં ૧૨૧૬ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. ચાલુ વર્ષે રૂા.૮.૫ કરોડ ઉપરાંતના ખર્ચે ૧૦૬ નવીન ઓરડા અને રૂા.૧.૩૯ કરોડના ખર્ચે પ્રાથમિક શાળાઓમાં ૧૩૩ ટોઈલેટ બ્લોક બનાવવામાં આવ્યા છે.
- ખેડા જિલ્લામાં ગત વર્ષે પેટા પ્રાદેશિક રોજગાર કચેરી દ્વારા ૭૮ જેટલા ઔદ્યોગિક ભરતી મેળાઓ ઓનલાઈન યોજીને ૧૫૬૮ રોજગારવાંછુઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે. ૧૬ જેટલી સ્વરોજગાર શિબિરોનું ઓનલાઈન આયોજન કરી ૧૨૮૧ જેટલા રોજગારવાંછુઓની લોન માટે ભલામણ કરવામાં આવી છે. રોજગાર કચેરી દ્વારા યોજાતા લશ્કરી ભરતી મેળાની તા.૧૭/૭/૨૦૨૧ થી તા.૧૫/૮/૨૦૨૧ દરમ્યાન યોજાયેલ તાલીમ વર્ગમાં ૩૨ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી છે.
- ખેડા જિલ્લાના ખેડૂતો પરંપરાગત ખેતીને બદલે ફળ-ફૂલ-શાકભાજી-મસાલા પાકોની ખેતી તરફ વળે તે માટે બાગાયત વિભાગ દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા વિવિધ ઘટકોમાં ૩૦૫૭ લાભાર્થીઓને રૂા. ૭૨૨.૯૭ લાખની સહાય ચૂકવવામાં આવી છે.
- ખેડા જિલ્લામાં ફળ-શાકભાજી-ફૂલ અને મસાલા પાકનું ૫૪,૫૭૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું છે અને કુલ ૯૯૩૯૧૦.૮૬ મેટ્રિક ટન ઉત્પાદન થયું છે.
- ખેડા જિલ્લામાં માર્ગ મકાન (રાજ્ય) વિભાગ દ્વારા પુલો, નવીન રસ્તાઓ, હયાત રસ્તાઓને પહોળા કરવા, રસ્તાઓની મરામતનાં કુલ ૪૫ કામો હાથ ધરવામાં આવ્યાં છે. માર્ગ મકાન પંચાયત વિભાગ દ્વારા જિલ્લામાં રસ્તા, પુલો અને સરકારી ભવનો બનાવવા કુલ ૩૩૭ કામો હાથ ધરવામાં આવ્યાં હતાં. જે પૈકી રૂા.૧૭ કરોડના ખર્ચે ૯૨ કામો પૂર્ણ થયા છે જયારે ૧૭૯ કામો પ્રગતિ હેઠળ છે. જિલ્લામાં ગત વર્ષે રસ્તા પર કોઝ-વે, બ્રિજ તેમજ રસ્તાના રૂા.૨૨ કરોડનાં છ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં. જે પૈકી ત્રણ કામો પૂર્ણ થયાં છે. દાંડીયાત્રા માર્ગનું પણ રિનોવેશન કરવામાં આવ્યું છે. તેમજ તાજેતરમાં ચોમાસાની ઋતુ દરમયાન તૂટેલા રસ્તાઓનું મરામતનું કામ પણ કરવામાં આવ્યું છે.
- ખેડા જિલ્લાના કપડવંજ તથા કઠલાલ તાલુકાના પૂર્વ દિશાનાં ૧૯ ગામો અને ૧૧૬ પરાઓમાં ભૂતળનાં પાણી નીચાં જતાં આ ગામોમાં પીવાના પાણીની સમસ્યા નિવારવા નર્મદા કેનાલ આધારિત રૂા.૨૬૨૬.૨૫ લાખની ફાગવેલ જૂથ પાણી પુરવઠા યોજના ચાલુ વર્ષે ઉનાળામાં કાર્યરત કરવામાં આવી છે. જેથી કઠલાલ-કપવંડજ તાલુકાના પૂર્વગાળાનાં ગામોની પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે. ખેડા જિલ્લાના ડાકોર, ઠાસરા, મહેમદાવાદ, કઠલાલ, કણજરી, ચકલાસી, કપડવંજ, મહુધા અને ખેડા સહિત નવ શહેરોની ભૂગર્ભ ગટર યોજનાનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.
- જિલ્લામાં વિકાસ કમિશનરશ્રી દ્વારા પંચાયત ઘર તલાટી કમ મંત્રીના મકાન માટે રૂા.૨૦૫ લાખની ગ્રાન્ટ માંથી ૧૧૧ મકાનોનું કામ કરવામાં આવનાર છે. તે પૈકી ૪૧ મકાનોનું કામ પૂર્ણ થયા છે. જયારે ફ્રિ પ્લોટ એલોટમેન્ટ માટે ૩૪૦ અરજીઓ મળ્યા છે તે પૈકી ૨૪૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તે પૈકી ૧૨૧ અરજીઓને પ્લોટની ફાળવણી કરવામાં આવી છે.
- ખેડા જિલ્લામાં વિવિધ યોજનાઓ અન્વયે યોજવામાં આવેલી સ્પર્ધાઓમાં જિલ્લાના અનેક રમતવીરોએ તથા કલાકારોએ ભાગ લઈ ઉપરાંત કલાકારોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાએ વિજેતા થયેલા સ્પર્ધકો રાજયકક્ષાએ ભાગ લેશે. ●

## સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે થયેલા નુકસાન માટે

# રૂ. ૫૪૬ કરોડનું આર્થિક સહાય પેકેજ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ એક મહિનામાં અનેક લોકાભિમુખ નિર્ણય રાજ્ય સરકારે લીધા છે ત્યારે વધુ એક કૃષિ હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ગત સપ્ટેમ્બરમાં થયેલા ભારે વરસાદથી ખેતીવાડીને થયેલા નુકસાનમાં ખેડૂતોને મદદ કરવા રાજ્ય સરકારે રૂ.546 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે.

રાજ્ય સરકાર હંમેશાં ખેડૂતોને પડખે રહી છે. સપ્ટેમ્બરમાં થયેલા ભારે વરસાદથી ખેતીવાડી ક્ષેત્રે નુકસાન થયું હતું. આ અંગે રાજ્ય સરકારે રાહત પેકેજ જાહેર કર્યું છે. આ અંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભારે વરસાદથી તારાજીગ્રસ્ત તેવા જામનગર, રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ૨૨ તાલુકામાં સમાવિષ્ટ ૬૬૨ ગામોને આ સહાય-રાહત પેકેજમાં આવરી લેવામાં આવ્યાં છે. આ રાહત સહાય પેકેજનો લાભ ૨.૮૨ લાખ અસરગ્રસ્ત ખેડૂતોને મળશે.

શ્રી વાઘાણીએ વધુમાં ઉમેર્યુ કે, સપ્ટેમ્બર મહિના બાદ પડેલા વરસાદમાં અન્ય વિસ્તારમાં જ્યાં નુકસાન થયું છે તેવા જિલ્લાઓને પણ આ સહાય પેકેજ માં આવરી લેવામાં આવશે. હાલ અમદાવાદ, બોટાદ, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર અને છોટાઉદેપુર જિલ્લામાં પણ નુકસાન અંગેના સર્વેની કામગીરી ચાલી રહી છે. તે ઉપરાંત પંચમહાલ અને ભરૂચ જિલ્લામાં પણ નુકસાન થયું હોવાની વિગતો મળતા આ કિસ્સાઓમાં સહાનુભૂતિ દાખવી આ જિલ્લાઓમાં પણ સર્વે કરાશે. એટલું જ નહીં ખેડૂતોએ આ ઓનલાઈન અરજી કરવા માટે રૂ.૧૫ ફી ચૂકવવી ન પડે તે માટે અરજી કરવાનો ખર્ચ પણ ખેડૂતો તરફથી રાજ્ય સરકાર ચૂકવશે. તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ કૃષિ રાહત પેકેજમાં અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોના પાક-નુકસાનને ધ્યાને રાખીને ઉદારતમ ધોરણે સહાય આપવાનો અભિગમ અપનાવ્યો છે.





જામનગર, રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓમાં સપ્ટેમ્બર-૨૦૨૧માં થયેલા ભારે વરસાદના કારણે જે પરિસ્થિતિ ઉદ્ભવી હતી તેને ધ્યાને લઈને આ નુકસાનગ્રસ્ત વિસ્તારોના ગામોના ખેડૂતોને આ રાહત પેકેજનો લાભ મળશે.

આવા અસરગ્રસ્ત ગામોના જે ખેડૂતોના પાકને ૩૩(તેત્રીસ) ટકા કે તેથી વધુ નુકસાની હોય તેવા ખેડૂતોને વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ. ૧૩,૦૦૦ સહાય ચૂકવાશે. આ સહાયમાં એસ.ડી.આર.એફ. (SDRF)ના ધોરણો મુજબ એસ.ડી.આર.એફ.ની જોગવાઈમાંથી બિનપિયત પાક તરીકે વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં હેક્ટરદીઠ રૂ. ૬,૮૦૦ અપાશે. બાકીની તફાવતની હેક્ટર દીઠ રૂ. ૬,૨૦૦ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં રાજ્યના બજેટમાંથી અપાશે.જો જમીનધારકતા આધારે એસ.ડી.આર.એફ.(SDRF)ના ધોરણો મુજબ રૂ. પાંચ હજાર કરતાં ઓછી રકમ સહાય ચૂકવવાપાત્ર હોય તો પણ ખાતાદીઠ રૂ. ૫(પાંચ) હજાર ઓછામાં ઓછા ચૂકવાશે અને તેમાં પણ તફાવતની રકમ રાજ્યના બજેટમાંથી ચૂકવવામાં આવશે.

શ્રી વાઘાણીએ કહ્યું હતું કે, આ રાહત સહાય પેકેજનો લાભ મેળવવા માટે તારીખ ૨૫(પચ્ચીસ)ઓક્ટોબરથી ૨૦(વીસ) નવેમ્બર સુધી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. જો કે આવી અરજી કરવાની કોઈ ફી ખેડૂતોએ ચૂકવવાની રહેશે નહીં.

મંત્રી શ્રી વાઘાણી ઉમેર્યું કે કોરોનાથી દેશભરના નાગરિકોને સુરક્ષિત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌથી મોટા રસીકરણ અભિયાનનો શુભારંભ કર્યો હતો, જે આગામી બે દિવસમાં ૧૦૦ કરોડ ડોઝ સુધી પહોંચશે એ આપણા માટે ગૌરવરૂપ છે. ગુજરાતમાં પણ મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સરાહનીય કામગીરી થઈ રહી છે. આ માટે આરોગ્ય કર્મીઓને પ્રોત્સાહિત કરાશે અને રસીકરણ માટે લોકજાગૃતિ કેળવાય તે આશયથી વિવિધ જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે. ગુજરાત પ્રતિ મિલિયન રસીકરણ ક્ષેત્રે દેશભરમાં પ્રથમ રાજ્ય બન્યું છે. રાજ્યના ૪૯ ટકા લોકોને બંને ડોઝ રસીના મળી ગયા છે અને જે લોકો બાકી છે તેમનું ટ્રેસિંગ કરીને સો ટકા રસીકરણ

પૂર્ણ કરવાના આશય સાથે રસીકરણ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્યના નાગરિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ સહિત મહત્ત્વના દસ્તાવેજો ઘરઆંગણે પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકારે સેવા સેતુ કાર્યક્રમના નવતર અભિગમ હાથ ધર્યો છે જેને વ્યાપક જનપ્રતિસદ મળી રહ્યો છે. સેવા સેતુ કાર્યક્રમની સાતમી શૃંખલા રાજ્યભરમાં શરૂ થઇ છે. આ કાર્યક્રમમાં ૧૩ વિવિધ વિભાગોની ૫૬થી વધુ સેવાઓના લાભો કાર્યક્રમના સ્થળે પૂરા પડાઇ રહી છે.

મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ભારે વરસાદને કારણે માર્ગોને જે નુકસાન થયું છે તે પૂર્વવત્ કરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરાઈ રહી છે. આ કામો પણ દિવાળી પહેલાં સત્વરે પૂર્ણ કરવાનું અમારું આયોજન છે, એટલું જ નહીં વિકાસની પ્રક્રિયા અવિરતપણે ચાલુ રહે એ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેંદ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ અમારી સરકારે સઘન આયોજન કર્યું છે. જે કામો પૂર્ણ થઇ ગયાં છે આગામી સમયમાં તેના ઉદ્ઘાટન તથા નવા કામોનાં ખાતમુહૂર્ત કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે રાજ્યમાં ઉદ્યોગોને લગતા પ્રશ્નોનો સત્વરે ઉકેલ આવે એ દિશામાં પણ રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે આજે કેબિનેટમાં જી.આઇ.ડી.સી.ના પ્રશ્નોના સત્વરે ઉકેલ માટે મુખ્યમંત્રીશ્રીએ સંબંધિતોને સૂચનાઓ આપી છે. જેમાં મુખ્યત્વે ખાણ ખનીજ વિભાગને લગતા પ્રશ્નોમાં પણ વધુ પારદર્શિતા સાથે ઝડપ આવે એ દિશામાં સત્વરે કામ કરવા પણ સૂચનાઓ આપી છે.

તેમણે ઉમેર્યું કે ખેડૂતોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે રાજ્ય સરકાર દ્વારા ઝીરો ટકા વ્યાજે લોન આપવામાં આવે છે જે અંતર્ગત આ કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નાણા વિભાગના સહયોગથી રૂ. ૫૦૦ કરોડનું રિવોલ્વિંગ ફંડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ઉત્તરાખંડમાં પ્રવાસે ગયેલા રાજ્યના તમામ નાગરિકો સલામત છે અને ગુજરાત સરકાર ત્યાંની સરકાર સાથે સતત સંપર્કમાં છે. તે પ્રવાસીઓને પરત લાવવા માટે તમામ પ્રકારની સુવિધાઓ રાજ્ય સરકાર પૂરી પાડશે એટલે નાગરિકોએ સહેજ પણ ચિંતા કરવાની કે ગભરાવાની જરૂર નથી.

મંત્રી શ્રી ત્રિવેદીએ ઉમેર્યું હતું કે, મહેસૂલી પ્રશ્નોના સત્વરે નિકાલ થકી નાગરિકોને મહેસૂલી સેવાઓ ઝડપી અને પારદર્શકતાથી મળે એ માટે આવતીકાલે તમામ જિલ્લા કલેકટરશ્રી અને પ્રાંત અધિકારીશ્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી

- ***ભારે વરસાદથી નુકસાન થયેલા બાકી રહી ગયેલા જિલ્લાઓના સરવેની કામગીરી પ્રગતિમાં : સરવે બાદ સહાય ચૂકવાશે.***
- ***ઉદ્યોગોના પ્રશ્નોનો સત્વરે નિકાલ કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ આપી સૂચના : જી.આઇ.ડી.સીને લગતા પ્રશ્નો અને ખાણ ખનીજ વિભાગના પ્રશ્નોને અગ્રતા અપાશે.***
- ***કોરોના વૅકિસનેશન માટે જનજાગૃતિ કેળવી રાજ્યમાં બાકી રહી ગયેલા નાગરિકોનું ટ્રેસિંગ કરીને રસી આપવા ખાસ ઝુંબેશ હાથ ધરાશે.***
- ***ખેડૂતોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે રાજ્ય સરકાર દ્વારા ઝીરો ટકા વ્યાજે લોન આપવા અંતર્ગત રૂ. ૫૦૦ કરોડનું રિવોલ્વિંગ ફંડ આપવાનો નિર્ણય.***

***:: મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી ::***

- ***મહેસૂલી સેવાઓને વધુ પારદર્શી બનાવવા માટે રાજ્ય કક્ષાની કમિટીની રચના: આ કમિટી કલેકટર કચેરી ખાતે ઓચિંતી મુલાકાત કરી ચકાસણી કરશે.***
- ***અમારી પારદર્શી સરકાર ક્યાંય પણ ખોટું ચલાવી લેશે નહીં : ક્યાંય પણ ખોટું થતું હોય તો ખૂફિયા વીડિયો ઉતારી તંત્રને જાણ કરવા અપીલ.***

સમીક્ષા બેઠક યોજાશે. જેમાં પડતર કેસોની સમીક્ષા સાથે સત્વરે નિકાલ થાય તે માટે સૂચનાઓ અપાશે.

તેમણે ઉમેર્યું કે સ્થાનિક કક્ષાએ કલેકટરશ્રીઓની કામગીરીની ઓચિંતી તપાસ કરવા માટે અત્રેથી એક ટીમ બનાવવામાં આવશે જે કોઈપણ જિલ્લામાં જઈને આકસ્મિક તપાસ કરશે. આ ટીમો આકસ્મિક તપાસ કરીને જિલ્લાના કેટલા કેસો પડતર છે અને કયા સુધીમાં તેનો નિકાલ થશે તે સહિતની ચકાસણી હાથ ધરશે.

તેમણે કહ્યું કે મહેસૂલી સેવાઓમાં જે ફરિયાદો અત્રે મળે છે એનો ત્વરિત નિકાલ થાય અને લોકોને ઝડપથી સેવાઓ મળી રહે એ માટે સરકાર સંનિષ્ઠ પ્રયાસો કરશે. તેમાં જે અધિકારી-કર્મચારીઓ હશે અને એમના કારણે કોઇ ક્ષતિ જણાતી હશે તો તેમની સામે પણ વિભાગીય પગલાં લેવાશે.

તેમણે રાજ્યના નાગરિકોને અપીલ કરતા કહ્યું કે રાજ્ય સરકાર પારદર્શી વહીવટમાં માને છે જ્યારે પણ ખોટું થતું હોય કે પછી જનસેવા માટે લાંચ સ્વરૂપે નાણાં લેવાતાં હોય તો તે અંગે પ્રક્રિયાનો વીડિયો ઉતારીને અત્રેની કચેરી કે મારા કાર્યાલય ખાતે મોકલવામાં આવે. જેથી કરીને તુરંત કાર્યવાહી કરી શકાય. ●

# એક તબીબ... જે વતનપરસ્ત જવાનોની સેવાને પોતાનો ધર્મ સમજે છે





✎ હિમાંશુ ઉપાધ્યાય

'અમારો મૂળ મંત્ર જ દેશની સુરક્ષાનો છે અને તેના ભાગરૂપે અમે દેશની સરહદો પર સેવા બજાવતા રહીએ છીએ અમે અનેક સરહદો પર ફરજ બજાવી છે, પરંતુ ગુજરાતની વાત જ કંઈક અલગ છે... ગુજરાતીઓના ખમીર સાથે તેમનો સેવા ગુણ એટલો સંમિલિત છે કે તેમની ખમીરી ઊંચે આસમાન સુધી પહોંચી જાય છે... અને એમાં પણ 'શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ'ના ડૉ. પ્રકાશ કુરમિ જેવા વ્યવસાયે તબીબ એવા વ્યક્તિ દેશની રક્ષા કરતા અમારા જવાનોની સ્વાસ્થ્ય સુરક્ષા કરે છે ત્યારે તેમને સલામ કરવી પડે...'

પાકિસ્તાનની ગુજરાત સરહદ પર ફરજ બજાવતા વિવિધ બટાલિયન પૈકીની એક બટાલિયનના કેપ્ટન શ્રી સુજિતકુમારના આ શબ્દો ઘણું બધુ કહી જાય છે. તેઓ કહે છે કે, 'દર શનિ-રવિ ટ્રસ્ટના તબીબો અમારી સરહદે અથવા તો અન્ય સરહદે જઈને જવાનોના સ્વાસ્થ્યને ચકાસણી કરે, તેમનું નિદાન કરે અને જરૂરી દવાઓ પણ આપે તે ખરેખર પ્રશંસનીય કામ છે..' એમ તેઓ ઉમેરે છે...

અમદાવાદના જશોદાનગર વિસ્તારમાં આવેલી શિવમ હોસ્પિટલ એ ગરીબો માટે હોસ્પિટલ કરતા સેવા કેન્દ્ર તરીકે ગણી શકાય તેવી પ્રવૃત્તિ કરે છે. વર્ષ ૨૦૦૭માં શરુ થયેલું 'શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ' શરુઆતમાં આરોગ્ય, શિક્ષણ અને સામાજિક કામગીરી કરતુ, પ્રાથમિક તબક્કામાં ૧૦ શાળાઓને દત્તક લઈને ૨૫૦૦ બાળકોને શિક્ષણ સાથે આરોગ્ય વિષયક સેવાની શરૂઆત કરી. હારીજ તાલુકામાં આ શાળાઓના વિદ્યાર્થીઓને અનેક રીતે પ્રોત્સાહન આપ્યું. હારીજ તાલુકાના માસા ગામમાં એક સમયે માત્ર ૫-૧૦ દીકરીઓ શાળાએ જતી હતી પણ તેમના પ્રયાસોથી આજે ૧૨૫થી વધુ દીકરીઓ હોંશે હોંશે શાળાએ જતી થઈ છે. ડો. પ્રકાશ કુરમિ કહે છે કે, ' દીકરીઓને ભણાવવા રાજ્ય સરકારે કમર કસી છે, આ આવકારદાયક અભિગમને આગળ વધારવા અમારુ ટ્રસ્ટ પણ બનતા પ્રયાસ કરે છે. અને અમને તેમાં પણ સફળતા પણ મળી છે...'

આ કામ કરવાની પ્રેરણા ક્યાંથી મળી તેવી પૃચ્છતા કરતા પ્રકાશભાઈ કહે છે કે, 'મારા પિતા હંમેશા કહેતા કે, કમાણીની ૧૦% જેટલી રકમ સેવાકીય પ્રવૃત્તિઓમાં વાપરવી જોઈએ, મેં તેને જીવનમંત્ર બનાવ્યો અને સાથે સાથ રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને મેં સરહદ પર ફરજરત જવાનોની સેવા કરવાનું મન બનાવ્યું...અમે એક સપ્તાહના અંતિમ દિવસોમાં એક પોસ્ટ પર જઈ જવાનોનું હેલ્થ ચેક-અપ કરીએ છીએ. ત્યાં તેમના તમામ ટેસ્ટ કરીએ છીએ, તેના માટે અમે 2-ડી ઈકો, સોનોગ્રાફી મશીન સાથે લઈ જઈએ છીએ. જેથી સ્થળ પર જરૂરી ટેસ્ટ થઈ શકે...પરિવારથી દૂર રહેતા જવાનોને નાની તકલીફ પણ મોટી પીડા આપતી હોય છે, ત્યારે અમારા તબીબો અને અન્ય સ્ટાફ સરહદ પર તેમની સાથે હળીમળીને વાત કરે છે ત્યારે જ તેમની અડધી પીડા દૂર થઈ જાય છે... તેમના ટેસ્ટના આધારે બીજા સપ્તાહે તેમને જરૂરી દવાઓ તથા સારવાર પણ અપાય છે. આ માટે તબીબોની આખી ટીમ કાર્યરત છે...' એમ તેઓ ઉમેરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં આ ટ્રસ્ટ દ્વારા ૧૦,૦૦૦થી વધુ જવાનોનું હેલ્થ ચેકઅપ કરાયું છે.

સરહદની ચેકપોસ્ટ પર અમે આરોગ્ય કેમ્પની સાથે વૃક્ષારોપણ કરવાનું નક્કી કર્યું છે. નડાબેટ પોસ્ટ પર અમે ૫,૦૦૦ વૃક્ષો વાવવાનું નક્કી કર્યું છે.. સરહદ પર મુખ્ય પોસ્ટ પછીની પોસ્ટ પર જ્યાં વીજળી પહોંચી નથી ત્યાં અમે ટ્રસ્ટ તરફથી સોલાર પેનલ મૂકવાનું નક્કી કર્યુ છે અને એ દિશામાં કામ પણ આગળ વધાર્યું છે.


ડૉ.કુરમિએ વધુમાં જણાવ્યું હતું કે, 'હમણાં BSFના સાયકલવીર જવાનોની એક યાત્રા જમ્મુ કાશ્મીરથી નીકળી દાંડી ગઈ હતી. આ યાત્રા મહેસાણા-કલોલ આવી પહોંચી ત્યાંથી શરુ થઈ અમદાવાદ આવી અને અમદાવાદથી આગળ વધી તે દરમ્યાન બે દિવસ માટે અમદાવાદ રોકાઈ હતી. તે દરમિયાન તેનું યજમાનપદ મને મળ્યું. આ તક મળી તે બદલ હું ખુદને ભાગ્યશાળી માનું છું...' એમ તેઓ કહે છે..

સલામ છે આવા તબીબને... ●

સમગ્ર રાજ્યમાં

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** દ્વારા

**ન્યૂમોનિયા તેમજ મગજના તાવથી બચાવતી**



# ન્યૂમોકોકલ કૉન્જુગેટ વેક્સિન (પી.સી.વી.)નો સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ






ભારત સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં તા. ૨૦ ઓક્ટોબર ૨૦૨૧થી વિનામૂલ્યે સમાવેશ થયેલ **ન્યૂમોકોકલ કૉન્જુગેટ વેક્સિન (પી.સી.વી.)** તમારા બાળકને ન્યૂમોનિયા તેમજ મગજના તાવથી રક્ષણ આપશે

**વિનામૂલ્યે**

| પ્રથમ ડોઝ | બીજો ડોઝ | બૂસ્ટર ડોઝ |
|---|---|---|
| ૬ અઠવાડિયા બાદ | ૧૪ અઠવાડિયા બાદ | ૯ મહિના બાદ |

## સંપૂર્ણ રસીકરણ તમારા બાળકને ગંભીર બીમારીથી બચાવશે



સમજદારી દાખવો

તમારા બાળકનું સંપૂર્ણ રસીકરણ કરાવો

ટી.બી, પોલિયો, ડિપ્થેરીયા, હેપેટાઈટીસ બી, પરટ્યુસિસ, ટેટનસ, હીબ-ન્યૂમોનિયા અને મેનિન્જાઈટિસ, મિઝલ્સ રૂબેલા, રોટા વાઈરસ (ઝાડા)

**વધુ માહિતી માટે નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર/મમતા દિવસ કેન્દ્ર, આંગણવાડીની મુલાકાત લો**

કોવિડ રાષ્ટ્રીય સહાયતા નંબર-૧૦૭૫ (ટોલ ફ્રી) | કોવિડ રાજ્ય સહાયતા નંબર-૦૭૯૨૩૨૫૦૮૧૮

# દીપાવલી અને નૂતન વર્ષની શુભકામનાઓ...



**Published on Date 1-11-2021**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**80 + 4 Cover = Total 84 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦